TUESDAY
૦૮-૧૨-૨૦૨૦
વિ.સં. ૨૦૭૭, કારતક વદ ૮
અંક : ૫૪
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

ચક્રવાત હવે આંગળીના ટેરવે
વ્હોટ્સએપમાં ચક્રવાતની PDF મેળવવા કે કોઇ પણ ઘટના વિશે જાણકારી આપવા માટે ફક્ત એક મેસેજ કરો
૯૪૯૯૭૧૦૨૧૦

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ભાજપ સિવાયના તમામ પક્ષો બંધના સમર્થનમાં મેદાનમાં ઉતરશે : આજે જડબેસલાક ભારત બંધ

# (કિસાન)તુમ આંદોલન કરો, (દેશ)હમ તુમ્હારે સાથ હૈ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૭

કૃષિ કાનૂન વિરૂદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતોએ આવતીકાલે આપેલા ભારત બંધને કોંગ્રેસ, ડીએમકે, આપ, બસપા અને ટીઆરએસ દ્વારા પણ સમર્થન આપવાનું એલાન કરવામાં આવ્યુ છે. અત્યાર સુધીમાં ૧૧થી વધુ વિપક્ષો અને ૧૦ ટ્રેડ યુનિયનોએ ભારત બંધનું સમર્થન કર્યુ છે.

ખેડૂતોના ભારત બંધને કોંગ્રેસે સંપૂર્ણ સમર્થનની ઘોષણા કરી છે. ખેડૂતોની માંગના સમર્થનમાં ૮ ડિસેમ્બરે કોંગ્રેસ તમામ રાજ્ય મુખ્યાલય અને જિલ્લા કાર્યાલયો પર પ્રદર્શન કરશે. કોંગ્રેસ કૃષિ કાનૂનનો પ્રસ્તાવ લવાયો ત્યારથી જ તેનો વિરોધ કરી રહી છે. રાહુલ ગાંધીએ કાનૂન લાગૂ થયા બાદ પંજાબમાં ખેડૂતોની એક વિશાળ રેલીને સંબોધિત કરી હતી.

ખેડૂતોની માંગના સમર્થનમાં ખુલ્લીને સામે આવી રહેલ આમ આદમી પાર્ટી નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બંધને સમર્થન આપ્યું છે. આપ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય સિંહે કહ્યું કે પાર્ટીએ સંસદથી લઈ સડક સુધી તમામ નેતાઓ અને કાર્યકર્તાઓને ખેડૂતોનું સમર્થન કરવાની ઘોષણા કરી છે. ખેડૂતો દિલ્હી પહોંચવા પર જ્યારે દિલ્હી પોલીસે સ્ટેડિયમને જેલ બનાવવા માટે મંજૂરી માંગી હતી તો દિલ્હી સરકારે તે ફગાવી દીધી હતી.

તેલંગાણાના મુખ્યમંત્રી અને તેલંગાણા રાષ્ટ્ર સમિતિના નેતા કે ચંદ્રશેખર રાવે પણ ખેડૂતોના ભારત બંધને પોતાનું સમર્થન આપ્યું છે. કેસીઆરે પાર્ટી કાર્યકર્તાઓને ભારત બંધને સફળ બનાવવામાં સહયોગ કરવાની અપીલ કરી છે.



બંધનું સીપીએમ, સીપીઆઈ, સીપીઆઈ-એમએલ, રિવૉલ્યૂશનરી સોશિયાલિસ્ટ પાર્ટી અને ઑલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોક સહિત તમામ વામ દળોએ પોતાનું સમર્થન આપ્યું છે. વામદળો તરફથી જાહેર કરાયેલ સંયુક્ત નિવેદનમાં ખેડૂતોની માંગના સમર્થન અને આ કાનૂન પરત લેવા માટે ભારત બંધનું સમર્થન કરવાની વાત કહી છે. ખેડૂતોના ભારત બંધના આહ્વાનને તૃણમૂલ કોંગ્રેસે પણ સમર્થન આપ્યું છે. રાજનૈતિક પાર્ટીઓની સાથે જ કેડૂતોના પ્રસ્તાવિત ભારત બંધના ટ્રેડ યૂનિયનોએ પણ પોતાનું સમર્થન આપ્યું છે. ઈન્ડિયન નેશનલ ટ્રેડ યૂનિયન કોંગ્રેસ, ઑલ ઈન્ડિયા ટ્રેડ યૂનિયન કોંગ્રેસ, હિંદ મજૂર સભા, સેંટર ફોર ઈન્ડિયન ટ્રેડ યૂનિયંસ, ઑલ ઈન્ડિયા ટ્રેડ ઈન્ડિયન સેંટર અને ટ્રેડ યૂનિયનને કો-ઓર્ડિનેશન સેંટરે બંધનુ સમર્થનની ઘોષણા કરી છે.

ભાજપના સહયોગી રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીએ પણ ભારતનું સમર્થન કર્યું છે. પાર્ટી નેતા અને સાંસદ હનુમાન બેનીવાલે કહ્યું કે પીએમ મોદીને કૃષિ કાનૂન પરત લેવું જોઈએ. એનડીએમાં રહેવું કે નહિ તેનો અમે ૮ ડિસેમ્બર બાદ ફેસલો લેશું.

ખેડૂતોએ પણ હવે સરકારને અલ્ટીમેટમ આપી દીધુ છે કે જ્યાં સુધી નવા ૩ કૃષિ કાયદા પાછા નહીં ખેંચાય ત્યાં સુધી તેમનું આંદોલન ખતમ નહીં થાય. કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતો દિલ્હીની સરહદો પર ડટેલા છે. દિલ્હીની સિંઘુ બોર્ડર પર રવિવારે ખેડૂત સંગઠનોની મહત્વની પ્રેસ કોન્ફરન્સ થઈ. જેમાં તેમણે આ સંદેશ આપ્યો. સંગઠનોએ ખેડૂતોને દિલ્હી કૂચ કરવાની અપીલ પણ કરી છે.

### RSS સંચાલિત ભારતીય કિસાન સંઘ બંધમાં નહી જોડાય

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાવિરુદ્ધ અનેક ખેડૂતસંગઠનોએ કાલે ભારત બંધનું આહ્વાન કર્યું છે. પરંતુ આરએસએસ સાથે જોડાયેલા ભારતીય કિસાન સંઘે તેનાથી અંતર જાળવ્યું છે. ભારતીય કિસાન સંઘે કહ્યું કે જ્યારે બંને પક્ષો ૯ ડિસેમ્બરના રોજ ફરીથી વાતચીત માટે સહમત થયા છે તો પછી ૮ ડિસેમ્બરના રોજ ભારત બંધનું આહ્વાન યોગ્ય નથી. ભારતીય કિસાન સંઘે પોતાના નિવેદનમાં કહ્યું છે કે અત્યાર સુધી તો કિસાન આંદોલન અનુશાસિત રીતે ચાલ્યું છે, પરંતુ તાજા ઘટનાક્રમોને ધ્યાનમાં લેતા એ કહેવું જરાય ખોટું નહીં હોય કે વિદેશી તાકાતો, રાષ્ટ્રદ્રોહી તત્વ અને કેટલાક રાજકીય પક્ષોનો પ્રયાસ ખેડૂત આંદોલનને અરાજકતા તરફ વાળવાનો પ્રયત્ન છે.

### ત્રણ કાશ્મીરી અને બે પંજાબી આતંકવાદીઓ હોવાનું ખુલાસો : હથિયાર અને ડોક્યુમેન્ટ્સ જપ્ત, આપત્તિજનક સામગ્રી મળતા ખળભળાટ

# દિલ્હી એન્કાઉન્ટર : પાંચ આતંકવાદીઓ ઝબ્બે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૭

દિલ્હી પોલીસે ૫ શંકાસ્પદ આતંકવાદીને ઝડપી લીધા છે, જેમાંથી ૨ પંજાબના અને ૩ કાશ્મીરના છે. શકરપુર વિસ્તારમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. આ પહેલાં એન્કાઉન્ટર પણ થયું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે, આ કોઈ આંતકી સંગઠન સાથે જોડાયેલા છે, પણ હાલ એની જાણ થઈ શકી નથી, પરંતુ આ જૈંના નાર્કો ટેરરિઝમ નેટવર્ક સાથે જોડાયેલા છે. તેમનાં નામ શબ્બીર અહમ, અયુબ પઠાન, રિયાઝ રાઠર, ગુરજિત સિંહ અને સુખદીપ સિંહ છે, જેમાંથી એક પંજાબના શૌર્ય ચક્ર વિજેતા એક્ટિવિસ્ટ હલવિંદરની હત્યામાં પણ સામેલ હતો. મળતી માહિતી પ્રમાણે, જમ્મુ-કાશ્મીરના નંબરવાળી સફેદ રંગની ગાડીમાં સવાર શંકાસ્પદોને પોલીસે અટકાવવાનો પ્રયાસ કર્યો તો તેમણે ફાયરિંગ શરૂ કરી દીધું. જે ગાડીમાં આ શંકાસ્પદ સવાર હતા એનો નંબર જેકે ૦૪બી ૮૧૭૩ છે. પોલીસે જણાવ્યું હતુ કે, ઝડપાયેલા એક




શંકાસ્પદનો હાથ પંજાબમાં શૌર્ય ચક્ર વિજેતા એક્ટિવિસ્ટ બલવિંદર સિંહની હત્યામાં હોવાની શંકા છે. આતંકીઓએ ૧૭ ઓક્ટોબરે એક્ટિવિસ્ટ બલવિંદરની હત્યા કરી નાખી હતી. બલવિંદર સિંહે પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદના સમયમાં બહાદુરીથી આતંકીઓનો મુકાબલો કર્યો હતો. તેમની પર ૪૨ વખત હુમલા થયા હતા. એને કારણે તેમના પરિવાર સહિતને શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શકરપુર પૂર્વ દિલ્હીનો વિસ્તાર છે. આ લક્ષ્મીનગર અને મયૂર વિહાર વચ્ચે આવે છે. શકરપુરમાં કરવામાં આવેલી કાર્યવાહી સાથે જ પોલીસે આખાય શહેરમાં સુરક્ષા વધારી દીધી છે. આ પહેલાં નવેમ્બરમાં પણ દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે જૈશ-એ-મોહમ્મદના ૨ શંકાસ્પદ આતંકીને સરાય કાલે ખાંની પાસેથી ઝડપ્યા હતા.

# છેલ્લા ૧૮ દિવસ અને સતત પેટ્રોલ-ડિઝલના ભાવમાં સતત વધારો : બંન્ને ૮૦ની સપાટીને પાર

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૭

જાહેર ક્ષેત્રની ઓઈલ કંપનીઓએ છેલ્લા ૧૮ દિવસમાં, એટલે કે ૨૦ નવેમ્બરથી ૭ ડિસેમ્બર સુધીમાં ૧૫ વખત પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. ૧૫ વખત કરવામાં આવેલા આ ભાવવધારાને લીધે ડીઝલ રૂપિયા ૩.૪૧ અને પેટ્રોલ આશરે રૂપિયા ૨.૫૫ સુધી મોંઘાં થયાં છે. ડિસેમ્બર મહિનામાં અત્યારસુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુક્રમે ૬ વખત વધારો થયો છે. એને પગલે ડિસેમ્બર મહિનામાં પેટ્રોલ રૂપિયા ૧.૩૭ અને ડીઝલ રૂપિયા ૧.૪૫ મોંઘાં થયાં છે. ગુજરાતની વાત કરીએ તો છેલ્લા ૧૪ દિવસમાં પેટ્રોલનો ભાવ લિટરદીઠ રૂપિયા ૩.૬૦ વધી રૂપિયા ૮૧.૧૬ અને ડીઝલનો ભાવ લિટરદીઠ રૂપિયા ૨.૭૧ વધી રૂપિયા ૭૯.૬૦ થયો છે. દિલ્હીમાં ૮ વર્ષ અગાઉ એટલે કે જૂન ૨૦૧૨માં લિટરદીઠ પેટ્રોલનો ભાવ રૂપિયા ૭૧ અને ડીઝલનો ભાવ રૂપિયા ૪૧ હતો, એટલે કે પેટ્રોલની તુલનામાં ડીઝલ રૂપિયા ૩૦ સસ્તું હતું, જ્યારે મુંબઈમાં જૂન,૨૦૧૨માં આ તફાવત રૂપિયા ૩૨ હતો. એ સમયે પેટ્રોલ રૂપિયા ૭૬ અને ડીઝલ લિટરદીઠ રૂપિયા ૪૫ હતો. જોકે હવે ડીઝલ અને પેટ્રોલની કિંમત વચ્ચેનું અંતર રૂપિયા ૧૦ પણ રહ્યું નથી. અત્યારે દિલ્હીમાં પેટ્રોલ રૂપિયા ૮૩.૭૧ પ્રતિ લિટર ભાવથી વેચાય છે, જ્યારે મુંબઈમાં અત્યારે પેટ્રોલ અને ડીઝલ અનુક્રમે રૂપિયા ૯૦.૩૪ અને રૂપિયા ૮૦.૫૧ પ્રતિ લિટરની કિંમતથી વેચાય છે.




# નાના કરદાતાઓને આંશિક રાહત : પાંચ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવનારાને જીએસટીમાં રાહત

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૭

સરકારે જીએસટી યંત્રણા હેઠળ નાના કરદાતાઓ માટે ક્વાર્ટરલી રિટર્ન ફાઈલિંગ એન્ડ મન્થલી પૅમેન્ટ ઑફ ટૅક્સિસ (ક્યૂઆરએમપી) યોજના શરૂ કરી છે. આ યોજના અંતર્ગત જે કરદાતાનું સરેરાશ વાર્ષિક ટર્નઑવર પાંચ કરોડ રૂપિયા કરતા ઓછું હોય અને જેમણે ઑક્ટોબરનું જીએસટીઆર-૩બી રિટર્ન ૩૦ નવેમ્બર સુધીમાં ભરી દીધું હોય તેઓ આ યોજનાના લાભ માટે પાત્ર હશે. પાંચ ઑક્ટોબરે યોજાયેલી બેઠકમાં જીએસટી કાઉન્સિલે કહ્યું હતું કે રજિસ્ટર્ડ કંપની કે વ્યક્તિ જે સરેરાશ




વાર્ષિક પાંચ કરોડ જેટલું ટર્નઑવર ધરાવતી હશે તેમને પહેલી જાન્યુઆરી ૨૦૨૧થી માસિક ધોરણે કર ચૂકવવાની તેમ જ ત્રિમાસિક ધોરણે રિટર્ન ફાઈલ કરવાની પરવાનગી આપવામાં આવી શકે છે. પાંચ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવેલી ક્યૂઆરએમપી યોજના પાંચ કરોડ રૂપિયા કરતા ઓછું ટર્નઑવર ધરાવતા કરદાતાઓ જાન્યુઆરીથી માર્ચના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે રિટર્ન ફાઈલ કરવા જીએસટીઆર-૧ અને જીએસટીઆર-૩બીનો વિકલ્પ અપનાવી શકે છે. કરદાતાઓ સેલ્ફ ઍસેસમેન્ટ કે પછી ત્રિમાસિક માટે અગાઉ ફાઈલ કરેલા જીએસટીઆર-૩બીની નેટ રોકડ જવાબદારીના ૩૫ ટકા પ્રમાણે ચલાન મારફતે દર મહિને જીએસટીની ચુકવણી કરી શકશે. કરદાતાઓ એસએમએસ મારફતે પણ ત્રિમાસિક જીએસટીઆર-૧ અને જીએસટીઆર-૩બી ફાઈલ કરી શકાશે.

# સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં નિર્માણ પર રોક

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટે સોમવારે નવા સંસદ ભવનના નિર્માણ માટેના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંગે સખત વલણ અપનાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ પોતાનો ચુકાદો નહીં આપે ત્યાં સુધી કોઈ બાંધકામ કે તોડફોડ થવી જોઈએ નહીં. કોર્ટે સોલિસિટર જનરલને પૂછ્યું કે તમે પ્રેસ રિલીઝ આપીને નિર્માણ તારીખ નક્કી કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેના પર આગળ કોઈ કામ ન થવું જોઈએ. અમને શિલાન્યાસ – ફાઉન્ડેશનમાં કોઈ સમસ્યા નથી, પરંતુ આગળ કોઈ બાંધકામ થવું જોઈએ નહીં.

# બ્રિટનમાં આજથી તબક્કાવાર કોરોના વેક્સિનના શ્રીગણેશાય:

(જી.એન.એસ.)લંડન,તા.૭

બ્રિટનમાં આવતીકાલથી કોરોના રસીકરણ શરૂ કરવામાં આવશે. એક રિપોર્ટ પ્રમાણે બ્રિટનની મહારાણી એલિઝાબેથ દ્વિતીય અને તેના પતિ પ્રિંસ ફિલિપને સૌથી પહેલા રસી આપવામાં આવશે. આ માટે ડોક્ટરની સલાહ લેવામાં આવી છે.

બ્રિટનના સ્વાસ્થ્ય મંત્રી મૈટ હેનકોકે જણાવ્યું, આવતીકાલથી વેક્સિન લગાવવાનું અભિયાન શરૂ કરાશે. હું તમામને વિનંતી કરું છું કે વાયરસને ખતમ કરવામાં પોતાના તરફથી યોગદાન આપે અને નિયમોનું પાલન કરો. આગમી સપ્તાહ ઐતિહાસિક હશે. કારણકે અમે વેક્સિન આપવાનું કામ શરૂ કરી રહ્યા છીએ. જલદી વાયરસ પર કાબુ મેળવી લઈશું તેવી આશા છે.

બ્રિટનમાં કેર હોમ્સમાં રહેતા લોકો અને કર્મચારીઓને સૌથી પહેલા રસીનો ડોઝ અપાશે. જે બાદ ૮૦ વર્ષથી વધુની ઉંમરના સ્વાસ્થ્યકર્મીઓને રસી અપાશે. આ પછી અનુક્રમે ૭૫ વર્ષથી મોટા, ૭૦ વર્ષથી મોટા લોકોને વેક્સિન અપાશે. જે બાદ ૬૫ વર્ષથી ઉપરના લોકોને રસી આપવામાં આવશે. આ પછી અનુક્રમે ૧૮ થી ૬૫ વર્ષના લોકો, ૬૦ વર્ષથી વધુની ઉંમરના અને છેલ્લે ૫૫થી વધુ વર્ષના લોકોને રસી અપાશે.

# બંધના નામે કાયદો હાથમાં લેનાર સામે કાર્યવાહી : રૂપાણીની ધમકી

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૭

કૃષિ કાયદાને લઈને સરકાર અને ખેડુતો વચ્ચે ગતિરોધ યથાવત છે. આ દરમિયાન ખેડૂત નેતાઓએ ૮ ડિસેમ્બરે આખું ભારત બંધનું એલાન આપ્યું છે ત્યારે ગુજરાત કોંગ્રેસે પણ ખેડૂતોના સમર્થનમાં આખા ગુજરાતમાં કોંગી નેતાઓથી લઇ કાર્યકરોની અપીલ કરી છે કે, ગુજરાતમાં ખેડૂતોનું આંદોલન અંજામ સુધી પહોંચાડવાનું છે. દિલ્હીમાં ખેડૂત આંદોલનનો આજે ૧૨મો દિવસ છે. ખેડૂત સંગઠનોએ આવતીકાલે ભારત બંધનું એલાન પણ કર્યું છે. ત્યારે આ મુદ્દાઓ પર ગુજરાતનાં મુખ્યમંત્રી રૂપાણી નિવેદન આપ્યું હતું. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને કહ્યું હતું કે, ખરેખરમાં આ આંદોલનમાં ખેડૂતોનું માત્ર નામ છે બાકી રાજકીય રીતે સમગ્ર આંદોલન ચાલી રહ્યું છે. આવતીકાલે ગુજરાતમાં બધુ ચાલુ રહેશે, બંધના નામે કાયદો અને વ્યવસ્થા બગાડનાર સામે કાયદાકીય પગલા લેવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, આવતીકાલે ગુજરાત ચાલુ રહેશે, બંધમાં કાયદો તોડશે તો કાર્યવાહી થશે. આ દરમિયાન સીએમ રૂપાણીએ બંધને લઈ વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, ખેડૂતોના નામે કોંગ્રેસ સહિતના વિપક્ષોએ આંદોલન કરી રહ્યા છે. તેઓ પોતાનું અસ્તિત્વ દેખાડવા બંધમાં જોડાયા છે.

# ખેડૂતોને પાયમાલી તરફ ધકેલતા કાયદાનો રાજકોટ આમ આદમી પાર્ટી દ્વારા પૂરજોરમાં વિરોધ કરાયો



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૭

ભાજપ સરકાર અમુક ઉદ્યોગ પતિઓને ફાયદો પહોંચાડવા દેશનાં અન્નદાતા એવા ખેડૂતોને પાયમાલ કરી નાખે તેવો કાયદો બનાવીને દેશ દ્રોહ કરી રહી છે. દેશના એક પણ ખેડૂત સંગઠન દ્વારા આવા કોઈ પણ કાયદાની માંગ નથી કરવામાં આવી છતાં પણ આવો કાયદો લાવીને સરકાર દેશના કરોડો ખેડૂતોને પરેશાન કરી રહી છે.

જ્યાં સુધી આ કાયદો રદ નહીં થાય અને ખેડૂતો આંદોલન કરતા રહેશે ત્યાં સુધી આમ આદમી પાર્ટી દેશના ખેડૂતોના સમર્થનમાં તન-મન-ધનથી સાથે રહેશે. -અજીત લોખીલ-પ્રદેશ સંગઠન મંત્રી - ગુજરાત આજ રોજ રાજકોટ ખાતે પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખીલની આગેવાનીમાં આમ આદમી પાર્ટી-સૌરાષ્ટ્ર ઈષ્ટ ઝોન દ્વારા ખેડૂતનાં સમર્થનમાં ને ખેડૂત વિરોધી કાળા કાયદાની વિરુદ્ધમાં ભાજપ કાર્યાલયે નોટિસ લગાડવાનો કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમનાં ભાગરૂપે બહુમાળી ભવન ચોક ખાતે શ્રી સરદાર પટેલ સાહેબની પ્રતિમાં પાસે એકત્રિત થઈને તમામ આગેવાનો, કાર્યકર્તાઓ બીજેપીનાં જિલ્લા કાર્યાલય પર જઈને ખેડૂત વિરોધી કાળો કાયદો પરત લેવાની માંગ સ્વીકારવા નહીતો ઉગ્રઆંદોલન માટે તૈયાર રહેવાની નોટિસ આપવા જઈ રહેલ હતા, પરંતુ પોલીસ દ્વારા બળજબરી પૂર્વક અટકાયત કરી ને તમામને હેડક્વાર્ટર ખાતે ડીટેઈન કરી લેવામાં આવ્યા હતા. જેમાં સહ સંગઠન મંત્રી નેમિશભાઈ પાટડીયા, દુર્ગેશભાઈ ગાડલિંગ, શિવજીભાઈ ડાંગર, રાજકોટ જિલ્લા પ્રમુખ તેજસ ગાજીપરા, ઉપપ્રમુખ જતીન ધામેલીયા, મોરબી જિલ્લા પ્રમુખ એ કે પટેલ, પૂર્વ પ્રભારી ભરતભાઈ, મોરબી શહેર પ્રમુખ મહેશભાઈ રાજ્યગુરુ, જામનગર જિલ્લા પ્રમુખ ભાવેશભાઈ, જામનગર શહેર આગેવાન રમેશભાઈ કટારમલ, રાજકોટ જિલ્લા, મોરબી જિલ્લા તથા જામનગર જિલ્લા શહેરનાં અનેક આગેવાનો અને રાજકોટ શહેરના ક્રાંતિકારી કાર્યકર્તાઓ મળીને લગભગ ૨૦૦થી વધુ આગેવાનો, કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.


# બાળકની શિક્ષણમાં રૂચિ જળવાઈ રહે તે માટે વાંકાનેરની કિડ્ઝ લેન્ડ સ્કૂલે અપનાવ્યો નવો અભિગમ



ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૭

કોરોના મહામારીમાં સ્કૂલો બંધ છે ત્યારે શાળા તરફથી વિદ્યાર્થીઓને ઓનલાઈન એજ્યુકેશન આપવામાં આવી રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓ ઓનલાઈન એજ્યુકેશનથી કંટાળતા તેમની અભ્યાસમાં રૂચિ ઘટી રહી છે જેને ધ્યાનમાં રાખીને વાંકાનેરની કીડ્ઝ લેન્ડ સ્કૂલ દ્વારા એક નવો અભિગમ અપનાવ્યો છે જેમાં વિદ્યાર્થીઓ અભ્યાસથી કંટાળે નહીં અને નિયમિત અને રસપૂર્વક શિક્ષણ કાર્ય કરે એ માટે શાળાના ૧૧ રસ પુર્વક અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ સાઈકલ ઈનામ આપવાની જાહેરાત કરી છે. વાંકાનેર કિડઝલેન્ડ સ્કૂલ જ્યારથી કોરોના મહામારી શરૂ થઈ છે ત્યારથી કરીને આજ દિવસ સુધી સતત શાળાના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપી રહી છે, હજુ સ્કૂલો ક્યારે ખુલશે તે કંઈ પણ કહી શકાય તેમ નથી ત્યારે વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણમાં રુચિ રહે અને નિયમિતપણે શિક્ષણ કાર્ય કરે તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે શાળા તરફથી નિયમિતપણે શિક્ષણ કાર્ય કરીને સારો દેખાવ કરનારા ૧૧ વિદ્યાર્થીઓને વર્ષના અંતમાં સ્પોર્ટ્સ સાઈકલ ઈનામ આપવામાં આવશે. આ કોરોના મહામારીમાં સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલો, વાલીઓ અને સરકાર વચ્ચે સતત પ્રશ્નો ઊભા થતા રહે છે અને ઘણી બધી સ્કૂલો ફી બાબતે વાલીઓને સતત ફોન કરીને ભરવા માટે દબાણ કરી રહી છે ત્યારે વાંકાનેરની કિડ્ઝ સ્કુલના પ્રિન્સિપાલએ ઓનલાઈન શિક્ષણથી વિદ્યાર્થી કંટાળે નહીં અને રૂચિ સાથે શિક્ષણ મેળવે અને સારો દેખાવ કરે તે માટે આવા ઈનામની જાહેરાત કરેલ છે. આ બાબતે સ્કૂલના પ્રિન્સિપાલ સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે અમારા માટે વિદ્યાર્થીઓનું શિક્ષણ મહત્વનું છે જ્યારે પ્રી કે.જી. ની સંપૂર્ણ અને ઉપરના ધોરણોમાં સરકારે ૨૫% આપેલી માફી ઉપરાંત બીજી વધારાની ૨૫% ફી માફી અમારી શાળા દ્વારા આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ પણ રસ સાથે શિક્ષણ લે એ માટે અમે આ સ્પોર્ટ સાઈકલના ઈનામની જાહેરાત કરી છે. સાથો સાથ સાયકલના કારણે વિદ્યાર્થીઓનું ફિટનેસ/આરોગ્ય પણ જળવાશે એવો મેસેજ આપવાનો અમારો આ પ્રયત્ન છે.

# દિલ્હીમાં ખેડૂત આંદોલનના સમર્થનમાં ધ્રાંગધ્રા શહેર કોંગ્રેસ દ્વારા ભારત બંધ માટે આહ્વાન



ચક્રવાત ટીમ ધ્રાગધ્રા,તા.૭ કેન્દ્ર સરકાર દ્વારા ખેડુત વિરોધી તમે ગણાવતા કૃષિ બિલથી હાલ ખેડુતો જ નારાજ હોય તેવુ લાગી રહ્યુ છે તેવામાં પંજાબ તથા હરિયણાના ખેડુતો દ્વારા છેલ્લા એકાદ અઠવાડિયાથી દિલ્હીમાં ધામા નાખી કેન્દ્ર સરકારના કૃષિ બિલના ત્રણ કાળ કાયદા પાછા લેવા આંદોલન શુ કર્યાં છે જેને લઈને ભારતભરના ખેડુતો, ખેડુત સંસ્થા આંદોલનની સમૅથન કરતા આજે ભારત બંધનું એલાન આપ્યુ છે જ્યારે સુરેન્દ્નગર જીલ્લાના ધ્રાગધ્રા તાલુકામા પણ ખેડુતો સાથે શહેર કોગ્રેસ સમૅથનમા આવી છે અને ભારત બંધમાં ખેડુતોના સાથ તથા સહકાર આપી એક દિવસ સુધી ધ્રાગધ્રા શહેરની બજાર બંધ રાખવા આહવાન કર્યું છે જોકે આ મામલે ધ્રાગધ્રા શહેર કોગ્રેસ દ્વારા જાહેરમાં બોર્ડ મુકી શહેરીજનોને એક દિવસના બંધ પાડવા વિનંતી કરાઈ છે પરંતુ ધ્રાગધ્રા શહેરને ભારત બંધમાં મિશ્ર પ્રતિસાદ મળે તેવુ દેખાય રહ્યુ છે કારણ કે કૃષિ બિલને પસાર કરતા કેન્દ્રની સરકાર ભાજપની છે જેથી ભાજપના ઘણા-ખરા ટેકેદાર વેપારીઓ તથા ભાજપ સંગઠનમાં હોદ્દા લઈ બેસેલા હોદ્દેદારોના સ્વજનો પોતાની દુકાન બંધ નહિ રાખે અને ધ્રાગધ્રા ભાજપ સંગઠનને પોતાની તથા લાગતા વળગતા વેપારીઓની દુકાનો ખુલ્લી રાખી ભારત બંધના કાયૅક્રમને ફ્લોપ કરવાના આદેશો આપી દ્વારા હોવાની ચર્ચાં ચાલી રહી છે જેથી હવે જોવાનું રહે છે કે સામાન્ય પક્ષપાત વગરના લોકો ખેડુતોના સમૅથનમા રહે છે ? કે પછી ભાજપના હાઈકમાન્ડમાથી છુટેલા આદેશનો પાલન કરે છે ?

# ધોરાજીમાં સી.સી રોડનું કામકાજ પૂર્ણ થતા ઉદ્ઘાટન કરવામાં આવ્યું



ચક્રવાત ટીમ ધોરાજી,તા.૭

રાજકોટના ધોરાજીમાં કાદિર બાવાથી શાકમાર્કેટ સુધીના સી.સી રોડનું કામકાજ પૂર્ણ થતા ધોરાજી-ઉપલેટાના એમ.એલ.એ વસોયાએ ધોરાજીના મુસ્લિમ આગેવાનો સાથે મળીને ઉદ્ઘાટન કર્યું હતું તેમજ રોડનું નથુશા બાવાનું નામ રાખીને નામકરણ કર્યું હતું આ પ્રસંગે ધોરાજીના ધારાસભ્ય લલીતભાઈ વસોયા નગરપાલિકાના પ્રમુખ ભાષા સાહેબત રફીક બાપુ કાસમભાઈ કુરેશી જબ્બર ભાઈ ના લગન મોસીન બાપુ મહેબુબભાઈ ખલીફા અલ્તાફભાઈ નુરમામદ ખલીફા રાજુભાઈ તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા મુસ્લિમ આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી રાજપૂત કરણી સેના દ્વારા રાજકોટના રતનપરના નિવૃત આર્મીમેન ધર્મેન્દ્રસિંહ ઝાલાનો નિવૃત સમારંભ તથા વિશાળ રેલીનું આયોજન



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૭

રાજકોટ તાલુકાના રતનપરમાં ભારતીય સેનામાંથી નિવૃત થયેલા આર્મીમેન ધર્મેન્દ્રસિંહ ઝાલાનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. વિશાળ રેલીમાં ગામલોકો તથા સમાજ અગ્રણીઓ જોડાયા હતા. રાજકોટ તાલુકાના રતનપરમાં આર્મીમાંથી નિવૃત થયેલા આ ગામના વતની એવા ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ ઝાલાનું ગામલોકોએ ભવ્યાતિભવ્ય સ્વાગત કરી રેલી કાઢી હતી તથા વિશાળ સભામાં તેમનું તથા તેમના પરિવારજનોનું સન્માન કર્યું હતું .

આ સમયે ગામમાં એક રાષ્ટ્રપ્રેમનું ભવ્ય વાતાવરણ ખડું થયું હતું. આ સમારંભમાં ક્ષત્રિય સમાજ તથા અન્ય સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉપસ્થિત શ્રી રાજપૂત કરણી સેનાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જે. પી .જાડેજાએ પ્રેરક પ્રવચનમાં ગામલોકોની લાગણીની સરાહના કરીને આ નિવૃત આર્મીમેનના પરિવારજનોનું સન્માન કર્યું હતું. જયારે રાજપૂત યુવા સંઘના અગ્રણી પી.ટી.જાડેજાએ ગામલોકો તથા આર્મીમેનને અભિનંદન આપ્યા હતા. આ કાર્યક્રમમાં દેવેન્દ્રસિંહ ચુડાસમા, ભુપેન્દ્રસિંહ જાડેજા, નટવરસિંહ ઝાલા , ભારત સિંહ ઝાલા, કિશોરસિંહ ઝાલા, વનરાજસિંહ ઝાલા, પૃથ્વીસિંહ ઝાલા, પ્રદિસિંહ જાડેજા, રાજુભાઈ પટેલ, કિરીટસિંહ ઝાલા,અજયરાજસિંહ ઝાલા સહીત મોટી સંખ્યામાં બહેનો સહીત ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા .

# વાંકાનેર લાંચ પ્રકરણમાં ઝડપાયેલ પોલીસ કર્મચારીની તાપી(વ્યારા) ખાતે બદલી કરાઈ

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૭

"વાડ જ ચીભડા ગળે" એ કહેવતને સાચી પાડતા ખુદ પોલીસકર્મી જ લાંચ લેતા ઝડપાયો છે. રાજ્યમાં થોડા સમય પહેલા લાંચ લેતા પકડાયેલા ૧૦ જેટલા પોલીસ કર્મચારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં મોરબી જિલ્લાના બે લાંચિયા પોલીસ કર્મચારીનો સમાવેશ થાય છે. થોડા સમય પહેલા એસીબીની હાથે લાંચ લેતા પકડાયેલા હળવદ અને વાંકાનેરના બે લાંચિયા પોલીસ કર્મચારીની ફરજથી દૂરના સ્થળોએ બદલી કરાઈ છે. હળવદના પોલીસ કર્મચારીને છોટા ઉદેપુર અને વાંકાનેરના પોલીસ કર્મચારીને તાપી ખાતે બદલી કરવામાં આવી છે. થોડાં દિવસ પહેલા એન્ટી કરપ્સન બ્યુરો દ્વારા લાંચનું છટકું ગોઠવીને વાંકાનેર શહેર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહ નટવરસિંહ ઝાલા વતી દારૂના ગુનામાં રૂ. ૫૦ હજારની લાંચ વચેટિયાને ઝડપી પાડવામાં આવ્યો હતો જેમાં એસીબીએ આ કેસમાં લાંચિયા પોલીસ કર્મચારી સામે જરૂરી કાર્યવાહી કરી હતી અને રાજ્યના પોલીસ વડા સમક્ષ આ લાંચિયા પોલીસ કર્મચારી સામે કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી. જેના પગલે વાંકાનેર શહેર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહ ઝાલાની તાપી(વ્યારા) ખાતે બદલી કરવામાં આવી છે. રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાએ લંચિયા કર્મચારીઓ સામે કડક વલણ અપનાવી આ તમામની સાગમટે ફરજથી દૂરના સ્થળે બદલી કરી છે.

# શહેરાનગરનું હાટબજાર બંધ રાખવાનો આદેશ છતાં વેપારીઓ વેચાણ કરવા આવતા પાલિકાની ટીમ ત્રાટકી



ચક્રવાત ટીમ પંચમહાલ,તા.૭

પંચમહાલ જીલ્લાના શહેરા નગરમાં દર શનિવારે ભરાતા હાટબજારમાં પાલિકાના અધિકારીઓની ટીમ ત્રાટકતા વેપારીઓમાં અને ગ્રાહકોમાં નાસભાગ મચી ગઈ હતી.શહેરા નગરપાલિકા તંત્ર દ્વારા હાટબજાર બંધ રાખવાનો આદેશ આપવામા આવ્યો હોવા છતા વેપારીઓએ શનિવારે પશુઓ તેમજ અન્ય ચીજવસ્તુ લઈને વેચવા આવતા જોવા મળ્યા હતા.આથી શહેરા નગરપાલિકાના અધિકારીઓની ટીમ દ્વારા માર્કેટીંગ યાર્ડ પાસે દોડી આવતા અહી વેપાર કરતા વેપારીઓ અને ખરીદી કરવા આવેલા ગ્રાહકોમાં પણ ભારે નાસભાગ મચી ગઈ હતી. વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામા આવી હતી. પંચમહાલ જીલ્લાનું શહેરાનગર વેપારી મથક છે.વિશ્વભરમા કોરોના મહામારીને કારણે વેપાર-ધંધાને પણ અસર પહોચી છે.શહેરા નગરમા આવેલા માર્કેટિંગ યાર્ડ પાસે વર્ષોથી શનિવારી બજાર ભરાય છે.જેમા જીવન જરૂરિયાતની વસ્તુઓ તેમજ સાથે સાથે પશુ હાટ ભરાય છે.જેમા આસપાસના ગ્રામીણ વિસ્તારના લોકો પણ બકરા મરઘા લઈને વેચવા આવે છે.જેના કારણે મોટી સંખ્યામા લોકો એકત્ર થવાને કારણે સોશિયલ ડીસટન્સનુ પાલન ન થવાની શકયતા તેમજ કોરોનાનુ સંક્રમણ ફેલાવાનો ભય પણ સતાવી રહ્યો હતો.શહેરા પાલિકાતંત્ર દ્વારા આ પરિસ્થીતીને લઈને શનિવારે હાટ બંધ રાખવાનો આદેશ આપવામા આવ્યો હતો. છતા પાલિકામા આદેશને ઘોળીને પી ગયા હોય તેમ શનિવારે કેટલાક વેપારીઓ આદેશને અવગણીને મરઘા-બકરા,તેમજ અન્ય ચીજવસ્તુઓ વેચવા આવી ગયા હતા.અને ખરીદવા માટે મોટી સંખ્યામા લોકો એકત્ર થયા હતા.શહેરા નગરપાલિકાના અધિકારી જીતેન્દ્રસિંહ રાઠોડ સહિતનો સ્ટાફ સાથે માર્કેટીંગયાર્ડ તેમજ નાડા બાયપાસ રોડ પર આવી પહોચ્યો હતો. અને વેપારીઓ સામે કાર્યવાહી શરૂ કરી દીધી હતી.પાલિકાની ટીમ આવતા કાર્યવાહી કરતા ખાસ તો મરઘા-બકરા વેચનારાઓમા ભારે નાસભાગ મચી જવા પામી હતી.વેપારીઓ સામે દંડનિય કાર્યવાહી કરતા ૧૫,૦૦૦ રૂપિયાનો દંડ કરવામા આવ્યો હોવાનુ પાલિકા સુત્રો તરફથી જાણવા મળ્યુ હતુ.

# અમરેલીના કુંકાવાવ બેંક ઓફ બરોડા શાખાની કામગીરી તથા સ્ટાફના વ્યવહારથી ભારે અસંતોષ



ચક્રવાત ટીમ કુંકાવાવ,તા.૭

કુંકાવાવ બેંક ઓફ બરોડાની શાખા વર્ષો જૂની હોવાથી કુંકાવાવ તાલુકાના તમામ ખેડૂત ખાતેદાર, વેપારીઓ. સરકારી યોજના લાભાર્થીઓના ખાતાઓની સંખ્યા કુંકાવાવની બધી બેંકો કરતાં વધારે હોવાછતાં લોકડાઉન તથા કોરોનાની મહામારીના કઠીન સમયમાં પણ રાત્રીના મોડે સુધી સતત સેવા આપવામાં આવી રહી છે. વર્તમાન સમયમાં કઠીન સમય હોવા છતાં પણ બેંકના મેનેજર તથા તમામ સ્ટાફ ગ્રાહકોને અગવડતા ન પડે માટે સમયની સાથો સાથ વ્યવસ્થા જાળવી સતત કાર્યરત રહી પોતાની સેવા પ્રદાન કરી રહયા છે. તથા સાલીન તથા પ્રેમાળ સ્વભાવથી ગ્રાહકોને પોતાના સમજી સરળ ભાષામાં વ્યવહાર કરે છે તથા તમામ વ્યવસ્થા જેમ કે સોસિયલ ડિસ્ટન્સ જાળવવું સેનેટાઈજરનો પ્રયોગ કરવો મોઢે માસ્ક બાંધીનેને બેંક માં પ્રવેશ કરવો આવી ગાઈડ લાઈનનું પાલન થાય તે હેતુથી તમામ ગ્રાહકોને સમજાવી પાલન કરવામાં આવી રહેલ છે તથા ગ્રાહકો દ્વારા પણ પૂર્ણ રૂપે બેંકના સ્ટાફને ભાવપૂર્વક સહયોગ આપી રહેલ છે. બેંકના મેનેજરનો વ્યવહાર તથા ગ્રાહકો સાથેનો તાલમેલ ઊંચ કો ટીનો છે તમામ વ્યવસ્થા તથા સ્ટાફ નો વ્યવહાર તથા સિકયોરિટી ગાર્ડ નો ગ્રાહકો સાથેનો તાલમેલ ખરેખર અભિનંદન ને પાત્ર છે.


# શહેર-નગર સંપૂર્ણ બંધને વેપારીઓનું સમર્થન, પાલિકાતંત્ર દ્વારા વિસ્તારોને સેનેટાઈઝ કરાયા



ચક્રવાત ટીમ પંચમહાલ,તા.૭

દેશમા વધતા જતા કોરોના સક્રમણને લઈને જીલ્લાની શહેરાનગર પાલિકા દ્વારા શહેરાબજાર સહિતના વિસ્તારો રવિવારે બંધ રાખવાના આદેશ આપવામા આવ્યા હતા.જેના પગલે વેપારીઓએ પાલિકા દ્વારા આપવામા આવેલા પાલન કર્યુ હતુ. પાલિકા દ્રારા કોરોનાનૂ સક્રમણ ના ફેલાય તે માટે શહેરાનગરના વિસ્તારોને પંપમશીન દ્વારા સેનેટાઈઝ કરવામાં આવ્યા હતા. પંચમહાલ જીલ્લાના શહેરાનગરમા રવિવારના રોજ કોરોના સંક્રમણને લઈને અગમચેતીના ભાગરૂપે રવિવારે બજારો બંધ રાખવાનો આદેશ આપવામા આવ્યો હતો.જેને લઈને આજે શહેરાનગરના વેપારીઓએ સમર્થન દર્શાવીંને દૂકાનો બંધ રાખીને આદેશને સર્મથન કર્યુ હતુ.શહેરાનગરમા આવેલા બસ સ્ટેશન વિસ્તાર,પરવડીવિસ્તાર,સોનીબજાર,વૈજનાથ ભાગોળ,અણિયાદ ચોકડી સહીતના વિસ્તારોમા આવેલી દુકાનો બંધ રહી હતી.પાલિકાતંત્ર દ્વારા શહેરાનગરના વિસ્તારોને પંપ દ્વારા સેનેટાઈઝ કરવામા આવ્યા હતા.શનિવારે ભરાતી હાટબજાર પણ બંધ રાખવાનો આદેશ આપવામા આવ્યો છે.નોધનીય છેકે રવિવાર હોવાથી શહેરાનગરમાં ખરીદી કરવા મોટી સંખ્યામા ભીડ ઉમટી પડતી હોય છે.કોરોનાનું સંક્રમણ વધે નહી તે હેતુથી રવિવારે બજાર બંધ રાખવાનો પાલિકાતંત્રના નિર્ણયને આવકારવામાં આવી રહ્યો છે.

# ફિલ્મી ઢબે પીછો કરી દારૂનો જથ્થો ભરેલી કારને ઝડપી લેતી રાજકોટ ક્રાઈમ બ્રાંચ



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૭

રાજકોટ ક્રાઈમ બ્રાંચે ફિલ્મી ઢબે પીછો કરી સરધાર ગામ પાસે વોક્સવેગન કારમાંથી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. પ્રાપ્ત થતી માહિતી અનુસાર રાજકોટ ક્રાઈમ બ્રાંચને માહિતી મળી હતી કે કવાડવા ગામથી સરધાર તરફ આવતા રસ્તા પરથી દારૂને જથ્થો ભરેલી વોક્સવેગન કાર પસાર થવાની છે. જેના આધારે પોલીસે અહીં જાળ બિછાવી મહિતી પ્રમાણેની કાર પસાર થતા તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે કાર ચાલકે કાર રોકવાને બદલે પુરપાટ ઝડપે કાર ચલાવી ભાગવાનો પ્રયાસ કરતા પોલીસે કારનો પીછો કરી ભરૂડી ટોલનાકા પાસેથી કારને ઝડપી લઈ દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે અહીંથી ૯૩,૬૦૦ રૂપિયાની કિંમતનો દારૂનો જથ્થો અને ૨.૫૦ લાખ રૂ.ની વોક્સવેગન કાર મળીને કુલ રૂ. ૩,૪૩,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરામાં વનવિભાગના બીટગાર્ડ ૨૨,૫૦૦ની લાંચ લેતા ACBના હાથે ઝડપાયા



ચક્રવાત ટીમ ગોધરા,તા.૭

પંચમહાલ જીલ્લાના વડામથક ગોધરા ખાતે પથ્થરોને ફેકટરીમા વેચીને વ્યવસાય કરનારા ઈસમ પાસેથી વનવિભાગમાં બીટગાર્ડ તરીકે ફરજ બજાવતા કર્મચારી ૨૨,૫૦૦ રૂપિયાની લાંચ લેતા ગોધરા એસીબીના હાથે ઝડપાઈ ગયા હતા.સાથે આ લાંચ લેવાના મામલામા અન્ય એક વનવિભાગના કર્મચારી સામેલ હોવાથી ગુનો નોધાયો છે.અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ડમ્પરના વાહનોમા પથ્થર ભરીને વ્યવસાય કરનારા એક ઈસમને ગુણવંતસિંહ મંગળસિંહ પરમાર, રાઉન્ડ ફોરેસ્ટર, દ્વારા તા.૦૩/૧૨/૨૦૨૦ના રોજ ડમ્પરો રોકી રૂ.૬૦,૦૦૦ ની માંગણી કરી હતી.બાદમા રકઝક અંતે સ્થળ ઉપર રૂ.૫૦૦૦ લીધા હતા.ત્યારબાદ ૩૦,૦૦૦ લેવાનો વાયદો કરી ટ્રકો છોડી દીધી હતી.પરંતુ ઈસમ લાંચ આપવા માગતા ના હોય ગોધરા એસીબી પોલીસ મથકે ફરિયાદ આપતાં પી.આઈ આર.આર.દેસાઈ તથા તેમની ટીમ ગોધરા બી.એસ.એન.એલ કચેરી પાસે ગોઠવાયેલા લાંચના છટકા દરમ્યાન રાઉન્ડ ફોરેસ્ટર ગુણવંતસિંહ પરમારે ઈસમ સાથે સાથે મોબાઈલથી વાતચીત કરી અન્ય કર્મચારી ગોવિંદભાઈ ચૌધરી (બીટગાર્ડ) નાઓને લાંચના નાણાં આપી દેવા જણાવ્યુ હતુ,જેમા ગોઠવાયેલા લાંચના છટકા દરમ્યાન બીટગાર્ડ ચૌધરી નાઓએ ફરીયાદી પાસેથી રૂ.૨૨,૫૦૦ (ફી.પા. વાળા) તથા રૂ.૧૦૦૦ ફરીયાદીના અંગતમાંથી સ્વીકારતા બીટગાર્ડ ગોવિંદભાઈ ચૌધરી ઝડપાઈ ગયા હતા.આ ગુનામા સામેલ ગુણવંતભાઈ પરમારની તપાસ કરતા રજા ઉપર હોય બન્ને કર્મચારીઓએ એકબીજાથી મદદથી ગુનો આચરેલો હોવાથી બંને વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વઘઈ પોલીસના હાથે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ભંગ કરતા વાહન ચાલકો દંડનો શિકાર બન્યા



ચક્રવાત ટીમ, તા.૭

વિશ્વ વ્યાપી કોરોના મહામારી વચ્ચે સાપુતારા સહિત જિલ્લામાં અનેક પર્યટક સ્થળો પર. શનિ રવિ ની રજાઓમાં પ્રવાસીઓ આવતા વઘઈ ચેકપોસ્ટ પર આરોગ્ય વિભાગ દ્વારા થર્મલ સ્ક્રેનિંગ તેમજ પોલીસ વિભાગ દ્વારા માસ્ક ન પહેર્યું હોય તેવા પ્રવાસીઓનું ચેકીંગ હાથ ધરાયુ હતું હાલે કોરોના મહામારીનું કહેર વર્તાઈ રહ્યું છે તેમ છતાં સુરત સહિત જિલ્લા બાહર ના પ્રવાસીઓ શનિ રવિ ની રજાઓમાં ઉમટી પડતા હોય છે જેને લઈ કોરોના નું સંક્રમણ વધે તેવો ભય ડાંગ ની જનતામાં સેવાઈ રહ્યું છે જેને લઈ તકેદારીના ભાગરૂપે અન્ય જિલ્લાઓ માંથી આવતા શંકાસ્પદ પ્રવાસીઓનું ડાંગ જિલ્લા આરોગ્ય ટિમ થર્મલ સ્ક્રેનિંગ તેમજ ડાંગ પોલીસ દ્વારા શંકાસ્પદ વાહનોનું ચેકીંગ તેમજ માસ્ક પહેર્યા વગરના પ્રવાસીઓ માટે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી સાવચેતીના ભાગરૂપે વઘઈ પીએસઆઈ ડી.ડી. વસાવાએ સરકારની ગાઈડ લાઈન મુજબ મુજબ સહેલાગે આવતા પ્રવાસીઓને ચેકીંગ દરમિયાન જણાવ્યું હતું કે પ્રવાસન કે જાહેર સ્થળે સાહેલાગ કરતી વખતે સહેલાણીઓ ફરજીયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટનસિંગ નું પાલન કરે એ માટે અપીલ કરી હતી જ્યારે એક વાહનમાં ૩ થી ૪ વ્યક્તિઓ બેઠા હોય અને માસ્ક ના પહેર્યું હોય એવા પ્રવાસીઓ ધ્યાને ચઢતા કોરોનાનું સંક્રમણ થી બચાવવા એવા પ્રવાસીઓ માટે વઘઈ પોલીસ દંડનીય કાર્યવાહી કરી હતી જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા જે પણ પ્રવાસીઓ બાહરથી આવે છે તેમને અહીં ચેકીંગ કરી જરૂરી જણાય તો રેપીડ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા જ્યારે આ ચેકીંગ દરમિયાન કેટલાક વાહન ચાલકો અવનવા બહાના બતાવી માસ્ક વગેરે ના હોય તેવા વાહન ચાલકો દંડાતા વાહનચાલકો માં ફફડાટ મચી જવા પામ્યો હતો.

# દાહોદ અમદાવાદ હાઈવે પર ગાડીનું ટાયર ફાટતા સર્જાયો અકસ્માત




ચક્રવાત ટીમ દાહોદ, તા.૭

દાહોદના રાબડાંલ દાહોદ અમદાવાદ હાઈવે સતી તોરલ હોટલ સામે અકસ્માત સર્જાયો જેમાં ઉજ્જૈન મહાકાલે સર મંદિરે દર્શન કરી પોતાના વતન ભરૂચ જતા તે સમયે રાબડાલ ગામે દાહોદ અમદાવાદ હાયવે પર મારુતિ આર્ટિકા ગાડીનું ટાયર ફાટતા વાહન ચાલકે સ્ટેરિંગ પર થી કાબુ ગુમાવતા મારુતિ આર્ટિકા જેનુ નંબર **GJ.16.CN.7589** નંબર ગાડી રોડ ની સાઈટમાં ઉતરી જઈ પલ્ટી ખાઈ હતી.અકસ્માત થતા લોક તોડા ઉમટી પડ્યા ને ગાડીમાં બેસેલા મુસાફરોને ગાડીના કાચ તોડી બહાર કાઢવામાં આવ્યા હતા જેમાં ગાડીમાં બેસેલ ૩ બાળકો ૨ મહિલા.અને એક કાર ચાલક નો આબાદ બચાવ થયો હતો જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. દાહોદ ગ્રામ્ય પોલીસ ને ઘટનાની જાણ થતા તાબડતોબ ઘટના સ્થળે પોહચીને વધુ તપાસ હાથ ધરી હતી.

# મોરબીના નવલખી પોર્ટ નજીક એસઆરપી જવાનો કરી રહ્યા છે અનેક મુશ્કેલીઓનો સામનો

ચક્રવાત ટીમ મોરબી, તા.૭

મોરબીના નવલખી પોર્ટ નજીક તબું નાખી ફરજ બજાવતા એસઆરપીના જવાનોને અનેક મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. કડકડતી ઠંડીમાં પણ ફાટેલા તબું આપવામાં આવ્યા છે. એટલું જ નહી એસઆરપીના જવાનો શુદ્ધ પાણી પણ નથી મળી રહ્યું.



મોરબીથી આવતા જતા ટ્રકના ચેકીંગ કામગીરી માટે એસઆરપી જવાનોને ડ્યુટી આપવામાં આવી છે. પોર્ટની એકદમ નજીક હોવાના કારણે અહીં દિવસરાત કોલસો ઉડ્યા કરે છે. તેમજ અહીં ફરજ બજાવતા જવાનોની હાલત પીવાના પાણીને લઈને છે. એસઆરપીના જવાનોને શુદ્ધ પાણી પણ નથી મળતું જેથી ટાંકીમાંનું અને કેમિકલ યુક્ત પાણી પીવા મજબુર બન્યા છે.

આ ઉપરાંત જ્યાં રાત દિવસ રહેવાનું છે. તે જગ્યામાં સુવિધાના નામે માત્ર એક ટેબલ અને બે ખુરશી જ આપવામાં આવી છે. અને કડકડતી ઠંડીથી બચવા માટે પણ કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે ફાટેલ તંબુમાં જવાનોને રહેવુ પડે છે. અહીં ફરજ બજાવી રહેલા પોલીસ જવાન પોતાની વ્યથા અન્ય કોઈને કહી શકતાં નથી પણ માનવતાના ધોરણે નવલખી પોર્ટ અધિકારીઓએ પીવાનું શુદ્ધ પાણી તેમજ ઉઠવા બેસવા યોગ્ય જગ્યા ફાળવામાં આવે તે જરૂરી છે.

# સાપુતારા ખાતે હોમગાર્ડ ડેની ઉજવણી કરવામાં આવી



ચક્રવાત ટીમ ડાંગ, તા.૭

ગિરિમથક સાપુતારા ખાતે હોમગાર્ડ યુનિટ દ્વારા હોમગાર્ડ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી, આ ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ ની જાળવણીના સંદેશા સાથે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યો હતો સાપુતારા આવતા પ્રવાસીઓની સુરક્ષા તેમજ તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવા હોમગાર્ડ યુનિટના આબિતભાઈ ભાલેરાવે જવાનો ને આહવાન કર્યું હતું. આ સાથે હોમગાર્ડ દિવસ નિમિત્તે વધુમાં વધુ હોમગાર્ડ જવાનો ને ફરજ પર તૈનાત કરવા ઉપસ્થિત સૌ જવાનો એ અનુરોધ કર્યો હતો.

# અંગદાન એ મહાદાન પએલ. જે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીએ ઈન્ડિયન ઓર્ગન ડોનેશન ડે ના પ્રસંગે વેબીનારનું આયોજન કર્યું અનોખી મુહિમ

ચક્રવાત ટીમ દામનગર, તા.૭

ભારતમાં જ્યારે અંગદાન ના વિષે ચર્ચા ચાલી રહી છે ત્યારે એલ. જે. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસી તથા શતાયુ-ધ ગિફ્ટ ઓફ લાઈફ એન.જી.ઓ દ્વારા ઈન્ડિયન ઓર્ગન ડોનેશન ડે (કે જે દર વર્ષે ૨૭મી નવેમ્બર એ માનાવામાં આવે છે) ને અનુલક્ષી ને આરોગ્યક્ષેત્રે અંગદાનના મહત્વને સમાજ માં સ્થાપન કરવા અને આ વિષે જાગૃતિ લાવવા 'ડોનેટ ઓર્ગન્સ- સેવ લાઈફ' ના વિષય પર ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બી.ફાર્મ.ના ૧૦૦ થી વધારે વિધાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો.

આ અંગે વાત કરતાં શતાયુના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ભાવનાબેન છાબરીયાએ અંગદાનની પ્રક્રિયા તથા અંગદાનના મહત્વ વિશે માહિતી આપી. તેમણે કહ્યું કે ભારત




આખા વિશ્વ માં સૌથી ઓછું ઓર્ગન ડોનેટ કરે છે. ભારત માં પ્રતિ ૧૦ લાખ લોકો માં ડોનેશન દર ૧ થી પણ ઓછો છે. એક સર્વેક્ષણ પ્રમાણે ભારત માં દર ૧૮ મિનિટે એક નવું નામ ઓર્ગન વેટિંગ લિસ્ટ માં જોવા મળે છે જે બતાવે છે કે આપણાં દેશ માં આની તાતી જરૂર છે.

જનજાગૃતિ નો અભાવ, ધાર્મિક અંધશ્રદ્ધા, સામાજિક પૂર્વધારણાઓ, માનસિક ડર જેવા કારણો ને લીધે ભારત આમાં પાછળ છે. સ્પેન આખા વિશ્વ માં સૌથી વધુ ઓર્ગન ડોનેટ કરે છે કે જ્યાં દરેક વ્યક્તિ ઓર્ગન ડોનર જ ગણાય છે. અત્યારે હૃદય, આંખો, કિડની, સ્વાદુપિંડ, ફેફસાં, જેવા અંગો નું દાન થાય છે. હવે તો હેન્ડ અને સ્કીન ટ્રાન્સપ્લાન્ટ પણ શક્ય છે. ભારત માં ઓર્ગન ડોનેશન નું નિયમન નેશનલ ઓર્ગન એન્ડ ટિસ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈજેશન (ર્દ્દ) દ્વારા થાય છે. આ પ્રસંગે એલ.જે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીના પ્રિન્સિપાલ ડૉ. શ્રીરાજ શાહે ઓર્ગન ડોનેશન વિશે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# મોરબી ખાતે નર્સિંગ માટેના નિઃશુલ્ક તાલીમ કાર્યક્રમનું આયોજન કરાશે



ચક્રવાત ટીમ મોરબી, તા.૭

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત નર્સિંગ નો કોર્ષ મોરબી સ્થાનિક વિસ્તાર ના ૧૮ થી ૩૫ વર્ષ સુધી ની ઉમર ધરાવતા લાભાર્થીઓ માટે શરૂ કરવાનો હોય, તાલીમ લેવા માં રસ ધરાવતા ઉમેદવારો ને મો નમ્બર ૯૭૨૬૫૦૧૮૧૦ પર તાત્કાલિક સંપર્ક કરવા જણાવવા માં આવે છે.

તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓ ને જરૂરી કીટ વિનામૂલ્યે આપવામાં આવશે., સરકારી સર્ટીફીકેટ મળવા પાત્ર છે, તાલીમ સફળતા પૂર્વક પૂર્ણ કરનાર તાલીમાર્થીઓ ને રોજગારી આપવા માટે પણ ખાસ પ્રયત્ન કરવામાં આવશે.

# જેલમાંથી મોબાઈલ મારફતે ચલાવાતા નેટવર્કનો પર્દાફાશ કરતી રાજકોટ ગ્રામ્ય પોલીસ

## સબ જેલ ધોરાજીમાથી સંયુક્ત ઝડતી દરમ્યાન જેલમાથી મોબાઇલ મારફ્તે ચલાવાતા નેટવર્કન પર્દાફાશ કવામં આવ્યો

ચક્રવાત ટીમ જેતપુર, તા.૭

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબની સુચનાથી ધોરાજી પોલીસ સ્ટેશન ગ્રાઉન્ડમાં આવેલ સબ જેલ મા જેતપુર ડીવીંઝનના એ.એસ.પી.શ્રી સાગર બાગમાર ની રાહબરી હેઠળ ગઈ કાલે તા.૦૬/૧૨૨૦૨૦ ના રોજ અમારી તથા ધોરાજી પોલીસ તથા એસ.ઓ.જી.બ્રાંચ રાજકોટ ગ્રામ્યનાઓએ સયુકત ઓપરેશન કરી ધોરાજી સબ જેલની ઝડતી કરવાની કાર્યવાહી કરતા જેલમાથી મોબાઈલ મારફતે બહારની વ્યકિતઓ સાથે વાતચીત કરી જેલમાથી ગુનાહીત પ્રવૃતીઓને અંજામ આપવા માટે મોબાઈલ રાખી તથા અન્ય પ્રતિબંધીત ચીજવસ્તુઓ નીચે મુજબના આરોપીઓ પાસેથી મુદામાલ મળી આવતા ધોરાજી પોસ્ટે મા પ્રીઝને એકટની કલમ ૪૨ તથા ૪૫ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ પો.ઈન્સ શ્રી એચ.એ.જાડેજાને સોપેલ છે. જેમાં વિપુલ ઉર્ફે પુનીત ઉર્ફે પેન્ટી રવજીભાઈ બગડા, નવનીતભાઈ પ્રહલાદભાઈ ચલ્લા, સલીમ ઉમરભાઈ સાંધ ઉર્ફ અલી શરીફભાઈ સાંધ, રહે. બધા સબજેલ ધોરાજી કબ્જે કરેલ મુદામાલ રેશમી કંપનીનો ટચ સ્કીન વાળો મોબાઈલ ફોન (૨) બેરેક નંબર (૧) માથી મળી આવેલ મુદામાલ એક પાણી ભરવાનો જગ, જગના પાછળનું ઢાંકણું ખોલતા જેમા એક પ્લોટની કાળા કલરની થેલીમાં બે પીન વાળુ સોકેટ સાથેનુ વાયરનુ ગુચળષ્ઠ તથા એક પ્લગનુ એડેપ્ટર તથા એક એમ.આઈ કંપનીનુ ચાર્જર તથા બેરેક નંબર એક માથી પાથરવાની દરી નીચેથી મળી આવેલ, એક કાળા કલરનો સેમસંગ કંપનીનો સાદો મોબાઈલ એક તથા જુદી જુદી બેરોકોમાથી અતુલ કુરમુર તમ્બાકુની પડીકીઓ સંભાજી બીડીની તથા બાકસ માવાના પાર્સલ મળી કુલ રૂપીયા ૬૮૬૦/ નો મુદામાલ મળી આવતા જે તમામ વસ્તુ તપાસ અર્થે કબ્જે કરેલ. આ કામગીરીમાં એસ.ઓ.જી.બ્રાંચ રાજકોટ ગ્રામ્ય તથા તેમનો સ્ટાફે બજાવેલ હતી.

# વિજાપુરના ખુન કેસનો ભાગેડુ આરોપી જીલ્લા એસ.ઓ.જી. દ્વારા ઝડપાયો

ચક્રવાત ટીમ, તા.૭

વિજાપુર પોલીસ સ્ટેશન માં ખૂન કરવા નો કેસ પટેલ જીગ્નેશ ભોગીલાલ ઉપર છ વર્ષ અગાઉ નોંધાયો હતો જે છેલ્લા બે વર્ષથી વચગાળાના સેસન્સ કોર્ટ માંથી જામીન મેળવી ને ભાગતો ફરતો હતો. જેની એસઓજીને બાતમી મળી હતીકે હાલ આરોપી તેના ઘર માં રહેતો ફરે છે. જેની તેના ઘર વિસનગર રોડ ઉપર સોસાયટીમાં રહે છે તે માહિતી મેળવી તપાસ કરતાં આરોપી મળી આવતા તેનો કોવિડ નો ટેસ્ટ કરાવવા માં આવતા નેગેટીવ રિપોર્ટ આવ્યો પાટણની સબજેલમાં સોંપવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મુખ્યમંત્રીએ સશસ્ત્ર સેના ધ્વજ દિવસ અવસરે માતૃભૂમિની રક્ષા કરતા વીર સેનાનીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી

ચક્રવાત ટીમ, તા.૭

મુખ્યમંત્રી વિજય ભાઈરૂપાણીએ ૭ ડિસેમ્બર સશસ્ત્ર સેના ધ્વજ દિવસ અવસરે ફાળો અર્પણ કરી દેશ ની સરહદો સાચવતા અને માતૃભૂમિ ની રક્ષા કરતા વીર સેનાનીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આપણાં દેશના સીમાડે સતત ખડેપગે રહીને સરહદ પારની ઘૂસણખોરી અને નાપાક હરકતોનો જડબા તોડ જવાબ આપી માભોમની રક્ષા કરવા ઉપરાંત આંતરિક સલામતિ સુરક્ષા આપણાં સશસ્ત્ર દળોના જવાનો નિભાવે છે.

દેશમાં કુદરતી કે માનવ સર્જિત આપત્તિ પુર વાવાઝોડું ભૂકંપ કે કાયદો વ્યવસ્થા ની જાળવણીમાં પણ



સ્થાનિક પ્રશાસનને મદદરૂપ થતા આ સેનાનીઓ અને સશસ્ત્ર દળોના કર્તવ્યનિષ્ઠ ફરજ પરસ્ત જવાનોના અને દેશ માટે સમર્પિત થઈ પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા વીર જવાનોના પરિવારોના કલ્યાણ હેતુથી આ સશસ્ત્ર સેના ધ્વજ દિવસે સૌ કોઈ સ્વૈચ્છિક ફાળો દાન અર્પણ કરી તેમની સેવાઓનો ઋણ સ્વીકાર કરે છે.

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ આપણાં અડીખમ યોદ્ધાઓ અને વીર સેનાનીઓ પ્રત્યે આદર ભાવ પ્રગટ કરવા અને તેમના કલ્યાણ માટે ઉદાર હાથે સૌ નાગરિકો સશસ્ત્ર સેના ધ્વજ દિવસે ફાળો આપે તેવી અપિલ પણ કરી હતી મુખ્યમંત્રીએ આ સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ઉપલક્ષ્યમાં ગાંધીનગરમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો.

આ વેળા ગૃહ વિભાગ ના અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર , સૈનિક કલ્યાણ બોર્ડના નિયામક નિવૃત કમાંડર શશિકુમાર ગુપ્તા, નાયબ નિયામક પી એચ ચૌધરી તેમજ ગુજરાત પ્રદેશના ડિફેન્સ પી આર ઓ, એરફોર્સના અધિકારીઓ પણ જોડાયા હતા.

# ડાંગના સુબીર તાલુકાના ધૂળદા ફાટક પાસે આવેલ કોઝ-વે અત્યંત બિસ્માર



ચક્રવાત ટીમ ડાંગ, તા.૭

ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં આવેલ મહાલ થી બરડી પાડા જોડતા માર્ગ પર ધૂળદા ફાટક પાસે ડૂબાઉ કોઝવે બિસ્માર બનતા વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવાની નોબત ઊભી થવા પામી હતી. મળતી માહિતી મુજબ સુબીર તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલ મહાલ બરડી પાડા માર્ગ પર ધૂળદા ફાટક પાસે આવેલ ડૂબાઉ કોઝવે પર ચોમાસા દરમિયાન પાણી ફરી વળતાં વ્યાપક પ્રમાણમાં ધોવાણ થતા મસમોટા ખાડાઓ પડતા માર્ગ અતિ બિસ્માર બનવા પામ્યો છે ડાંગ જિલ્લામાં આ માર્ગ પર આવેલ ઈકો ટૂરિઝમ પોઈન્ટ સહિત સબરીધામ જતા પ્રવાસીઓનું ઘસારો રહેતો હોય ચોમાસો પૂર્ણ થવા છતાં તંત્ર દ્વારા બિસ્માર માર્ગ સહિત કોઝવે ની મરામત ની તસ્દી લીધી નથી જેના કારણે માર્ગ પર થી પસાર થતા વાહનો ખોટકાવા સાથે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે તદઉપરાંત રાત્રીના સમયે કોઝવે પર પડેલા ખાડાઓ નું વાહનચાલકોને અંદાજો ન રહેતા અકસ્માત સર્જવાની દહેશત વર્તાઈ રહી છે તેવામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ આ માર્ગ ને સત્વરે મરામત કામગીરી હાથ ધરે તે જરૂરી છે.

# મોરબી નગપાલિકાનું હવા વિનાનું ટ્રેક્ટર રસ્તા પર દોડ્યું

ચક્રવાત ટીમ મોરબી, તા.૭




મોરબી નગરપાલિકાનું ટ્રેક્ટર વગર હવાએ રસ્તા પર દોડ્યું હતું. ટ્રેક્ટરના પાછળના બન્ને ટાયરોમાં હવા ન હોવા છતા ડ્રાઈવર બિંદાસ રીતે જોખમી હાલતમાં રસ્તા પર ટ્રેક્ટર ચલાવતા જાગૃતિ નાગરિકે વિડિયો બનાવી લીધો હતો. મોરબી નગરપાલિકાના ગેરેજ વિભાગની ઘોર બેદરકારી સામે આવી છે. નગરપાલિકાનું ટ્રેક્ટર જેમાં ટ્રોલીના ચારેય ટાયરોમાં હવા ન હોવા છતાં ડ્રાઈવર રસ્તા પર ટ્રેક્ટર દોડવતા જાગૃત નાગરિક ગૌતમ મકવાણા અને જગદિશ બાંભણીયાએ પોતના મોફાઈલમાં વિડિયો બનાવી કેદ કરી લીધો હતો. જોકે રસ્તા પર વગર હવાએ દોડતા ટ્રેક્ટરના કારણે બાજુમાંથી પસાર થતાં વાહનચાલકો ઉપર જીવનું જોખમ ઉભું થયું હતું. અને ટ્રેક્ટરની બાજુમાંથી પસાર થવામાં અનેક વાહનચાલકોના શ્વાસ અધ્ધર ચડી જાવા પામ્યા હતા.

જાગૃત નાગરિક ગૌતમ મકવાણા અને જગદિશ બાંભણીયાએ ટ્રેક્ટરને રોકી ડ્રાઈવરને પુછતા ઉડાવ જવાબ સાંભળવા મળ્યો હતો. વાહન પાછળ કોઈને અડી જાય તો..!! એમ પુછતા ડ્રાઈવરે જવાબમાં એમ થોડું અડે..એમ કહીને ટ્રેક્ટરને ફરી રસ્તા પર ફરી દોડાવા લાગ્યો હતો.

# 'શૌર્ય દિવસ' નિમિત્તે બજરંગદળ હળવદ દ્વારા મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો



ચક્રવાત ટીમ, તા.૭

૬,ડિસેમ્બર 'શૌર્ય દિવસ' નિમિત્તે ગઈ કાલે સાંજે વિહિપ-બજરંગ દળ હળવદ દ્વારા કોરોના મહામારીને લીધે મર્યાદિત સંખ્યામા લક્ષ્મીનારાયણ મંદિર ખાતે મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો હતો, દિરના મહંત દિપકદાસજી તેમજ પ્રદેશ બજરંગ દળના પ્રમુખ ભાવેશભાઈ ઠક્કરની ઉપસ્થિતમા આરતી ઉતારતા હળવદ બજરંગ દળના પ્રથમ (પૂર્વ) પ્રમુખ જીજ્ઞેશભાઈ રાવલ તસ્વીરમા નજરે પડે છે.આ પ્રસંગે જીલ્લા ભાજપના માજી પ્રમુખ બિપીનભાઈ દવે સહીત વિહિપ-બજરંગ દળના મુખ્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીની આર.ઓ. પટેલ મહિલા કોલેજની વિધાર્થિનીઓ યુનિવર્સિટી કક્ષાએ ઝળકી

ચક્રવાત ટીમ મોરબી, તા.૭

મોરબીની શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે હરહંમેશ અગ્રેસર એવી શ્રી કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ સંચાલિત આર.ઓ. પટેલ મહિલા કોલેજની **Bachelro of Computer Application**ની વિધાર્થિની જાકાસણિયા જીંકલબેન અમૃતલાલ એ યુનિવર્સિટી કક્ષાએ દ્વિતીય અને મોરબી જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી, તદુપરાંત્ત આદ્રોજા ઝલકબેન પ્રવીણભાઈ એ યુનિવર્સિટી કક્ષાએ નવમો ક્રમાંક તથા મોરબી જિલ્લામાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થા અને કોલેજ પરીવારનું નામ સમગ્ર જિલ્લામાં ગુંજતુ કર્યું છે. શિક્ષણનું માર્કેટિંગ નહીં પણ શિક્ષણનું જતન આ સંસ્થા અને કોલેજનો હંમેશને માટે મૂળમંત્ર છે. ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેની નવીનત્તમ પધ્ધતિઓ સ્વીકારવા




કોલેજનો સંપૂર્ણ સ્ટાફ હરહંમેશા પ્રયત્નશીલ રહે છે.

બન્ને વિધાર્થીનીઓને કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળના પ્રમુખ બેચરભાઈ હોથી, ઉપપ્રમુખ વલમજીભાઈ અમૃતિયા, કોલેજના પ્રિન્સિપાલ અશ્વિનભાઈ ગામી, કમ્પ્યુટર વિદ્યાશાખાના સર્વે સ્ટાફગણ તરફથી બન્ને વિધાર્થિનીઓને શૈક્ષણિક અને બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આવી જ ઉત્તરોત્તર ઉન્નતિ કરી પરિવારનું ગૌરવ વધારીને સમાજ તેમજ રાષ્ટ્ર ઉપયોગી કામગીરી કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી છે.

તંત્રીસ્થાનેથી......

# કોરોના વેક્સિન : અર્થતંત્ર માટે બુસ્ટર ડોઝ સાબિત થશે...!

દિવાળીના તહેવારોની સિઝન બાદ ગુજરાતમાં ઠંડીએ જોર પકડ્યું હતું જેમાં છેલ્લા બે દિવસથી ઠંડી ઘટી રહી છે અને સામે ગુજરાતમાં કોરોના બેકાબુ બની રહ્યો છે. દિપાવલી બાદ ભારતમાં અર્થતંત્ર ધીમે ધીમે પાટે ચઢી રહ્યું હતું ત્યાં ફરી ગુજરાતના કોરોનાએ માથું ઉંચકતા રાજ્યના મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂ લાદવો પડ્યો છે. માર્કેટમાં પણ હાલ મંદીનો માહોલ છે તેથી અર્થતંત્ર ગતિ પકડી શકતું નથી, હાલ ગુજરાતમાં કોરોના સંક્રમણની ગતિ જોતા ડરવું પડે તેવી સ્થિતિ છે. આવા માહોલ વચ્ચે અર્થતંત્ર માટે એક સારા સમાચાર આવ્યા છે જેમાં વિશ્વમાં કોરોનાને મહાત કરતી વેક્સિન ધીમે ધીમે સફળતા તરફ આગળ વધી રહી છે. વિદેશમાં તો આ વેક્સિન ૧૦૦% સફળ હોવાનો કંપનીએ દાવો કર્યો છે. ભારતમાં સ્વદેશી કોરોના વેક્સિન પણ સફળતા તરફ ગતિમાન છે અને આશાસ્પદ પરિણામો મળી રહ્યા છે. કોરોનાથી ત્રાહિમામ વિશ્વને કોરોના વેક્સિનની ખાસ જરૂર છે. હાલની પરિસ્થિતિ મુજબ કોરોના વેક્સિનથી લોકોના જીવ તો બચાવી શકાશે પરંતુ આ સાથોસાથ કોરોના વેક્સિન અર્થતંત્ર માટે પણ બુસ્ટર ડોઝ સાબિત થશે. હજુ તો માત્ર કોરોના વેક્સિન સફળ થયાના દાવા થઈ રહ્યા છે ત્યાં શેર બજાર ઊછળ્યું છે. જેમાં સેન્સેક્સ ૫૦૬ પોઈન્ટ ઉછળીને ૪૪,૬૫૫ પર અને નિફ્ટીમાં પણ ૧૪૦ પોઈન્ટનો વધારો થયો છે. જો કે શેરબજાર અર્થતંત્રની પારાશીશી નથી પરંતુ હાલ પરિસ્થિતિ મુજબ કોરોના વેક્સિન અર્થતંત્ર માટે બુસ્ટર ડોઝ બનશે તે નક્કી છે. હાલ સમગ્ર વિશ્વ પર કોરોના હાવી છે, ગ્રાહકો મનમૂકીને ખરીદી કરી શકતા નથી, ઉત્પાદકો પણ અસમંજસમાં છે. માર્કેટ પર કોરોના સંપૂર્ણ રીતે હાઉ છે. ભારતીય માર્કેટમાં સારી બાબત એ છે કે વ્યાપાર આર્થિક કટોકટી નથી, માર્કેટમાં માંગનો અભાવ પણ નથી. ભયના કારણે ગ્રાહકો માર્કેટમાં આવતા નથી જેથી માંગ એ ખરીદીમાં પરિણામથી નથી. આ કારણે જ અર્થતંત્ર મંદ લાગે છે. જેથી કોરોના વેક્સિનથી માર્કેટનો આ ભય દુર થતા જ માંગ ખરીદીમાં પરિણમશે જેથી દેશનું અર્થતંત્ર ધમધમતું થશે. કોરોના વેક્સિન મંદ બજારનો ઈલાજ બનશે. હજુ તો કોરોના વેક્સિન સફળ થયાનો દાવો થયો અને શેરબજારમાં કૂદાકૂદ થવા લાગી ! ખરેખર કોરોના વેક્સિનથી કોરોના મ્હાત થયાનું સાબિત થશે ત્યારે એકાદ વર્ષથી દબાયેલું વિશ્વનું અર્થતંત્ર સ્પ્રિંગની જેમ ઉછાળી તેવી સંભાવના નકારી ન શકાય.

યાકુબ બાહી
તંત્રી

# ‘Krossing ગર્લ’

રવિ વિરપરીયા

## પ્રકરણ ૬
## બંગલો નં ૧૦, રાજમાર્ગ.

“મારે રહેવા માટે પી.જી. કે હૉસ્ટેલમાં રૂમ જોઈએ છે.” હું બોલ્યો.

તેમણે મને સ્કૂલ, મારું ગામ અને બીજી વિગતો પૂછી. કમ્પ્યૂટરે જ્યાં સુધી રિઝલ્ટ ના આપ્યું ત્યાં સુધી તેની નજરો મને સ્કેન કરતી રહી. આખરે મને એક કાગળ આપ્યો. “તને ૧૦ જગ્યાના ઍડ્રેસ આપું છું. ક્યાંક તારો મેળ પડી જશે. આ બધી પ્લેસ મોસ્ટલી તારી સ્કૂલની નજીક છે. તારા નેચર અને ડિમાન્ડને સ્યુટેબલ છે. આમાંથી ક્યાંય ના ગમે તો એક અઘરી આઈટમનું ઍડ્રેસ લખી દઉં છું. એની પાસે જજે. તેની સાથે તારું ટ્યુનીંગ થઈ ગયું તો સમજી લેજે લાઈફ બની ગઈ.”

મેં લિસ્ટ અને ઍડ્રેસ લખેલો કાગળ હાથમાં લીધો. અને જવા માટે પગ ઉપાડ્યા.“૨૦૦ રૂપિયા આપો મહારાજ.” તેનો અવાજ સંભળાયો.

“૨૦૦ રૂપિયા...!” હું આશ્ચર્ય પામ્યો.પણ પૈસા આપ્યા વિના છૂટકો નહોતો.

“યસ, હું સૅફ અને પરફૅક્ટ સર્વિસ આપું છું પણ ફી માં નહીં. આ પ્લેસ અને પર્સનના ખજાનાને સતત અપડેટ રાખવા માટે મહેનત કરવી પડે છે. તું ફર્સ્ટ ટાઈમ આવ્યો એટલે રજિસ્ટ્રેશન ચાર્જ પણ એડ હતો. નેક્સ્ટ ટાઈમથી દરેક સર્વિસ માટે રૅટ બહુ રિઝનેબલ હશે. કોઈ ગર્લ્સ, ઈવન બોયસની પણ ઈન્ફોર્મેશન મળી રહેશે.તેના રુલ્સ થોડાક કડક છે.” તેણે પોતાની ટૅલેન્ટ પ્રદર્શીત કરતાં કહ્યું.

મેં આખું લિસ્ટ વાંચ્યું. પછી એક રીક્ષાવાળા જોડે ૫૦૦ રૂપિયામાં બધી જગ્યાએ જવાનું ઠેરવ્યું. અમે નીકળી પડ્યા. ત્રણ વાગ્યા સુધી તમામ જગ્યાની મુલાકાત લેવાઈ ગઈ.. પણ ક્યાંય મન ના માન્યું. અમુકનું લોકેશન ના ગમ્યું તો ક્યાંક લોકોનો સ્વભાવ, કોઈનો ભાવ બહુ વધારે હતો. વચ્ચે વધારાની ત્રણ-ચાર જગ્યા જોઈ. બધા ફક્ત પૈસા કમાવાનો ધંધો લઈને બેઠા હોય એવું લાગ્યું. સર્વિસના નામે સાવ મીડું.

હવે આ અઘરી આઈટમને મળીને પછી કૉકટેલ પાસે જવાનું નક્કી કર્યું. હું મૂંઝવણમાં હતો. કૉકટેલે આમ કેમ કહ્યું હશે ? ક્યાંય મેળ ના પડે તો જ આ જગ્યાએ જજે. એકવાર જઈ આવવું જોઈએ. આ આઈટમ કેટલી અઘરી છે એની ખબર તો પડે!


મેં ઍડ્રેસ વાંચ્યું. બંગલો નં. ૧૦ રાજમાર્ગ. અને ઍડ્રેસ મોબાઈલમાં સર્ચ કર્યુ.

કાકાની કીટલીથી ૧૦ મિનિટમાં ચાલીને પહોંચી શકાય તેમ હતું. હું ચાલતો ચાલતો ભગવાનને પ્રાર્થના કરી રહ્યો હતો, “પ્રભુ, કંઈક સેટિંગ કરી દેજે. હવે વધુ રખડવું ના પડે.” મને ક્યાં ખબર હતી હું જેને મળવા જઈ રહ્યો હતો એ વ્યક્તિ મારી લાઈફમાં વાવાઝોડાની જેમ ઍન્ટર થઈ બધું ઘમરોળી નાંખશે.

બંગલો નં. ૧૦, રાજમાર્ગ.

બે માળનો આ બંગલો કોઈ પુરાતન ઈમારતની યાદ અપાવતો હતો. તેની લાલ ઈંટોમાં શોખથી સજાવેલા સપનાંઓ જોઈ શકાતાં હતાં. આસોપાલવની ફરતી વાડ જાણે બંગલાને ઘેરી વળી હતી. વાંસની ઝાંપલી કલાત્મક કૃતિની જેમ રંગબેરંગી કલરથી ચીતરેલી હતી. દીવાલની બાજુની ક્યારી ફૂલોથી શોભતી હતી. અડધા ફળિયા માથે લીલીછમ વેલ છાપરાની જેમ પથરાયેલી હતી. બીજા માળની બાલ્કનીમાં હીંચકો હતો. પહેલા અને બીજા માળની વચ્ચે મોટા અક્ષરે લખેલું હતું – “જીવતું સ્વર્ગ”. હું ઝાંપલી ખોલી અંદર પ્રવેશ્યો. બારણે જઈ બેલ વગાડી..

દરવાજો થોડીવારે ખૂલ્યો. પચરંગી બૉક્સરમાં આશરે છ ફૂટ ઊંચો છોકરો મારી સામે ઉભો હતો. થોડા લાંબા વાંકડીયા વાળ, આછી દાઢી, આંખોમાં વાદળી ચશ્માં. એક હાથમાં સિગારેટ અને બીજા હાથમાં કાચના પ્યાલામાં કંઈક ડ્રીક્સ હતું. તેનો માંસલ પણ એકવડીયો બાંધો, કસરતથી એકદમ પરફૅક્ટ શેપમાં કસાયેલું શરીર.... કોઈ મૂવીના હીરો જેવો લાગતો હતો. બારસાંખને ટેકો લઈ પગની આંટી ચડાવીને તે ત્રાંસો ઉભો રહ્યો..




મારી સામે એક્ટિસે જોઈ ઘૂંટ પીતાં બોલ્યો. “શું વેચવા આવ્યો છે ? કોન્ડોમ્સ કે વાયેગ્રા ?”

મેં સ્તબ્ધ થઈ મારી સામે જોયું. ખભે સાદી બૅગ લટકતી હતી. બ્લેક પૅન્ટ અને ઈન-શર્ટ કરેલા ફોર્મલ વ્હાઈટ શર્ટમાં હું કોઈ કંપનીના સૅલ્સમેન જેવો લાગતો હતો. તેલ નાખીને વ્યવસ્થિત ઓળેલું માથું, પગમાં પાર્ટીવેરના બૂટ, હાથમાં રહેલી પ્લાસ્ટિકની બૅગ... દીદાર તો કંઈક એવા જ હતા !

“કદાચ તમારી કોઈ ભૂલ થાય છે. હું અહીંયાં કંઈ વેચવા નથી આવ્યો પણ પી.જી. તરીકે રહેવાનું પૂછવા આવ્યો છું. મને કાકાની કીટલીવાળા કૉકટેલભાઈએ તમારો કૉન્ટેક્ટ આપેલો.” હું બોલ્યો.

“વૉટ ધ ફક...” તે હસીહસીને બેવડો વળી ગયો. તેણે ગ્લાસમાં બાકી રહેલું ડ્રીક્સ પૂરું કર્યું, સિગારેટનો કસ લઈને પૂછ્યું, “કૉકટેલભાઈ!!... અબે આજના જમાનામાં કોણ આવી રીતે વાત કરે ? જો બકા, તું મને વધારે પડતો સંસ્કારી લાગે છે. મારા ઘરે પી.જી. માટે ઘણાએ ટ્રાય કરી છે. કોઈ ૧૦ દિવસથી વધારે ટક્યું નથી. રાજકોટમાં ઘણી સારી બોયસ્ ઈવન ગર્લ્સ હૉસ્ટેલ્સ પણ છે. તું ત્યાં જા. મારી સાથે રહીશ તો બૅડબોય બનતાં વાર નહીં લાગે, જે બનવાની તારી ઉંમર અને કેપેસિટી નથી.”

“કૉકટેલે કીધું હતું રાજકોટમાં તમારાથી અઘરી આઈટમ એક પણ નથી. મને ૧૦ દિવસ રહેવા દો. નહીં ફાવે તો પાછો ચાલ્યો જઈશ.” મારે ફઈના ઘરેથી બને એટલું વહેલું નીકળવું હતું.

તે કોઈને ફ્લાઈંગ કિસ આપી રહ્યો હતો. બેબ્સ, આજે રાત્રે નાઈન ઓ ક્લોક, એફ.બી.માં મળીએ. તારું વૉઈસ રેકૉર્ડિંગ સાથે લેતી આવજે. મેં પાછળ ફરીને જોયું. બાલ્કનીમાં ઉભેલી છોકરીએ હસીને થમ્સઅપનો ઈશારો કર્યો. મેં તે વિશાળ બિલ્ડિંગ તરફ નજર કરી. તેના ઍન્ટ્રી ગૅટની દીવાલ પર લખેલું હતું, “લાઈફ લાઈન ગર્લ્સ હૉસ્ટેલ”.

તેણે સિગારેટ બુઝાવી. કંઈક યાદ આવ્યું હોય તેમ બોલ્યો, “તું ઘરની અંદર જા. ટિપોઈ પર રુલ્સના લિસ્ટની ફાઈલ પડી હશે. વાંચી લે. હું દસેક મિનિટમાં આવું છું.” હું કંઈ પૂછું એ પહેલાં તો તે નીકળી ગયો.

મેઈન ડૉરમાં દાખલ થતાં ડાબી બાજુ વિશાળ હોલ હતો. જમણી બાજુ બે રૂમ હતા. રૂમની પાસે ઉપરના માળે જવા માટે સીડી હતી. સીધા ચાલી પાંચ પગથિયાં ચડો એટલે ડાબી બાજુ ડાઈનિંગ ટેબલ અને તેની બરાબર પાછળ રસોડું હતું. ડાઈનિંગ ટેબલની આગળના ભાગમાં પાંચ ફૂટ લાંબું અને બે ફૂટ પહોળું માછલીઘર હતું. અત્તરની સુવાસથી આખું ઘર મઘમઘી રહ્યું હતું. હોલમાં મીની થિયેટર જેવડી ટીવી સ્ક્રીન, હોલના ચારેય ખૂણે અને સ્ક્રીન નીચેના સ્ટેન્ડ પર થઈને કુલ દસેક જેટલા સ્પીકરો લાગેલા હતા. એક મોટા અને બે નાના સોફાના સેટ ગોઠવાયેલા હતાં. વચ્ચે મખમલી ગાલીચો પાથરેલો હતો. દીવાલ પર નાનામોટા ચિત્રો લગાડેલા હતા. હોલમાં ઠેર ઠેર બુક્સના ઢગલા પડ્યા હતા. બે ટેડી સોફા પણ આરામ ફરમાવવા માટે હતા. નાના સોફા પાસે ખૂણામાં ટિપૉઈ હતી. તેના પર એક બ્લૂ કલરની ફાઈલ હતી. હું સોફા પર બેસી એ ફાઈલ લઈ વાંચવા લાગ્યો.

હું જીવતા મડદા સાથે સંબંધ રાખતો નથી. અહીંના સ્વર્ગમાં જીવવા માટેના નિયમો :

★ સમાજ, સરકાર અને પરિવારે પ્રતિબંધ મૂકેલા તમામ કામો કરવાની અહીં છૂટ છે.

★ પ્રેમ, સેક્સ અને ભોજનની સૂગ ના હોવી જોઈએ.

★ ઘર છે એટલે શિસ્ત, સ્વચ્છતા અને સંસ્કારો માટે બહુ આગ્રહ ના રાખવો.

★ આ ‘જીવતું સ્વર્ગ’ છે. મરતાં પહેલાં દરેક ઈચ્છા જીવી લેવી.

મેં બીજું પાનું ફેરવ્યું. વધુ નિયમો માટે આગળ વાંચો. મેં પાછું પાનું ફેરવ્યું, તેમાં પણ આવું લખેલું હતું. આગળના પાનાઓમાં પણ આ જ લખાણ... મેં આખી ફાઈલ ફેરવી નાખી. છેલ્લા પાને લખ્યું હતું – “મૂરખના સરદાર”

“આ ઘર છે કાળા પાણીની જેલ નથી.”

હું હસી પડ્યો. મેં નક્કી કર્યું. ૧૨ સાયન્સ પૂરું નહીં થાય ત્યાં સુધીમાં કોઈ સંજોગોમાં આ ઘર નહીં છોડું. મેં ફાઈલ બંધ કરી. ઝડપથી ઉભો થઈને માછલીઘર પાસે ગયો. તે બરાબર મારી આંખોની સામે આવતું હતું, કેટલું સુંદર હતું. રંગબેરંગી માછલીઓ સ્વતંત્ર હોવા છતાં કેદ હતી. પવનની લહેરખીથી છતનું ઝૂમર ડોલતાં ખન...ખન...નો અવાજ આવ્યો. અહીયા બધું અલગ હતું. કોઈ અજબની શાંતિ અનુભવાતી હતી.

“શું લાગે છે તને ? તું રુલ્સ ફોલો કરી શકીશ ?” તેનો અવાજ મને વાસ્તવિકતામાં લાવ્યો.

“મને નથી ખબર. હું પ્રયત્ન કરીશ કેમ કે આટલી ફ્રીડમ મને હજુ કોઈ દિવસ મળી નથી. ક્યાંય ખબર ના પડે તો મને શીખવાડજો.” મેં કહ્યું.

“આઈ લાઈક યોર ડેરિંગ એન્ડ થોટ પ્રોસેસ. તારું મૅકઑવર કરવું પડશે. કાલે સવારે સામાન લઈને આવી જજે.” તેણે ઉપરના માળે જતાં કહ્યું.

“અહીંનું રૅન્ટ શું છે ? મારા પપ્પા બહુ પૈસાવાળા નથી.” મેં પૂછ્યું.

“તું મને સહન કરી શકે એમાં તારું રેન્ટ આવી જાય. આમ તો બધુ મફત હોવા છતાં કશું ફ્રી નથી કારણ ફ્યુચરમાં કોઈ દિવસ તારે આની બહુ મોટી કિંમત ચુકવવી પડશે. સી યુ, ટુમોરો મૉર્નિંગ ઍટ ૭ ઠ.દ્વ.” આટલું બોલી તે પોતાના રૂમમાં ચાલ્યો ગયો.

હું આખા રસ્તે વિચારતો રહ્યો. તે મને મફતમાં રહેવા દેવા શા માટે તૈયાર થયો હશે ? શું તે કોઈ ગેરકાનૂની પ્રવૃત્તિ કરતો હશે ? ચહેરા અને સ્વભાવ ઉપરથી તો એવો નથી લાગતો. જે હોય તે દસ દિવસમાં બધી ખબર પડી જશે. પરંતુ ફઈ અને ફુવાને શું કહેવું ? તેમને કેમ સમજાવવા ? સાચું કહીશ તો કોઈપણ સંજોગોમાં તે મારી વાત નહીં માને. આજના સમયમાં કોણ આવી મહેરબાની કરે ? મારે મારી કલ્પનાનો ચમત્કાર બતાવવો જ પડશે. (ક્રમશઃ)

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઇસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૦૮-૧૨-૨૦૨૦, મંગળવાર, નિજ કારતક વદ-૮, સૂર્યોદય-૭-૧૫, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્ર: પૂર્વા ફાલ્ગુની

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૨-૧૭થી ૧૩-૦૦, ૯-૫૭થી ચલ-લાભ-અમૃત-૧૩-૫૯ સુધી, ૧૫-૨૧થી શુભ-૧૬-૪૧ સુધી, ૧૯-૪૧થી લાભ-૨૧-૨૧ સુધી, ૨૨-૫૯થી શુભ-૨૪-૩૯ સુધી

**- શુભ હોરા-**

૯-૦૪ થી ૧૧-૪૫ સુધી, ૧૨-૩૯થી ૧૩-33 સુધી, ૧૫-૨૧થી ૧૮-૦૨ સુધી, ૧૯-૦૮થી ૨૦-૧૪ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.

» વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.

» મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.

» કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.

» સિંહ(મ.ટ.) :- અચાનક કોઇ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.

» કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

» તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.

» વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.

» મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.

» કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.

» મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

# મારૂં ભારત બદલી રહ્યુ છે, “લોકશાહીની વાસ્તવિકતાના દર્શન”



રાજ પ્રજાપતિ
બ્રહ્માસ્ત્ર

સન્માનિય ભારતવાસીઓ, અને વ્હાલા ગુજરાતીઓ, આજે આપણે આપણા નાગરીકત્વના અધિકારોની ચર્ચા કરીશું અને આજે આપણે લોકશાહીની વાસ્તવિકતાના દર્શન કરીશું, રાષ્ટ્ર અને રાજ્યોમાં લોકશાહીના નામે કોમવાદ અને જાતીવાદના આધારે રાજકીય પક્ષો, પક્ષના ઉમેદવારોને ચૂંટણી જીતાડીને ભ્રષ્ટાચારનું પ્રસાશન ચલાવી રહ્યા છે, ત્યારે આપણે વિચારવું જોઇએ.

કારણકે લોકશાહીના નામે ચાલતી માર્કેટીંગ એજન્સીઓ જેવા રાજકીય પક્ષો એકના એકના ઉમેદવારને ફરી ફરી મેન્ડેટ આપીને લોકશાહીની નૈતિકતા ભંગ કરી રહ્યા છે અને રાજકીય પક્ષો પાસે, પક્ષ ચલાવવાનું અને ચૂંટણીમાં આવતું નાણાંકીય ભંડોળ ક્યાંથી આવે છે ?, તે જાહેર કરતાં નથી તે ફકત બેહિસાબી અને કાળા નાણાં હોય છે, કાળા નાણાંથી રાજકીય પક્ષો અને ચૂંટણી પ્રચાર ચાલે છે આવા રાજકીય પક્ષોએ ભ્રષ્ટ ઉમેદવારોને સતા અપાવી છે ભ્રષ્ટાચાર માટે રાજકીય પક્ષો જવાબદાર છે,

આપણી લોકશાહીને આપણા દેશની પ્રજા સમજી શકી નથી, સમજી શકી નથી એટલે પચાવી શકી નથી, લોકશાહીમાં પ્રજાનું રાજ હોવું જોઇએ, લોકશાહી પ્રજાનો તાજ છે પરંતુ ભારતીય રાજનીતિએ લોકશાહીને હજી સુધી પ્રસ્થાપિત થવા દિધી નથી, પ્રજાના જનપ્રતિનિધિ તરીકે રાજકીય પક્ષના પ્રતિનિધિઓ પ્રશાસન ઉપર માલીકી ધોરણે સતા ભોગવે છે,

જનપ્રતિનિધિત્વમાં એકપણ રાજકીય પક્ષ સંવૈધાનીક નૈતિકતાનું પાલન કરતાં નથી બધા પક્ષો એકના એક નાગરીક અને તેના પરીવારના નાગરીકોને મેન્ડેટ આપીને પક્ષના અન્ય સભ્યોના અધિકારોનો ભંગ કરી સંવિધાનના અનુચ્છેદ ૧૪ અને ૧૯ નો ભંગ કરે છે આવા ઉમેદવારોને ફરી વાર મતદાન કરીને મતદારો પણ નૈતિક અધિકારોનો ભંગ કરે છે આથી દેશના સામાન્ય પ્રજાજનના મુળભૂત અધિકારોનું શોષણ થતું રહે છે,

કોમવાદ અને જ્ઞાતિવાદને આધારે રાજકીય પક્ષો મસલ્સ પાવર અને મની પાવર ધરાવતા પરીવારના નાગરીકોને રાજકીય પક્ષોના મેન્ડેટ આપી પ્રજા ઉપર વારંવાર ઉમેદવાર બનાવી મુકવામાં આવે છે એક એકના લોકોને બીજીવાર મતદાન આપવાથી લોકશાહી મુલ્યોનું હનન થાય છે,

એકના એક નાગરીકને જનપ્રતિનિધિત્વ માટે બીજીવાર મેન્ડેટ આપવું અને મતદારોએ તેને મતદાન આપવું તે રાજકીય પક્ષો અને મતદારો દ્વારા લોકશાહીની હત્યા સમાન છે,

રાષ્ટ્ર અને રાજ્યની પ્રજા લોકસભા અને વિધાનસભાઓ માટે મતદાન આપે છે પ્રશાસન વ્યવસ્થાઓમાં પોતાના વિસ્તારના એકા નાગરીકને જનપ્રતિનિધિ તરીકે નિમવા માટે મતદાન આપે છે પ્રજા રોજે રોજે ભરતા કરવેરાઓના જાહેર ભંડોળથી પ્રશાસનનું સંચાલન કરવા મતદાન આપે છે, મતદારો એકના એક પરીવારની અને એકના એક નેતાની ગુલામી કરવા માટે મતદાન આપતા નથી છતાં લોકશાહીના નામે ગુલામી ભોગવે છે

વિવિધ પ્રકારના રોજે રોજે કરવેરા ભરતા ભારતના નાગારીકોને કરવેરાઓની ગણતરી સમજાતી નથી, દરેક પગલે, દરેક ચીજ-વસ્તુઓ ઉપર કન્ઝ્યુમર ટેક્સ, રોડ-ટેક્સ, એક્સાઈઝ, ઈન્કમ ટેક્સ, સર્વીસ ટેક્સ, વગેરેની દૈનિક ગણતરીઓ કરવાની સમજણ આપના દેશના નાગરીકો શિખ્યા નથી,

પ્રજાના રોજે રોજ અને સતત ભરાય રહેલા કરવેરાઓથી કેન્દ્ર અને રાજ્ય સરકારના જાહેર ભંડોળની તીજોરીમાં અબજો રૂપીયાનો પ્રશાસન માટે વપરાશ કરવા માટે જે મતદાન આપવામાં આવે છે તે મતદાનની અંદાજીત કિંમત આકારી શકાય છે, મતનું મુલ્ય અંદાજીત મુલ્ય નક્કી કરી શકાય છે,

જે સતામંડળની ચૂંટણી હોય તે સતા મંડળના પાંચ વર્ષના અંદાજીત બજેટના રૂપીયાની સંખ્યાને તે સતામંડળના મતદારોની સંખ્યાથી ભાગાકાર કરવાથી તે ચૂંટણી માટેના મતની અંદાજીત કિમંત આકારી શકાય છે, મતદારનો મત અમુલ્ય ગણાવાય છે પણ તે અર્ધ સત્ય છે મતદાર પોતાના મતની કિમંત આકારી શકે છે

ઉ.દાપપ વિધાનસભાની પાંચ વર્ષના અંદાજીત બજેટની રકમને રાજ્યના મતદારોની સંખ્યાથી ભાગાકાર કરવામાં આવે તો વિધાનસભા ચૂંટણીના મતની અંદાજીત કિમંત નક્કી કરી શકાશે,

ગુજરાત વિધાનસભાનું વાર્ષિક નાંણાકીય બજેટ ૧૫ ટકાના દરે વધે છે ૨૦૧૫-૧૬ નું બજેટ ૧,૫૦,૦૦૦,૦૦૦૦૦૦૦ (એક લાખ પચાસ હજાર કરોડ) છે, આગામી વિધાનસભાના પાંચ વર્ષના બજેટનો અંદાજીત સરવાળો રૂ.૯,૨૦૦,૦૦,૦૦,૦૦૦ (નવ લાખ વીસ હજાર કરોડ) થશે, મતદારોની અંદાજીત સંખ્યા ૫,૮૩,૦૦,૦૦૦ હશે, તેથી તેનો ભાગાકાર કરવાથી એક મતની અંદાજીત કિંમત રૂ. ૧,૫૭,૦૦૦ આકારી શકાય છે, એક મતવિસ્તારમાં અંદાજીત ૨,૦૦,૦૦૦ મતદારો હોય તો એક ઉમેદવારની આશરે રૂ. ૩૨૦૦,૦૦૦૦૦૦૦ (બત્રીસો કરોડની જવાબદારીઓ આવે છે)

ભારતના દરેક નાગરીકે મતદાન કરતાં પહેલા ઉમેદવાર વિશે ખુબ ગંભીરતાથી વિચારવું પડશે, પોતાના કરવેરાઓનો દૈનિક હિસાબ કરતા અને નોંધ કરતાં શીખવુ પડશે, જે ઉમેદવારને મતદાન આપે છે તેને પોતાના કરવેરાઓના અબજો રૂપીયાની જવાબદારી કોને આપે છે તેનો વિચાર કરવો પડશે,

પ્રજા જે ચીજ વસ્તુઓની ખરીદી કરે છે તે ચીજ- વસ્તુઓ ઉપર કન્ઝ્યુમર ટેક્સ વસુલાય છે, ઓછામાં ઓછો ૪ ટકા થી ૩૯ ટકા સુધીનો ટેક્સ વસુલાય છે સરેરાશ ૧૫ ટકા કન્ઝ્યુમર ટેક્સ વસુલાય છે. પરંતુ ચીજો ઉપર કિંમતની સાથે કેટલા રૂપીયાનો ટેક્સ વસુલાયો છે તેની રકમનો આંકડો છાપવામાં આવતો નથી તેથી ભરપાઇ થયેલા કરવેરાનો હિસાબ નાગરીકો કરી શકતા નથી,

દરેક ચીજ વસ્તુઓ ઉપર સ્થાનીક માતૃભાષામાં કરવેરાની રકમ અલગથી છાપવામાં આવે તો દરેક નાગરીક અને દરેક પરીવાર રોજે રોજે ભરાતા કન્ઝ્યુમર ટેક્સનો ખર્ચ નોંધી શકે અને આવી રીતે માસીક,. વાર્ષિક અને પાંચ વર્ષના ભરાયેલા કરવેરાનો હિસાબ કરીને મતદાન કરતાં પહેલા પરીવાર દ્વારા સરકારમાં જમા થયેલા કરવેરાની રકમનો અંદાજ કરી શકશે,

કેન્દ્ર અને રાજ્ય સરકારની નૈતિક ફરજ છે કે અંદાજપત્રમાં કરવેરામાં જાહેર કરેલી ટકાવારીની આનાવારીની (ટેક્સ જંત્રી), આઇ.પી. સી. અને સી.આર.પી. તેમજ ભારતનું સંવિધાન દરેક પરીવારને નિશુલ્ક પુરા પાડવા જોઇએ, જમીન મહેસુલ અને બાંધકામોના અધિનિયમો અને નિયમો પુરા પાડવા જોઇએ, જેથી દરેક નાગરીક અને દરેક પરીવાર સમાજ અને રાજ વ્યવસ્થાઓમાં શિસ્તતાનું પાલન કરી શકે. આપણી રાજવ્યવસ્થાઓમાં પ્રશાસનીક વહીવટ વિજ્ઞાન (ૅદ્દીહિદ્બીહં ફ્દ્બૈહૈજંટ્ઠિંૈહ જષ્ઠીહષ્ઠી) નો અભ્યાસ ક્રમ શીખવાડવામાં આવતો નથી જેથી ભ્રષ્ટ અને અનૈતિક લોકો સતા ઉપર આવે છે, દરેક રાજ્યમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિનિયમો, વિધાનસભા અને લોકસભા સંચાલનના નિયમો અને કાર્યરીતીઓ, ઠરાવો, વટહુકમો, કાયદાઓ અને ધારાઓ ઘડવાની કાર્યવાહીઓ, સરકારી વિભાગોના વહિવટની કામગીરીઓ અને તેને લગતા નિયમો તેમજા રાજ્યસેવકોની જવાબદારીઓ તથા જાહેર નાણાંભંડોળના વર્ગીકરણા અને તેના સાર્વજનીક વપરાશની કાર્યરીતીઓના અભ્યાસક્રમો અને રાજ્ય એડમીનીસ્ટ્રેશનના સ્નાતક અનુસ્નાતકના અભ્યાસક્રમો ચાલુ કરાય તો રાજ્ય વ્યવસ્થાઓ અને જનપ્રતિનિધિઓમાં પારદર્શકતા અને પ્રમાણિકતા આપોઆપ આવી શકે છે,

રાજકીય પક્ષોને ઉદ્યોગપતિઓ અને અનેક ઉત્પાદક ગૃહો તેમજ ખનીજ વપરાશ કરતી કંપનીઓ પાર્ટીફંડ અને ચૂંટણી ફંડના અબજો રૂપીયા આપે છે તેથી રાજકીય પક્ષો પોતાની મરજી મુજબના કોમવાદી અને એકનાએક જ્ઞાતીવાદી ઉમેદવારો વારંવાર ઉભા કરીને પ્રજાને ગુલામ બનાવી રાખે છે,

સંગઠન ચલાવવા અને ચૂંટણીઓ જીતવા માટેના અબજો રૂપિયાનું નાણાં ભંડોળ કોઇ એકલ દોકલ સામાજીક સંગઠન ભેગુ કરી શકે નથી આથી પ્રમાણીક લોકોની હજારો સંસ્થાઓ હોવા છતાં પ્રમાણિક ઉમેદવારોને નાણાંભંડોળના અભાવે ચૂંટણીમાં જીતાડીને પ્રમાણીક શાસન લાવી શકાતું નથી, વિજય માલીયા, ગૌતમ અદાણી, રતન ટાટા, મુકેશ અને અનિલ અંબાણી જેવા અનેક ઉદ્યોગપતિઓ પાસે પોતાની મહેનતનો એકપણ રૂપીયો નથી, ૧૦-૧૫ બુધ્ધીશાળી લોકો ભેગા થઇને એક સમિતિ (બોર્ડ) બનાવી કંપની બનાવે છે મોટી બૅન્કોમાંથી પોતાની અમુક પ્રોપર્ટીના આધારે લોન લઇને સહિયારું નાણાં ભંડોળ ઉભુ કરીને પ્રોજેકટ લોન લે છે. વિવિધ બેન્કો પાસેથી લોનો લઇને બજારમાં કંપનીના લાખો શેર વેચીને અબજો રૂપીયાનું ભંડોળ ઉભુ કરીને કંપની ચાલુ કરે છે બેન્કોમાંથી લોન લીધી હોય તે પણ સામાન્ય નાગરીકોની બચતના પૈસા હોય છે અને શેર બજારમાંથી શેર વેચીને અબજો રૂપીયા મેળવે છે તે પણ સામાન્ય નાગરીકના પૈસા હોય છે

દરેક મોટા ઉદ્યોગપતિઓ પાસે રોકાણ કરેલો પોતાની મહેનતનો એકપણ રૂપીયો નથી, અદાણીની કંપનીઓ પ્રજા પૈસાની કંપનીઓ છે અંબાણીની કંપનીઓ પણ પ્રજાના પૈસાની કંપનીઓ છે, ટાટાની કંપનીઓ પ્રજાના પૈસાની કંપનીઓ છે, જેટલી કંપનીઓ શેર બજારમાંથી અને બેન્કોમાંથી લોન લઇને ચાલે છે તે બધી કંપનીઓ પ્રજાના પૈસાની કંપનીઓ છે આવી કંપનીઓ પ્રજાના પરસેવાથી ચાલે છે, આવી કંપનીઓને પબ્લીક બોન્ડથી કો-ઓપરેટીવ બનાવી ઉદ્યોગપતિઓની અબજોની આવકને પ્રજાની તીજોરીમાં લાવી શકાય છે, જો રાજકીય પક્ષો નાબુદ થાય તો અંબાણી અને અદાણી ટાટા જેવી ૧૦૦,૦૦૦ થી વધુ કંપનીઓ સરકારની કંપનીઓ બની જશે અને તેની આવક અને નફો રાજ્યની અને કેન્દ્ર સરકારની તીજોરીઓમાં જમા થશે, જેનાથી દરેક સીનીયર સીટીઝનને પુરતું પેન્શન આપી શકાશે, દરેક વિદ્યાર્થીને મફતમાં શિક્ષણ આપી શકાશે, દરેક બેરોજગારને રોજગારી ભથ્થુ આપી શકાશે, શિક્ષણ અને આરોગ્યની બધી સેવાઓ મફત કરવી હોય દરેક ગામડા અને શહેરોને હક્કિતમાં આધુનીક અને સુવિધાપુર્ણ કરવા હોય તો કંપની રાજ અને રાજકીય પક્ષોને ખત્મ કરવા પડશે, જુઠા બોલા નેતાઓ અને ધંધાદારી એજંસીઓ પાસે માર્કેટીંગ કરાવતા તેમજ બીજાને લખેલી સ્પીચ બોલનારા નેતાઓથી ભારત અને રાજ્યોની રાજ વ્યવસ્થાને મુક્ત કરવી પડશે. (ક્રમશઃ)

# નાલાસોપારા બન્યુ નાયજીરિયન નાગરિકોનો ગેરકાયદેસર અડ્ડો

## ગેરકાયદે ઘર ભાડે અપનારા માલિકો વિરુધ્ધ કારવાહી થશે

ચક્રવાત ટીમ ,મુબઈ ૬

નાલાસોપારા શહેર પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર નાયજીરિયન નાગરિકોનો અડ્ડો બન્યો છે.તુલિંજ અને નાલાસોપારા પોલિસ સ્ટેશન અંતર્ગત અંદાજે બે થી ત્રણ હજાર નાયજીરિયનો ગેરકાયદે રહેતા હોવાનું ચર્ચાય રહ્યુ છે.પોલિસના રેકોર્ડ પર ફક્ત ગણતરીના નાગરિકોની નોંધ હોવાનું બહાર આવ્યુ છે.લોકડાઉનના સમયગાળા દરમિયાન અનેક નાયજીરિયનો નાલાસોપારામા રહેવા આવ્યા છે.તેઓ વિરુધ્ધ કડક કારવાહી કરવાની માગણી સ્થાનિક રહેવાસીઓ દ્વારા કરવામા આવી છે.

નાયજીરિયન ગેંગ નાલાસોપારામા સક્રિય થતા તેઓ દ્વારા ડ્રગ્સ વેચાન ,છેતરપીંડી ,લોટરી સ્કિમ, વિનયભંગ જેવા ગંભીર ગુનાઓ તેઓ વિરુધ્ધ દાખલ કરવામા અવ્યા છે.નાલાસોપારા પૂર્વમા આચોલે ગામ,અલકાપુરી,મોરેગાંવ, ઓસવાલનગર, પ્રગતિનગર, રહેમત નગર તેમજ પશ્ચિમમા હનુમાન નગર વિસ્તારમા તેઓ ગેરકાયદે રહે છે.તુલિંજ પોલિસ સ્ટેશનમા ૧૯ તેમજ નાલાસોપારા પોલિસ સ્ટેશનમા બે નાયજીરિયન નાગરિકો રહેતા હોવાની નોંધણી થયેલ છે.કેટલાક નાયજીરિયનોએ ભારતીય મહિલાઓ સાથે લગ્ન કરીને અહિયા રહેવાની સગવડતા ઉભી કરી છે.મુંબઈમાડ્રગ્સ કેસમા છૂટકારો થયા બાદ તેઓએ અહિયા ધામો નાખ્યો છે.ઘરનું ભાડુ એકી સાથે રકમ અને વધારે ભાડુ મળતુ હોવાથી તેઓને ઘર આસાનીથી ભાડે મળી રહે છે.

તુલિંજ પોલિસ સ્ટેશનના પીઆઈ જયકુમાર સૂર્યવંશીએ જાણકારી આપતા જણાવ્યુ છે કે જે નાયજિરિયન નાગરિકોની પોલિસમા નોંધણી થયેલ નથી તેઓ એ ઘરમા રહે છી તેના માલિક અને દલાલ પર કારવાહી કરવામા આવશે.તેમજ શનિવારથી નોટિસ અપવાની કારવાહી ચાલુ કરવામા આવી છે. નાલાસોપારા પોલિસ સ્ટેશનના પીઆઈ વસંત લબ્ધે એ જણાવ્યુ છે કે પોલિસમા બે નાગરિકોની નોંધ છે જેઓ અનધિકૃતપણે રહે છે તેઓ વિરુધ્ધ કારવાહી કરવામા આવશે.તેમજ ઘર માલિક અને દલાલને નોટિસ આપી કારવાહી કરવામા આવશે.

# લાલબાગની આગમાં એક મહિલાનું મૃત્યુ : ૯ની હાલત ગંભીર

## ૮૦ ટકા દાઝી ગયેલા ૪ ને મસિનામા દાખલ કરાયા

ચક્રવાત ટીમ ,મુંબઈ ૭

લાલબાગના રાણે પરિવાર માટે પુત્રીના લગ્નના કાર્યક્રમમા હલદી કંકુના દિવસે લાગેલી આગ ગોઝારી પૂરવાર થઈ હતી.આ આગમા રાણે પરિવાર ઉપરાંત આજુબાજુના ફ્લેટમા પણ સિલિન્ડર બ્લાસ્ટને કારણે વિનાશ સર્જાયો હતો,અને ૧૬ જણા દાઝી જવાની સાથે ઈજા પામ્યા હતા.જેમાથી ૬૨ વર્ષીય મહિલા સુશિલા બાંગરેનું કેઈએમમા ઉપચાર દરમિયાન મૃત્યુ થયુ હતુ,જ્યારે અન્ય ૯ જણની હાલત પણ ગંભીર છે.દાઝી ગયેલામાના ૪ ની પ્રકૃતી વધુ દાઝી ગયા હોવાથી ભાયખાલાની બર્ન હોસ્પીટલ મસિનામા દાખલ કરાયા છે.સિલિન્ડર બ્લાસ્ટની તિવ્રતા એટલી હતી કે ઈમારત ઉપરાંત આજુબાજુના દુકાનોના કાચ પણ તૂટી ગયા હતા અને હવાના પ્રચંડ દબાણને કારણે ગલીના છેવાડા સુધી તેનો અવાજ પહોચ્યો હતો. ભાયંદરમા રહેતા અને વકિલાતનો વ્યવસાય કરતા હિમાંશુ કટિયારે વૈશાલી સાથે પ્રેમ લગ્ન કર્યા છે અને ૧૨ વર્ષની દિકરી છે.હિમાંશુની સાસુને હાર્ટ એટેક આવતા ૧૫ દિવસથી બોમ્બે હોસ્પીટલમા કોમામા છે .ડોકટરોએ હાથ ઉચો કરી દેતા હવે આગળ શુ કરવુ તે નક્કી કરવા વૈશાલીના લાલબાગના ઘરે અ ઈમારતાના ફ્લેટમા તેઓ ભેગા થયા હતા,સિલિન્ડર બ્લાસ્ટનો ભોગ તેઓ પણ બન્યા હતા જો કે પરિવાર દાઝી ગયો હતો.માસિના હોસ્પીટલના ડોકટરના જણાવ્યા મુજબ ત્રિશા ૫૦ ટકા, મમ્મી વૈશાલી ૮૦ ટાકા, મામા ૮૦ ટકા તેમજ અન્ય મામા પણ ૮૦ ટકા દાઝી ગયા છે.આ તમામની હાલત ગંભીર છે.


# પત્રકારોને પણ કોરોના નાબુદીની રસી આપવામા અગ્રતાક્રમ આપવા માંગણી

## ૪૩ પત્રકારોના મૃત્યુ,૪૦૦થી વધુ બાધિત થયા હતા

ચક્રવાત ટીમ, મુંબઈ ૭

દેશભરની સાથે મુંબઈમા પણ કોરોના નાબુદની રસી તૈયાર થઈ રહી હોવાનું તેમજ ટૂંક સમયમા તે ઉપલધ્ધ થશે તેવી માહિતી બહાર આવી છે,ત્યારે પોતાના જાનના જોખમે પત્રકારત્વનો ધર્મ નિભાવનારા પત્રકારોને પણ કોવિડ ૧૯ની રસી આપવામા અગ્રતાક્રમ આપવામા અવે તેવી માગણી એક નિવેદન દ્વારા પત્રકાર સંઘે મુખ્યપ્રધાન સમક્ષ કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરવામા અવ્યુ હતુ કે વૃધ્ધ તેમજ કોરોના યોધ્ધાઓને કોરોનાની રર્સી આપવામા પ્રાથમિકતા આપવામા આવે તેવી ચર્ચા સરકાર તમામ પક્ષો સાથે કરી રહી છે.ડોકટર,પેરામેડિકલ સ્ટાફ, પોલિસ, તેમજ જવાનોને કોરોના યોધ્ધામા ગણવામા આવે છે ત્યારે જાનના જોખમ પર ફીલ્ડ પર જઈ રિપોટીંગ કરનારા પત્રકારોને પણ કોરોના યોધ્ધા ગણવામા આવે અને તેમને અને તેમના પરિવારજનોને પણ કોરોનાની રસી આપવામા પ્રાથમિક્તા આપવામા આવે તેવી માગણી મૂક્ય પ્રધાન ઉધ્ધવ ઠાકરેને નિવેદન દ્વારા મરાઠી પત્રકાર પરિષદ દ્વારા કરવામા આવી છે. રાજ્યમા કોરોનાના કહેરમા ૪૩ પત્રકારો મૃત્યુ પામ્યા છે,જ્યારે ૪૦૦ થી વધુ પત્રકારોને કોરોના થયો હતો,આમાના કુટુબીજનો પણ ભોગ બન્યા હતા,મોટા ભાગના પત્રકારો ફિલ્ડ પર જઈ કામ કરતા હતા,તેથી સમાજ માટે સમાચારનું યોગદાન આપનારા પત્રકારો ફરી કોરોનાનો ભોગ ન બને ત્તે માટે તેમને પણ કોરોના યોધ્ધા ગણી તમામ પત્રકારોને કોરોના ન થાય તે માટેની રસી આપવામા અગ્રતાક્રમ આપવાની માગણી કરાઃ છે.

# ગુલાબો ઉર્ફે દિવ્યા ભટનાગરનું કોરોનાથી નિધન



ચક્રવાત ટીમ મુંબઈ,તા.૭

યે રિશ્તા ક્યા કહેલાતા હૈ ફેમ ગુલાબો ઉર્ફે દીવ્યા ભટનાગરનુ કોરોનાને કારણે નિધન થયું. દિવ્યાને નીમોનીયા થયો હતો આથી તેને શ્વાસ માં તકલીફ થતા ગ્રીર્કિહ ની એસ આર વી હોસ્પિટલ માં દાખલ કરાઈ હતી. ઓક્સિજન લેવલ ઘટી જતા તેને વેન્ટિલેટર પર રખાઈ હતી. જ્યાં આજે વહેલી સવારે તેનું નિધન થયું હતું.


# મુંબઈથી કોલ્હાપુર જતા હાઈ વે પર ફૂડ પેકેટના ટ્રકમાં આગ



ચક્રવાત ટીમ, મુંબઈ તા.૭

મુંબઈથી કોલ્હાપુર જતા હાઈવે પર ફૂડ પેકેટ લઈ જતી ટ્રકમાં પુલ ઉપર આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જેને લઈ ૪૫ થી વધુ મિનિટ ટ્રાફિક જામ થયો હતો. ફાયર બ્રિગેડ દ્વારા આગ ઓળવવામાં આવી ત્યાર બાદ પોલીસ દ્વારા ટ્રાફિક ક્લીયર કિરાયો હતો.

# દિલીપકુમારની તબિયત નાજૂક : ચાહકોને પ્રાર્થના કરવા પત્ની સાયરા બાનોની વિનંતી



ચક્રવાત ટીમ, મુંબઈ તા.૭

એક સમયે બોલિવુડના પડદા પર પોતાના આગવા અભિનયથી રાજ કરનારી ત્રિપૂટી દેવ આનંદ, રાજ કપૂર અને દિલીપકુમારમાથી ફક્ત યુસુફ સાબ એટલેકે દિલીપકુમાર જ હયાત છે,પરંતુ છેલ્લા ઘણા સમયથી તબિયત સારી રહેતી નથી, ત્યારે પત્ની સાયરા બાનોએ તેમના ચાહકોને વિનંતી કરી છે કે દિલીપ કુમારના સારા સ્વાસ્થ્ય માટે ઈશ્વરને પ્રાર્થના કરો, દિલીપકુમારની ઉંમર ૯૭ વર્ષ છે. ૧૯૬૬મા દિલીપ કુમાર ૪૪ વર્ષના હતા અને તેમની પત્ની સાયરા બાનો ૨૨ વર્ષની ,૫૪ વર્ષના લગ્ન જીવનમા પલકે ને પલકે સાયરા બાનોએ ત્તેમને અનહદ પ્રેમ કર્યો છે.હાલમા એક અખબારને આપવામા આવેલી મુલાકાતમા તેણીએ જણાવ્યુ હતુ કે હુ દિલીપ સાહબને જીવથી પણ વધુ પ્રેમ કરુ શુ,તેમના વગર જીવવાની કલ્પના અશક્ય છે,કોઈના દબાવમા નહિ પરંતુ પ્રેમને કારણે હુ તેમની સારસંભાળ રાખુ છે.તેમનો સ્પર્શ અને સાથ મારી માટે જીવનની સૌથી મોટી ખુશી છે,પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમનું સ્વાસ્થ સારુ રહેતુ નથી આથી હુ તમામ ચાહકોને વિનંતી કરુ છે કે તેમના સારા સ્વાસ્થ્ય માટે ઈશ્વરને પ્રાર્થના કરે.

# રાજકોટ ચેમ્બર્સ ઓફ કોમર્સની જાહેરાત : ભારત બંધમાં સમર્થન નહીં

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૭

કૃષિ કાયદાના વિરોધમાં કાલે ભારત બંધનું એલાન અપાયું છે. દરમિયાન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આ બંધના એલાનને ટેકો અપાયો ન હોય રાજકોટમાં કાલે વ્યાપાર-ઉદ્યોગ રાબેતા મુજબ ચાલુ રહેશે. વિશેષમાં રાજકોટ ચેમ્બર પ્રમુખ વી.પી.વૈષ્ણવે જણાવ્યું હતું કે, અમારી લાગણી ખેડૂતો સાથે છે જ અને સરકાર હકારાત્મક અભિગમ દાખવે તેવી માગણી પણ છે પરંતુ અમે ભારત બંધના એલાનના ટેકામાં નથી. આથી આવતીકાલે રાજકોટના વ્યાપાર-ઉદ્યોગ અને બજારો રાબેતા મુજબ ચાલશે.

# બોટાદમાં આમ આદમી પાર્ટી દ્વારા બાબા સાહેબ આંબેડકરની ફૂલહાર કરી શ્રદ્ધાંજલિ અપાઈ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૭

બોટાદ જિલ્લા અને શહેર આમ આદમી પાર્ટી દ્વારા આજ રોજ મહામાનવ,વિશ્વ વિભૂતી,સિમ્બોલ ઓફ નૉલેજ,ભારત રત્ન ડૉ.ભીમરાવ આંબેડકરજી નાં ૬૪માં મહાપરિનિર્વાણદિન નિમિત્તે બોટાદ સવગણ નગર ખાતે આવેલ આંબેડકરજી ની પ્રતિમાને ફૂલહાર કરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી સાથે જ આંબેડકરજી એ જે રીતે સમગ્ર જીવન સમાજ માટે અર્પણ કરી દીધું એ જ રીતે આવનારા સમયમાં આમ આદમી પાર્ટીનાં તમામ કાર્યકરો પણ સાચા અર્થમાં લોક સેવા કરી લોક હિતનાં કાર્યો કરી સેવા કાર્ય કરશે તેવી બાંહેધરી આપવામાં આવી.

આ તકે બોટાદ જિલ્લા અધ્યક્ષ શ્રી યોગેન્દ્રસિંહ જાડેજા, જિલ્લામહામંત્રી શ્રી કૌશિકભાઈ રાઠોડ, શહેર પ્રમુખશ્રી સુરેશ ભાઈ વાઝા, જિલ્લા યુવા મોર્ચા પ્રમુખશ્રી બકુલભાઈ સોસા, જિલ્લા યુવા મોર્ચા ઊપ પ્રમુખશ્રી સાગરભાઈ મકવાણા, મહિલા વૉર્ડ પ્રમુખ શ્રીમતિ મંજુબહેન, શ્રીમનુભાઈ ઝીણીયા (રિટાયર્ડ પી.આઈ), યુવા કાર્યકરો તેમજ એસ.સી.સમાજનાં યુવાનો બહોળી સંખ્યામાં ઊપસ્થિત રહ્યા હતા.

## કોસ્ટલ રોડની ટનલ માટે મશીન આવી પહોંચ્યું



મુંબઈમાં બનનારા કોસ્ટલ રોડ માટે નુ ટનલ ના ખોદકામ માટે નુ મશીન લવાયું છે. મલબાર હિલ થી ચોપાટી સુધી ના પ્રથમ ચરણ નુ કામ શરૂ થશે.મીડિયા ના પત્રકારો અને ર્ક્ષ્ક્ષિકીનિ આજે ડેમો દર્શાવાયું હતું.

# સોના-ચાંદીમાં નવા સપ્તાહના કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં નરમાઈ સાથે થયો

## કપાસ, કોટન, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાવત્રિક ઘટાડો: સીપીઓમાં સુધારાનો સંચાર: ક્રૂડ તેલ ઢીલું: પ્રથમ સત્રમાં રૂ.૧૦,૭૦૮ કરોડનું ટર્નઓવર

ચક્રવાત ટીમ, મુંબઈ ૭

મુંબઈઃ વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૯૨,૮૬૪ સોદામાં રૂ.૧૦,૭૦૮.૪૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં નરમાઈ સાથે થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન અને મેન્થા તેલના વાયદાના ભાવમાં સાવત્રિક ઘટાડો થયો હતો, જ્યારે સીપીઓમાં સુધારાનો સંચાર થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૧૧૪૦ સોદાઓમાં રૂ.૫૬૮૭.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૨૩૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૩૪૨ અને નીચામાં રૂ.૪૮૮૭૪ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૩ ઘટીને રૂ.૪૯૦૮૯ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૦ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૩૩૭ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૧૨ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭ ઘટીને બંધમાં રૂ.૪૯૦૭૫ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૩૬૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૯૩૩ અને નીચામાં રૂ.૬૨૩૮૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૬૭ ઘટીને રૂ.૬૨૯૪૬ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૮૬૬ ઘટીને રૂ.૬૨૯૨૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૮૫૪ ઘટીને રૂ.૬૨૯૨૩ બંધ રહ્યા હતા.

# ભારતીય આર્મીને પ્રોજેક્ટ રોશની હેઠળ સલામી અપાઈ



ચક્રવાત ટીમ, મુંબઈ ૭

આપણા દેશના મૂળ નાયક એવા ભારતીય આર્મીને સલામી આપવા માટે પ્રોજેકટ રોશની નામના કાર્યક્રમનું અયોજન કરવામા અવ્યુ હતુ.જેમા દેશના તમામ નાગરિકોએ ભારતીય આર્મીનો અભાર માનવા વિનંતી કરવામા આવી હતી.

સોશ્યલ રિસ્પોન્સીબીલીટી ફોરમ, એસબીએમેનએમઆઈએમએસ મુંબઈ અને બોમ્બે મિડટાઉન રોટરેકટ ક્લ્બ દ્વારા પ્રોજેકટ રોશનીનું આયોજન કરવામા આવ્યુ હતુ.આપણા જવાનો દેશના સિમાડાઓનું રક્ષણ કરે છે ત્યારે તેમના અને તેમના કુટુબીજનોના જીવનમા પ્રકાશ ફેલાવવાના ઉદેશથી અ કાર્યક્રમનું આયોજન કરવામાાવ્યુ હતુ. આ કાર્યક્રમમા તમામ વયના લોકોએ ભાગ લઈ અને સંદેશા તેમજ ચિત્રો દ્વારા સૈનિકોની કામગીરી દર્શાવી હતી.

# મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉઘાડી લુંટ



ચક્રવાત ટીમ મુંબઈ,તા.૭

દિલ્હી થી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવેલા મુસાફરો પાસે થી કોવિડ ૧૯ ટેસ્ટ કરાવવા ૧૪૦૦ રૂપિયા પર પેસેન્જર પાસે થી લેવા માં આવે છે એટલું જ નહિ આ ટેસ્ટ ખાનગી કંપની ને ર્ક્ષ્હિંક્ષ્ઠિં આપવામાં આવ્યો છે જે ૨૪ કલાક પછી રીપોર્ટ આપશે.ત્યાં સુધી મુસાફરો પણ જઈ શકે નહિ . આવા જ મુસાફરો એ મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે ને વિડિયો દ્વારા મેસેજ પાઠવી આ લુંટ બંધ કરવાની વિનંતી કરી હતી.

# આજના ભારત બંધ ખેડૂત આંદોલનને મહારાષ્ટ્ર સરકારનો ટેકો

## રાજકિય નહિ, લોકોએ સ્વયંભુ બંધ પાળવો જોઇએ

ચક્રવાત ટીમ ,મુંબઈ ૭

ક્રેન્દ્ર સરકારની કૃષી નિતી વિરુધ્ધ છેલ્લા ૧૨ દિવસથી ભુખ તરસ વેઠી દિલ્હીની સિમા પર ટાડતડકામા આંદોલન ચલાવી રહેલા હજારો કેડૂતોને ટેકો આપવા આવતી કાલે ૮મી ડિસેમ્બરે ભારત બંધનું રણશિગુ ફૂકવામા આવ્યુ છે,તેને મહારાષ્ટ્ર સરકારના ત્રણેય ઘટક પક્ષો શિવસેના, એનસીપી અને કોગ્રેસે ટેકો આપ્યો છે.જો કે શિવસેનાના નેતા સંજય રાઉતે જાહેર કર્યુ હતુ કે આ કોઈ રાજકિય બંધ નથી પરંતુ બળીરાજાને ન્યાય અપાવવા માટેની લડત છે.આથી મુખ્યપ્રધાને રાજ્યની જનતાને આવહાણ કર્યુ છે કે લોકોએ સ્વયંભુ બંધ પાળવો જોઈએ અને ખેડૂતોને ન્યાય અપાવવા યોગદાન આપવુ જોઈએ.

આવતી કાલના બંધને ખેડૂતોને સમર્થન આપવા શિવસેના ઉપરાંત કોગ્રેસ ,અનસીપી અને નાના રાજકિય પક્ષોએ પણ ટેકો જાહેર કર્યો છે.આપણે જ્યારે લોકડાઉનમા ઘરમા હતા ત્યારે ખેડૂતો ખેતરમા કામ કરતા હતા, એટલું જ નહિ દૂકાળ હોય કે સૂકાળ હંમેશા તેમણે તેમની ફરજ બજાવી છે ત્યારે તેમના સમર્થનમા આપણે પણ ઉતરવુ જોઈએ અને ખેડૂત વિરોધી નિતી પાછી ખેચાઈ યેવો પ્રયત્ન કરવો જોઈએ.એનસીપીના વડા શરદ પવાર પણ આ મુદ્દે રાષ્ટ્રપતિને મળવા જવાના છે અને ખેડૂતો અંગે યોગ્ય કરવા નિવેદન આપવાના છે ત્યારે થોડા વર્ષ પહેલા ખેડૂત વિરોધી નીતીને રાષ્ટ્રપતિને પત્ર લખનારા પવાર અંગેનો પ્રશ્ન સંજય રાઉતને પૂછતા તેમણે ત્યારની અને અત્યારની પરિસ્થિતી અલગ હોવાનુ જણાવી પશ્નનો ઉત્તર આપવાનું ટાળ્યુ હતુ. કોગ્રેસ દ્વારા પણ ખેડૂત આંદોલનને સમર્થન આપવામા અવ્યુ છે. તેમજ ક્રેન્દ્ર સરકારની ભેદભાવભરી નિતી વિરુધ્ધ મુંબઈ મહારાષ્ટ્ર સહિત દેશભરમા આંદોલનને સમર્થન આપવામા આવી રહ્યુ છે અને સર્રકારની નિતી વિરુધ્ધ નિવેદનો થઈ રહ્યા છે.ખેડૂત આંદોલન અને મુંબઈ સહિત મહારાષ્ટ્રના વેપારી વર્ગ અને એપીએમસી દ્વારા ટેકો આપવામા આવ્યો છે,ત્યારે સંભવતપણે મુંબઈમા આવતા અનાજ અને શાકભાજીના પૂરવઠાને પણ થોડી અસર થઈ શકો.આવતી કાલના બંધ બાદ ૯મી એ ક્રેદ્ર સરકાર સાથે ફરી એક બેઠકનું આયોજન ખેડૂત નેતાઓનું છે જો તે નિષ્ફળ જશે તો એક દિવસના બંધને તેઓ અનિશ્ચિત કાળ બંધનું એલાન કરી શકે છે.

# શિવસેના એમએલએ સરનાઈક વિરુધ્ધ ફરિયાદ કરનારા રમેશ ઐયર સામે પોલિસે ગુનો દાખલ કર્યો

## અમિત ચાંડોળેની વધુ પોલિસ રિમાંન્ડ આપવા કોર્ટનો ઈનકાર



ચક્રવાત ટીમ ,મુંબઈ ૭

શિવસેના એમએલએ પ્રતાપ સરનાઈક અને ચાંડોળે ઉપરાંત ટોપ્સ સિક્યુરીટીના સીઈઓ રાહુલ નંદા સામે ઈડીમા ફરિયાદ કરનાર ઐયર વિરુધ્ધ મુંબઈ પોલિસે આથિક ગોટાળાની ફરિયાદ કરતા કેસમા નવો વળાંક આવ્યો છે..એટલું જ નહિ આ મામલે હવે મુંબઈ પોલિસ અને ઈડી બંન્ને સામસામે આવી ગયા છે.પોલિસ ઐયર વિરુધ્ધ તપાસ કરશે તો ઈડી સરનાઈક અને ચાંડોળે . બીજી બાજુ ટોપ્સ સિક્યુરીટીના ૧૭૫ કરોડ રૂપિયાના બોગસ સ્કયુરીટી કૌભાંડમા ઈડી દ્વારા ધરપકડ કરાયેલા અમિત ચાંડોળેના વધુ રિમાન્ડ હાયકોર્ટે રિજેકટ કરી જેલ કસ્ટડી આપી હત્તી.આ કેસમા પ્રતાપ સરનાઈક અને તેમના પુત્ર વિહંગને ૧૦મીએ હાજર થવાનુ ઈડીએ સમન્સ મોકલેલ છે.આ પ્રકરણમા શિવસેના અને ક્રેન્દ્ર સરકાર બંન્ને એ એકબીજા સામે તપાસ એજન્સીનો ગેરઉપયોગ કરતા હોવાનો આક્ષેપ કર્યો છે.ક્રેન્દ્ર સરકાર હસ્તક ઈડી અવે છે જ્યારે મુંબઈ પોલિસ રાજ્ય સરકાર હેઠળ કામ કરે છે.

ટોપ્સ સિક્યુરીટીના સીઈઓ રાહુલ નંદાએ રમેશ ઐયર વિરુધ્ધ ફરિયાદ કરી છે અને ઐયરના આર્થિક ગોટાળાને કારણે કંપનીને આર્થિક નુકશાન સહન કરવુ પડ્યુ છે એમ જણાવ્યુ છે,બીજી બાજુ ઐયરે ઈડીમા ફરિયાદ કરી હતી કે ચાંડોલે હસ્તક સરનાઈકને નાણાકિય ફાયદો કરાય છે જેમા નંદાની પણ સાંઠગાઠ છે ,આ ફરિયાદને અધારે સરનાઈકના ઘર,ઓફિસ અને અન્ય ઠેકાણે રેડ પાડવામા અવી હતી.તેમજ ચાંડોળેની ધરપકડ થઈ છે.

# ડાબર દ્વારા સફોલા સામે ફરિયાદ : સાકર અને સિરનું મિશ્રણ થતું હતું

ચક્રવાત ટીમ ,મુંબઈ ૭

ડાબર દ્વારા મેરિકોની વિરુધ્ધ એએસસીઆઈમાં ફરિયાદ નોંધાવવામા આવી છે કારણકે બજારમાથી લેવાયેલા તેમના સફોલા હનીનું સેમ્પમ એનએમઆર ટેસ્ટમા નિષ્ફળ નિવડ્યુ હતુ.ટેસ્ટ રિપોર્ટમા સફોલા મધમા ચિની સિરપની હાજરી મળી અવી હતી.એનએમઆર ટેસ્ટમા ગ્રાહકોને ગેરમાર્ગે દોરવવામા આવતા હતા. ભારતીય ખાધ સુરક્ષા અને માનવપ્રાધિકરણ દ્વારા સ્પષ્ટ્તા કરવામા આવી હતી કે એસએમઆર જેવા વિશિષ્ટ્ર પરિક્ષણ હેઠળ ૨૨ જેટલા ટેસ્ટ કરવામા અવે છે,જેમા મધમા મિલાવટ કરાય હોય તો તેમજ સાકરનું પ્રમાણ પણ ખબર પડે છે. ડાબર દ્વારા એસએમઆર ઉપરાંત તમામ એફએસએસએઆઈ જેવા તમામ પરિક્ષણો પાસ કરાયા છે,આ ઉપરાંત થોડા થોડા સમયના અંતરે ડાબર અનેક ટેસ્ટ કરાવે છે જેથી તેમના ગ્રાહકોને સાકર અથવા સિરપ મિલાવટવાળુ મધનું વેચાણ થાય નહિ.હાલમા ડાબરનું એક્સપોર્ટ દુનિયામા ૧૫ થી વધુ દેશોમા કરવામા આવી રહ્યુ છે.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

# કોંગ્રેસ કોડીનાર સમિતિ દ્વારા ખેડૂત આંદોલન બાબતે સજજડ બંધનું એલાન




ચક્રવાત ટીમ કોડીનાર, તા.૭

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ધારાસભ્યશ્રી મોહનભાઈ વાળા, શહેર કોંગ્રેસ પ્રમુખ કૌશિકભાઈ ઉપાધ્યાય દ્વારા કોડીનાર બંધનું એલાન કરવામાં આવ્યું. તારીખ ૮-૧૨-૨૦૨૦ના રોજ ખેડૂતો દ્વારા ભારત બંધનું એલાન કરવામાં આવ્યું છે તેમજ ઘણા દિવસોથી ખેડૂતો દ્વારા દિલ્હી ખાતે ધરણા અને પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે તેમજ સરકાર સાથે ખેડૂત બિલના કાળા કાયદા વિરુદ્ધ ચર્ચા માં કોઈ નિરાકરણ ના આવતા તેના સમર્થનમાં કોંગ્રેસ સમિતિ કોડીનાર દ્વારા શહેર અને તાલુકા બંધનું એલાન કરવામાં આવ્યું. કોડીનાર ના ધારાસભ્ય મોહનભાઈ વાળા તેમજ શહેર કોંગ્રેસ પ્રમુખે આ અધિકૃત જાહેરાત કોંગ્રેસ કાર્યલયથી તેમના માધ્યમથી કરવામાં આવી છે.

# બોટાદ નગરપાલિકા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૧ અંતર્ગત બોટાદના વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધમાં ભાગ લેવા બદલ સન્માનિત કરાયા



ચક્રવાત ટીમ રાજેશ શાહ, તા.૭

બોટાદ નગરપાલિકાએ કોરોનાની મહામારીમાં સોશિયલ ડીસ્ટન્સની ગાઈડલાઈન મુજબ કાર્યક્રમની શાનદાર અને સુરક્ષા સહીત વ્યવસ્થા કરી હતી.

બોટાદ નગરપાલિકા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૧ અંતર્ગત બોટાદના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ દ્વારા તાજેતરમાં ન.પા.દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ, નાટક સ્પર્ધા, બેસ્ટ સફાઈ સ્પર્ધાઓનો ઈનામ વિતરણ તથા પ્રમાણપત્ર કાર્યક્રમ સોશિયલ ડીસ્ટન્સની વ્યવસ્થા સાથે આજરોજ નાનાજી દેશમુખ ઓડિટોરિયલ હોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપરોક્ત જણાવેલ વિવિધ સ્પર્ધઓમાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઈનામ ભેટ આપી સન્માનિત અને પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ જેશીંગભાઈ, પૂર્વ પ્રમુખ બીનાબેન મહેતા, શહેર ભાજપ પ્રમુખ ચંદુભાઈ, ચીફ ઓફિસર પટેલ સહિતના મહનુમાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ દ્વારા મોકડ્રિલ યોજવામાં આવી

## અસલાલી અર્બન સેન્ટરખાતે ફાયરસેફ્ટી ચકાસણી કરાઈ



ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૭

કોરોનામહામારી કોવિડ૧૯ પોઝિટિવ કેસોની સંખ્યામાં દિવસે ને દિવસે વધારો થતા અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એકપણ ર્ફ્ફેંદ્બ હોસ્પિટલ આવેલ ન હોવાથી દર્દીને તાત્કાલિક સારવાર મળે અને અહીં અકસ્માતના બનાવો બનતા લાંભા વિસ્તારમાં આવેલ અર્બન હેલ્થ સેન્ટર ખાતે લઈ જવામાં આવે છે જે સંદર્ભે મોકડ્રિલ નું આયોજન કરવામાં આવેલ સરકારશ્રીના ધારા ધોરણ મુજબ અહીં પૂરતા સાધનો છે જે હેતુથી અસલાલી પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રી પી.કે.જાડેજા સાહેબ અને પોલીસ સ્ટાફ તથા મેડિકલ હેલ્થ સેન્ટરના સ્ટાફ દ્વારા આ આયોજન કરવામાં આવેલ.

# જામકંડોરણામાં અનુસુચિત જાતિના લોકો દ્વારા મામલતદારને આવેદન

ચક્રવાત ટીમ, તા.૭

જામકંડોરણા તાલુકાનાં ચરેલ ગામે આજથી સાતેક માસ પહેલા થયેલ દલિત મહિલાની કરપીણ હત્યા અને ચરેલ ગામના સવર્ણ લોકો દ્વારા દલિત સમાજના લોકો પ્રત્યે રાખવા આવતો ભેદભાદ અને એ ગામનાં અમુક માથાભારે લોકોનાં ત્રાસ અને અત્યાચાર થી ત્રસ્ત થયેલ ચરેલ ગામનાં અનુસુચીત જાતીનાં લોકો પોતાની જન્મભુમી છોડી અન્ય સ્થળે હિજરત કરવા મજબુર થયેલ હતા . એ સમયે સરકાર દ્વારા અનુસુચિત જાતીના હિજરતી લોકોનાં પુનઃવસવાટ માટે બીજા ગામે જમીન અને રહેવાની વ્યવસ્થા કરી આપવા લેખીત ખાત્રીઓ સાથે વચનો આપવામાં આવેલ હતા . એ વચનોને આજે છએક માસ પુરા થવા છતા આ બાબતે કોઈ કાર્યવાહી ન થતાં આજે આ બાબતને લઈ મામલતદારશ્રી જામકંડોરણાને અનુસુચિત જાતીના લોકો દ્વારા આવેદનપત્ર આપવામાં આવેલ હતુ.

આજથી સાતેક માસ પહેલા જામકંડોરણા તાલુકાનાં ચરેલ ગામે એક કમકમાટી ભરી અને ખુબજ નિંદનીય કહી શકાય તેવી ઘટના બનવા પામી હતી . જામકંડોરણા તાલુકાના ચરેલ ગામની સીમમાં બે સહાય દલિત મહિલાઓ ઉપર એ યુવાન તુટી પડેલ . આ બનાવ દરમ્યાન ચંદ્રિકા નામની અનુસુચિત જાતીની મહિલાના માથાના ભાગે કોઈ બોથડ પદાર્થનો જોરદાર પ્રહાર કરતા ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું . આ ઘટના બાદ ચરેલ ગામના સવર્ણ લોકો દ્વારા દલિત સમાજના લોકો પ્રત્યે રાખવાં આવતો ભેદભાદ રાખવામાં આવતો હોય . તેમજ એ ગામનાં અમુક માથાભારે લોકોનાં ત્રાસ અને અત્યાચારથી ત્રસ્ત થયેલ ચરેલ ગામનાં અનુસુચીત જાતીના લોકો એ સમયે પોતાની જન્મભુમી છોડી અન્ય સ્થળે હિજરત કરવા મજબુર થયેલ હતા . આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ કેબીનેટ મંત્રીશ્રી જયેશભાઈ રાદડીયા અને રાજકોટના ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયાની મધ્યસ્થી સાથે તાલુકા - જિલ્લાના અધિકારીઓ દ્વારા સરકાર વતી અનુસુચિત જાતીના એ હિજરતી લોકોનાં પુનઃવસવાટ માટે બીજા ગામે જમીન અને રહેવાની વ્યવસ્થા કરી આપવા લેખીત ખાત્રીઓ સાથે વચનો આપવામાં આવેલ હતા . સરકારશ્રીના પદાધિકારી અને અધિકારીઓની ખાત્રીબાદ આ લોકોએ પોતાનું હિજરત આંદોલન મોકુફ રાખેલ હતું . એ અત્યાચારનો ભોગ બનેલા એ અનુસુચિત જાતીના લોકોને કેબીનેટ મંત્રીશ્રી - ધારાસભ્યશ્રી અને જિલ્લા - તાલુકાને જવાબદાર અધિકારીશ્રીઓએ આપેલ ખાત્રી સંબંધે આજે છએક માસ પુરા થવા છતા આ બાબતે કોઈ કાર્યવાહી ન થતાં આજે આ બાબતને લઈ મામલતદારશ્રી જામકંડોરણાને અનુસુચિત જાતીના લોકો દ્વારા આવેદનપત્ર આપવામાં આવેલ હતું . આ આવેદનમાં તેઓને નકકી થયા પ્રમાણે પુનઃવસન માટે જમીન ફાળવવા માંગ કરવામાં આવી છે . આવેદનપત્રમાં એમ પણ જણાવવામાં આવેલ છે કે અમારા આ પ્રશ્ન વહીવટી તંત્ર દ્વારા સતત ઉપેક્ષા થઈ રહી છે અને અમારી સમસ્યાનું સમયસર નિરાકરણ આવે તે માટે રાજય સરકારનાં એક પદાધિકારી કે અધિકારીઓ ચિંતીત ન હોય તેવું અમોને લાગે છે . જેથી આગામી તા.૨૧-૧૨-૨૦૨૦ને સોમવાર સુધીમાં આ બાબતે કોઈ યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો રાજકોટ કલેકટર કચેરી સામે અચોકસ મુદત સાથે પ્રતિક ઉપવાસ આંદોલન કરવાની ફરજ પડશે જેની ગંભીર નોંધ લેવા જણાવાયું છે .

# ધોરાજીમાં સી.સી રોડનું કામકાજ પૂર્ણ થતા ઉદ્ઘાટન કરવામાં આવ્યું



ચક્રવાત ટીમ ધોરાજી, તા.૭

રાજકોટના ધોરાજીમાં કાદિર બાવાથી શાકમાર્કેટ સુધીના સી.સી રોડનું કામકાજ પૂર્ણ થતા ધોરાજી-ઉપલેટાના એમ. એલ.એ વસોયાએ ધોરાજીના મુસ્લિમ આગેવાનો સાથે મળીને ઉદ્ઘાટન કર્યું હતું તેમજ રોડનું નથુશા બાવાનું નામ રાખીને નામકરણ કર્યું હતું આ પ્રસંગે ધોરાજીના ધારાસભ્ય લલીતભાઈ વસોયા નગરપાલિકાના પ્રમુખ ભાષા સાહેબત રફીક બાપુ કાસમભાઈ કુરેશી જબ્બર ભાઈ ના લગન મોસીન બાપુ મહેબુબભાઈ ખલીફા અલ્તાફભાઈ નુરમામદ ખલીફા રાજુભાઈ તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા મુસ્લિમ આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળમાં ત્રણ દિવસથી હજારો લિટર પાણીનો વેડફાટ



ચક્રવાત ટીમ વેરાવળ-સોમનાથ, તા.૭

વેરાવળ ના મુખ્ય એવા ટાવર ચોકમાં થોડા દિવસોથી પાણીની લાઈન લીકેજ થતા હજારો લિટર પાણી નો બગાડ થયેલ છે.

વેરાવળ શહેર ના ટાવર ચોક પાસે પાણી ની લાઈન લીકેજ થતા સતત વહેતા પાણી ના લીધે આજુબાજુ ના રોડ ઉપર પાણી ની નદીઓ ભરાતાં શહેરીજનો માં ભારે રોષ વ્યાપેલ છે.

શહેર ના મુખ્ય ચોક કે જ્યાં રોજ સેંકડો લોકો અને વાહનો ની અવરજવર થાય છે ત્યાં પાણી ની લાઈન લીકેજ થતા તંત્ર ની જવાબદારી ઉપર ઘણા સવાલો ઉભા થયા છે.

# ભારત બંધના એલાન સંદર્ભે રાજકોટ શહેર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

## ૪થી વધુ ભેગા થનારા સામે કાર્યવાહી કરાશે: પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૭

મંગળવારે ભારત બંધના એલાન સંદર્ભે શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે કડક બન્દોબસ્ત ગોઠવ્યો છે. સવારના ૭ વાગ્યાથી શહેરમાં પોલીસ ગોઠવાઈ જશે. 2 DCP , 6 ACP , PI , PSI ઉપરાંત ૨૦૦૦ જેટલા પોલીસ જવાનો અને ૪ જીઈ કંપની બંદોબસ્તમાં જોડાશે. કોઇ પણ લોકો જબરદસ્તીથી બંધ કરાવશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ૪ થી વધુ લોકો એકત્રિત થશે તો તેમના સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મુખ્ય માર્ગો તમામ ચેકપોસ્ટ પર સતત ચેકીંગ, પેટ્રોલિંગ હાથ ધરવામાં આવશે.

# જામનગર ખોડિયાર કોલોનીમાંથી બોગસ તબીબ ઝડપાયો



ચક્રવાત ટીમ જામનગર, તા.૭

જામનગર શહેર-જિલ્લામાંથી બોગસ ડોકટર પકડાવાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. શહેરના ખોડિયાર કોલોની વિસ્તારમાંથી ડિગ્રી વગર પ્રેકટીસ કરી લોકોની સારવાર કરી રહેલા બોગસ ડોકટરને એસઓજી પોલીસે પકડી પાડી ગુનો દાખલ કર્યો શહેરની વચ્ચો વચ્ચ ખોડિયાર કોલોની નીલકમલ, વાછરાડાડા મંદીર સામે રાણાભાઇ ગઢવીના મકાનમાં કોઇપણ જાતની મેડિકલ ડિગ્રી વગર દર્દીઓને તપાસીને સારવાર કરી દવા આપી રહેલા રજાક કરીમભાઇ ફકીર (ઉ.વ.૪૮) નામના શખસને એસઓજીએ પકડી પાડયો હતો તેની પાસેથી કોઇપણ પ્રકારની મેડિકલ ડિગ્રી ન મળી આવતા તેની સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# માસ્ક, સોશિયલ ડીસ્ટન્સ ભંગ અંગે ૨૯ સામે ફોજદારી કેસ



ચક્રવાત ટીમ જામનગર, તા.૭

જામનગર શહેર-જિલ્લામાં એક જ દિવસમાં માસ્ક, સોશિયલ ડીસ્ટન્સનો ભંગ કરનાર ૨૯ શખસો સામે ફોજદારી ફરિયાદ નોંધાઇ છે. શહેર તથા જિલ્લામાં કોરોના વકરે નહીં તે માટે જાહેરનામું અમલમાં છતાં માસ્ક વગર હરતા ફરતા, વાહનોમાં ૪ નો નિયમ હોવા છતાં વધુ મુસાફરો બેસાડતા, બિનજરૂરી કામ વગર માર્ગો પર આટાંફેરા કરતા શખસો, દુકાનો પર સોશિયલ ડીસ્ટન્સ ન જળવાતા દુકાનદારો મળી કુલ ૨૯ શખસો સામે પોલીસે જાહેરનામાં ભંગનો ગુનો નોંધ્યો છે.

# જામનગરમાં ઉજવાયો હોમગાર્ડ દિવસ




ચક્રવાત ટીમ જામનગર, તા.૭

જામનગરમાં પરેડ અને સ્વચ્છતા અભિયાન સાથે હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રકતદાન કેમ્પમાં હોમગાર્ડ ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક રકતદાન કર્યુ હતું. હોમગાર્ડઝ ભાઇ-બહેનોએ કોરોનામાં કરેલી કામગીરીને બિરદાવામાં આવી હતી. જામનગરમાં ૬ ડીસેમ્બરને રવિવારના હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દિવસ નિમિતે જિલ્લા હોમગાર્ડઝ દ્વારા કમાન્ડન્ટ સુરેશભાઇ ભીંડીની અધ્યક્ષતામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં એમ.પી.શાહ કોમર્સ કોલેજ કમ્પાઉન્ડમાં પરેડ અને સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.

જેમાં હોમગાર્ડઝ ભાઇઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જામનગર બ્લડ બેંકના સહકારથી યોજાયેલા રકતદાન કેમ્પમાં હોમગાર્ડઝ ભાઇ-બહેનોએ બહોળી સંખ્યામાં રકતદાન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા કમાડન્ટે હોમગાર્ડઝની નિષ્કામ સેવાની ભાવનાને ચરિતાર્થ કરવા હોમગાર્ડઝ ભાઇ-બહેનોને અનુરોધ કર્યો હતો. સાથે સાથે કોરોનામાં હોમગાર્ડઝ ભાઇ-બહેનોએ કરેલી કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શહેર યુનિટના અધિકારી રાજુ પાણખાણિયા, હરૂભા જાડેજા, વિજયસિંહ વાળા, હિતેશ જેઠવા, કમલેશ ગઢિયા, યજ્ઞેશ વ્યાસ, કૈલાસ જેઠવા, ભાવનાબેન અંબાસના, પુરોહિત હિમાશુ, જયેશ રાણાએ જહેમત ઉઠાવી હતી.

# જામનગરમાં ડૉ.ભીમરાવ આંબેડકરના ૬૪મા મહાનિર્વાણ દિવસે પુષ્પાંજલી કાર્યક્રમ યોજાયો



ચક્રવાત ટીમ જામનગર, તા.૭

ડોક્ટર આંબેડકરના કાર્યોને લોકોએ કર્યા યાદ જામનગર દેશભરમાં બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના ૬૪મા મહાનિર્વાણ દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે ત્યારે જામનગરમાં પણ અન્ન અને પુરવઠાપ્રધાન હકુભા જાડેજાએ ડૉ.આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી હતી, તો કોંગસ અને ભાજપના સ્થાનિક આગેવાનો તથા આમ આદમી પાર્ટીના કાર્યકરો પણ આ પુષ્પાંજલી કાર્યકમમાં ઉપસ્થિતિ રહ્યા હતા. દલિત સમાજ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી જામનગરમાં લાલ બંગલા સર્કલ પાસે આંબેડકર ચોક ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૪મા મહાનિર્વાણ દિન નિમિત્તે દલિત સમાજ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ડૉ. બાબાસાહેબના કાર્યો અને તેમની સેવાઓને યાદ કરતા ડૉ. બાબા આંબેડકર અમર રહોના નારાથી શહેર ગુંજી ઉઠ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમમાં કોવિડ ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું. તમામ લોકો માસ્ક પહેરી પુષ્પાંજલિ કાર્યક્રમમાં પહોંચ્યા હતા.

## લગ્ન કાર્યક્રમો અને ઈમરજન્સી સેવાને મંજૂરી.....

# ભારત બંધને લઈને કેન્દ્ર સરકારે જાહેર કરી ગાઈડલાઈન



ગુજરાતના ૨૫૦ ખેડૂતો બંધ ને સમર્થન આપવામાં માટે દિલ્હી આવશે.ખેડૂતોના જણાવ્યા પ્રમાણે ૮ ડિસેમ્બર ના દિવસે સવારે ૮ વાગ્યાથી ૩ વાગ્યા સુધી ભારત બંધ રાખવામાં આવશે.રાજેસ્થાન, હરિયાણા અને પંજાબના તમામ માર્કેટો બંધ રહશે. લગ્નના કાર્યક્રમો,એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવાઓને છૂટ આપવામાં આવી છે.

નવા કૃષિ કાયદાના વિરોધમાં છેલ્લા ૧૨ દિવસથી ખેડૂતો દિલ્હી બોર્ડર નજીક કાયદો રદ કરવા માટે આંદોલન કરી રહ્યા છે.ત્યારે ખેડૂતો દ્વારા ૮ ડિસેમ્બરે ભારત બંધની જાહેરાત કરવામાં આવી છે.ખેડૂતો દ્વારા ભારત બંધની જાહેરાતને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકાર દ્વારા નવા દિશા નિર્દેશ આપવામાં આવ્યા છે. તેમાં દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કાયદો જાળવી રાખવા માટે દિશા નિર્દેશ આપવામાં આવ્યા છે. કોરોનાની ગાઈડલાઈનું પાલન કરવું અને કોઈપણ અનિચ્છનિય બનાવના ન બને તેવા આદેશ આપવાનમાં આવ્યા છે.

ગુજરાતના ૨૫૦ ખેડૂતો બંધ ને સમર્થન આપવામાં માટે દિલ્હી આવશે.ખેડૂતોના જણાવ્યા પ્રમાણે ૮ ડિસેમ્બર ના દિવસે સવારે ૮ વાગ્યાથી ૩ વાગ્યા સુધી ભારત બંધ રાખવામાં આવશે.રાજેસ્થાન, હરિયાણા અને પંજાબના તમામ માર્કેટો બંધ રહશે. લગ્નના કાર્યક્રમો,એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવાઓને છૂટ આપવામાં આવી છે.

ખેડૂતોના આગેવાન બળદેવ સિંહ જણાવ્યું હતુ કે બંધ શાંતિપૂર્ણ રીતે કરવામાં આવશે.કોઈને હિંસા કરવાની પરવાનગી આપવામાં આવી નથી અને જે કોઈ હિંસા કરતા પકડાશે તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. અને ખેડૂત સંગઠન દ્વારા સરકારને ચેતવણી આપવામા આવી છે કે જો તેમની માંગો નહીં માનવામાં આવે તો પોતાનું આંદોલન વધુ તેજ બનાવમાં આવશે. દિલ્હી જવાના તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવશે. દિલ્હી બહાર જવાની કોઈને મજૂરી આપવામાં આવશે નહી.

ખેડૂતોના ભારત બંધને કોંગ્રેસ, ટીઆરએસ,દ્રમુક, શિવસેના, સમાજવાદી પાર્ટી, એનસીપી, ટીએમસી, આરજેડી, આપ અને વામદળો પોતાનું સમર્થન આપ્યું છે. દસ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ ભારત બંધને સમર્થન આપ્યું છે. આરએસએસ સાથે જોડાયેલા ભારતીય કિસાન સંઘ ખેડૂતો દ્વારા આપવામાં આવેલા બંધથી અલગ રહેવાની જાહેરાત કરી છે.

# સુરતમાં વેક્સિન વિતરણનો રોડમેપ તૈયાર, તૈયારીઓને આખરી ઓપ અપાયો

(જી.એન.એસ.)સુરત,તા.૭

કોરોના સંકટ વચ્ચે રસી બાબતે સારા સમાચાર મળવા લાગ્યા છે. કોરોનાથી બચવા હવે લોકોને એકમાત્ર રસીનો સહારો છે. ત્યારે અનેક કંપનીઓની વેક્સિને ટ્રાયલ તબક્કામાં સારી સફળતા મેળવી છે. તો ભારતમાં પણ દેશી વેક્સિન તૈયાર થઈ રહી છે. હવે ગમે ત્યારે વેક્સિન બજારમાં આવી શકે છે. તો વેક્સિનને સાચવવા માટે લોકો સુધી પહોંચાડવા માટે નેટવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે. સુરતમાં પણ મહાનગર પાલિકા દ્વારા વેક્સિન વિતરણની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

સુરતમાં અડાજણ હેલ્થ સેન્ટર ખાતે કોરોના વેક્સિન રાખવામાં આવશે. અહીં ૧૨૩૫ લીટર સ્ટોરેજ ક્ષમતા ઉભી કરવામાં આવી છે. તો અન્ય હેલ્થ સેન્ટર ખાતે ૫૭૬૦ લીટરની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ટ્વિટર પર અનિલ કપૂર અને અનુરાગ કશ્યપ આમને-સામને

(જી.એન.એસ.)મુંબઈ,તા.૭

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અનીલ કપૂર અને નિર્માતા અનુરાગ કશ્યપ વચ્ચે આજકાલ ટ્વિટર યુદ્ધ ચાલી રહ્યું છે. શરૂઆતમાં તો તેઓ મજાકની રીતે સામસામે વાતો કરતા હતા પરંતુ ત્યાર બાદ ધીમે ધીમે વાત ઉગ્ર સ્વરૂપ પકડી લીધું અને પછી તો તમામ હદ વટાવી દીધી છે. જોકે ફેન્સને એ ખ્યાલ નથી આવતો કે બંને વચ્ચે એવું તો શું બન્યું છે કે મજાક મજાકમાં તેઓ એક બીજા સામે આટલી ખરાબ રીતે વર્તન કરી રહ્યા છે. એમીની બેસ્ટ ડ્રામા સિરીઝનો એવોર્ડ જીત્યા બાદ જીંદગી ના મિલેગી દો બારાની શેફાલી શાહનું અનીલ કપૂરે તેના વેબ શો દિલ્હી ક્રાઈમ માટે હોલિવૂડમાં સ્વાગત કર્યું ત્યારથી આ વિવાદની શરૂઆત થઈ હતી. અનીલ કપૂરે લખ્યું હતું કે મેં તેને એક વાર કહ્યું છે અને બીજી વાર કહું છું કે આ માટે તે સંપૂર્ણપણે લાયક છે. દિલ્હી ક્રાઈમની ટીમને અભિનંદન. આખરે અમારા લોકોને આંતરરાષ્ટ્રીય ઓળખ મળી તેનાથી સારું લાગ્યું. કદાચ અનીલ કપૂરને ખબર ન હતી કે અનુરાગ કશ્યપ પ્રહાર કરવા માટે તૈયાર થઈને બેઠો હતો. અનીલ કપૂરની ટ્વિટ સામે અનુરાગ કશ્યપે તેના ઓસ્કાર નોમિનેશનની મજાક ઉડાવી હતી. તેણે લખ્યું કેટલાક લોકોના ઓસ્કાર નોમિનેશનને જોઈને સારું લાગ્યું. તમારો ઓસ્કાર ક્યાં છે? ના, અચાનક નોમિનેશન? અનીલ કપૂરે ત્યાર બાદ ઓસ્કાર એવોર્ડ સેરેમનીના ફોટો પોસ્ટ કર્યા હતા. તેણે લખ્યું હતું કે તમે ઓસ્કારની નજીક આવી ગયા છો. સ્લમડોગ મિલિયોનરને ટીવી પર ઓસ્કાર જીતતા જોઈ રહ્યા છો.

# આજે અંતિમ ટી-૨૦ : ભારત વાઈટવોશના ઈરાદે મેદાને ઉતરશે




(જી.એન.એસ.)સિડની,તા.૭

વન-ડે શ્રેણી ૨-૧થી ગુમાવ્યા બાદ ટી-૨૦માં ઘાયલ સિંહની માફક ત્રાટકનારી ટીમ ઈન્ડિયાએ ૨-૦થી આ શ્રેણી પોતાના નામે કરી લીધી છે. ત્રણ મેચ પૈકીના બે મેચ પૂર્ણ થઈ ગયા બાદ આવતીકાલે શ્રેણીની અંતિમ ટી-૨૦ મેચ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર બપોરે ૧:૪૦ વાગ્યાથી શરૂ થશે. 'ઔપચારિક' મેચમાં કોહલીસેના કાંગારુંઓના સુપડા સાફ કરવાના ઈરાદા સાથે મેદાને ઉતરશે. આમ તો પ્લેઈંગ ઈલેવન માં ફેરફાર થવાની સંભાવના નહીંવત્ છે છતાં ટેસ્ટ શ્રેણીને ધ્યાનમાં રાખી અમુક સિનિયર ખેલાડીઓને આરામ આપવામાં આવે તેવી શક્યતા નકારી શકાતી નથી.

જે રીતે પ્રથમ બે વન-ડેમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતની હાર થઈ હતી તેને જોતાં એવું લાગી રહ્યું હતું કે ટી-૨૦માં પણ કાંગારુઓનો ગજ વાગશે પરંતુ તેનાથી તદ્દન ઉલટું થવા પામ્યું છે. પ્રથમ ટી-૨૦માં ૧૬૧ રનનો સામાન્ય સ્કોર બનાવ્યા છતાં ભારતીય બોલરોએ કાંગારું બેટસમેનોને છેવટ સુધી બાંધી રાખી ૧૧ રને જીત હાંસલ કરી હતી તો બીજા ટી-૨૦માં ૧૯૫ રનના વિશાળ લક્ષ્યાંકનો આસાનીથી પીછો કરીને જીત મેળવી લીધી હતી. પ્રથમ મેચના હિરો રહેલા રવીન્દ્ર જાડેજાની ગેરહાજરીમાં બીજી ટી-૨૦ મેચ રમાઈ હતી પરંતુ હાર્દિક પંડ્યા, નટરાજન સહિતના ખેલાડીઓએ દમદાર પ્રદર્શન કરીને જાડેજાની ખોટ સાલવા દીધી નહોતી.

હવે આવતીકાલે ત્રીજી ટી-૨૦ મેચ રમાવાની છે ત્યારે તેમાં પણ પાછલી બે મેચ જેવું જ પ્રદર્શન કરીને ૩-૦થી શ્રેણી પોતાના નામે કરવાના મક્કમ ઈરાદા સાથે ટીમ ઈન્ડિયા મેદાને ઉતરશે. આ પહેલાં ન્યુઝીલેન્ડને પણ તેની જ ધરતી ઉપર ૫-૦થી હરાવી ભારતે ઈતિહાસ રચી દીધો હતો ત્યારે કાલની મેચમાં ઓસ્ટ્રેલિયા જેવી ધરખમ ટીમને તેના જ આંગણે ૩-૦થી હરાવી ફરી એક વખત ધૂમ મચાવવા ભારતના રણબંકાઓ મેદાને ઉતરશે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયન ટીમની વાત કરવામાં આવે તો બીજા ટી-૨૦માં કેપ્ટન આરોન ફિન્ચ ઉપરાંત ઘાતક બોલર જોશ હેઝલવુડ, મિચેલ સ્ટાર્ક સહિતના ખેલાડીઓ ગેરહાજર હોવાથી તેનો ફાયદો ટીમ ઈન્ડિયાને ભરપૂર મળ્યો હતો. દરમિયાન આવતીકાલની મેચમાં પણ આ ત્રણ ખેલાડીઓ રમે તેવી સંભાવના નહીંવત્ હોવાથી ભારતનું પલડું અત્યારથી જ ભારે થઈ ગયું છે.

# છોરી ફિલ્મના રોલ માટે રોજ હોરર ફિલ્મો જોતી હતી : નુસરત ભરૂચા



(જી.એન.એસ.)મુંબઈ,તા.૭

નુસરત ભરૂચા હાલ પોતાની ફિલ્મ 'છોરી'ના શૂટિંગને લઈને સુપર એક્સાઈટેડ છે. ફિલ્મ માટે તેની તૈયારી પણ એકદમ હાઈ છે. છોરીમાં પોતાના કેરેક્ટરને ન્યાય આપવા માટે નુસરતે એક પછી એક ૧૦ હોરર ફિલ્મ જોઈ. આ માટે તેણે ૧૦ દિવસનો સમય લીધો હતો. એક ઈન્ટરવ્યૂ દરમિયાન નુસરતે આ વાતની ચોખવટ કરતા કહ્યું કે, 'ફિલ્મની તૈયારી માટે મેં ગેટ આઉડ, ધ શાઈનિંગ, રોઝમેરિઝ, બેબી, ડોન્ટ બ્રીધ, અ ક્વાઈટ પ્લેસ, ધ રિંગ ઝૂ-ઓન, હેરેડિટ્રી, ઓમેન, વન મિસ્ડ કોલ, આઈટી, ડાર્ક વોટર અને અ ટેલ ઓફ ટુ સિસ્ટર્સ જોઈ. આ ફિલ્મો જોયા પછી એટલો ડર લાગ્યો જે હું ૧૦ દિવસ સુધી ઊંઘી શકી નહોતી. પરંતુ મને લાગે છે કે મારે મારા ચરિત્ર અને મારા પ્રેઝન્ટેશન માટે તે ડરને માઈન્ડ સ્પેસમાં બેસાડવાની જરૂર હતી.' નુસરતના અપકમિંગ પ્રોજેક્ટની વાત કરીએ તો તે સની કૌશલ અને વિજય વર્મા સાથે 'હુડદંગ'માં દેખાવશે. તેની પાસે ઓમંગ કુમારની ફિલ્મ 'જનહિત મેં જારી' પણ છે. થોડા દિવસ પહેલાં રાજકુમાર રાવ સાથેની તેની છલાંગ ફિલ્મ રિલીઝ થઈ છે. જેમાં દર્શકોને તેનું કામ ગમ્યું છે.

# મુંબઈનો જેહાન દારૂવાલા F-૨ રેસ જીતનાર પ્રથમ ભારતીય ડ્રાઈવર બન્યો




(જી.એન.એસ.)મુંબઈ,તા.૭

મુંબઈમાં રહેતા જેહાન દારૂવાલાએ એક ઈતિહાસ સર્જી દીધો છે. તે ફોર્મ્યુલા ટૂ રેસ જીતનાર પ્રથમ ભારતીય બની ગયો છે. ફોર્મ્યુલા ટૂ ચેમ્પિયન મિક શૂમાકર અને ડેનિયલ ટિકટુમ વિરુદ્ધ રોમાંચક મુકાબલામાં ૨૨ વર્ષનો ભારતીય સત્રની રેસમાં ટોપ પર રહ્યો. રેયો રેસિંગ માટે ડ્રાઈવિંગ કરી રહેલ જેહાને ગ્રિડ પર બીજા સ્થાનથી શરૂઆત કરી અને તે ડેનિયલ ટિકટુમની સાથે હતો. ટિકટુમે જેહાનને સાઈડમાં કરવાનો પ્રયાસ કર્યો, જેથી શૂમાકર બંન્નેથી આગળ નિકળી ગયો હતો.જેહાન ત્યારબાદ બંન્નેથી પાછળ રહી ગયો, પરંતુ તેણે હાર ન માની અને શાંત રહેતા પોતાની પ્રથમ એફઆઈએ ફોર્મ્યુલા ટૂ રેસ જીતી હતી. તેનો જાપાની સાથી યુકી સુનોડો બીજા નંબર પર રહ્યો, તે જેહાનથી ૩.૫ સેકેન્ડ પાછળ રહ્યો, જ્યારે ટિકટુમ ત્રીજા સ્થાને રહ્યો હતો. જેહાને કહ્યુ, 'મારે ભારતમાં પોતાના લોકોને સાબિત કરવુ હતુ કે ભલે આપણી પાસે યૂરોપમાં ડ્રાઈવરોની જેમ સમાન સુવિધાઓ ન હોય, પરંતુ જ્યારે તમે ખુબ મહેનત કરો તો ગ્રિડમાં મોડ પર સારો પડકાર આપી શકો છો.' જેહાન દારૂવાલા એ ભારતની સહારા ફોર્સ ઈન્ડિયા એકેડમીનો વિદ્યાર્થી છે અને અહીંથી જ તેના ટેલેન્ટને ધ્યાનમાં લઈને તેને ગયે વર્ષે ફૉર્મ્યુલા રેનોલ્ટ ૨.૦માં ફૉર્મ્યુલા કાર ચલાવવાની ટ્રેનિંગ માટે એક વર્ષનો કોન્ટ્રેક્ટ મળ્યો હતો. જેહાન દારૂવાલાને રેસિંગનો શોખ ગો કાર્ટિંગમાંથી લાગ્યો હતો.

# ટીવી એક્ટ્રેસ દિવ્યા ભટનાગરનું કોરોનાથી નિધન

(જી.એન.એસ.)મુંબઈ,તા.૭

છેલ્લા કેટલાક દિવસોથી વેન્ટિલેટર પર પોતાના જીવન માટે લડત લડી રહેલી અભિનેત્રી દિવ્યા ભટનાગરનું નિધન થયું છે. ટીવી સીરિયલ 'યે રિશ્તા ક્યા કહલાતા હૈ' માં 'ગુલાબો' ભજવનાર દિવ્યા કોરોના વાયરસનો શિકાર બની હતી, ત્યારબાદ તેને ગોરેગાંવની એસઆરવી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર તેને ન્યુમોનિયા હતો. દિવ્યાની હાલત નાજુક હોવાનું જણાવાયું હતું. તેનું ઓક્સિજનનું સ્તર ઘટી રહ્યું હતું, જેના કારણે તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. જીવન અને મૃત્યુ વચ્ચે ઘણા દિવસોથી વેન્ટિલેટર પર લડતા દિવ્યા હવે આ દુનિયાને કાયમ માટે અલવિદા કહી દીધું છે.

દિવ્યાની મિત્ર અને અભિનેત્રી દેવોલિના ભટ્ટાચારજીએ ઈન્સ્ટાગ્રામ પર એક મેસેજ લખીને દુઃખ વ્યક્ત કર્યું છે. તેણે લખ્યું છે કે કોઈ કોઈની સાથે નથી હોતું ત્યારે બસ તુ જ હોય છે. દિવું તુ તો મારી પોતાની હતી. તને ધમકાવી શકતી હતી. રિસાઈ શકતી હતી. દિલની વાત કહી શકતી હતી. મને ખબર છે જીંદગીએ તને બહુ દુખ આપ્યું છે. તું ખૂબ મુશ્કેલીમાં હતી. પરંતુ તુ સારી જગ્યાએ છે. જ્યાં દુઃખ, દર્દ, ચીટિંગ, ખોટા જેવું હોતું નથી. હું તને યાદ કરીશ દીવું અને તું પણ જાણે છે કે તને હું કેટલો પ્રેમ કરું છું અને તારી ચિંતા હતી મને, મોટી તુ હતી પણ નાની તુ જ હતી. ભગવાન તારી આત્માને શાંતિ આપે. જ્યાં તુ છે ત્યાં ખુશ રહે.

# ભારત-એની ઓસી. સામે પ્રેક્ટિસ ટેસ્ટ મેચ ઉમેશની ત્રણ વિકેટ, કેમરન ગ્રીને સદી ફટકારી



(જી.એન.એસ.)સિડની,તા.૭

ઓસ્ટ્રેલિયા સામે ચાર ટેસ્ટની સીરિઝ પહેલાં ટીમ ઈન્ડિયા-છ ૩ દિવસીય પ્રેક્ટિસ મેચ રમી રહી છે. આ મેચને ફર્સ્ટ ક્લાસ સ્ટેટસ આપવામાં આવ્યું છે. બીજા દિવસના અંતે ઓસ્ટ્રેલિયા-છની ટીમે ૮ વિકેટે ૨૮૬ રન કર્યા છે. યજમાન ટીમ ઈન્ડિયા-છથી ૩૯ રન આગળ છે. તેમના માટે પાંચમા ક્રમે રમવા આવેલા ઓલરાઉન્ડર કેમરન ગ્રીને ૧૭૧ બોલમાં ૧૦ ફોર અને ૧ સિક્સની મદદથી ૧૧૩★ રન કર્યા. ભારત માટે ઉમેશ યાદવે સર્વાધિક ૩ વિકેટ લીધી. ઓસ્ટ્રેલિયન ઓપનર્સ સસ્તામાં પેવેલિયન ભેગા થયા હતા. વીલ પુકોવ્સ્કી ૧ રને અને જો બર્ન્સ ૪ રને ઉમેશના શિકાર થયા હતા. વિકેટકીપર ટિમ પેને ૪૫, માર્કસ હેરિસે ૩૫, માઈકલ નેસરે ૩૩ અને નિક મેડીસને ૨૩ રન બનાવ્યા. ભારત માટે ઉમેશ ઉપરાંત રવિચંદ્રન અશ્વિન અને મોહમ્મદ સિરાજે ૨-૨ વિકેટ લીધી. ઓફ સ્પિનર અશ્વિન આજે ટોપ પહેરીને બોલિંગ કરતો જોવા મળ્યો હતો. તેના આ વીડિયોઝ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા હતા. સિડનીના ડ્રમમોયેન ઓવલ ખાતે ૨૩૭/૮થી દિવસની શરૂઆત કરનાર ઈન્ડિયા-છની ટીમે સ્કોરબોર્ડમાં ૧૦ રન ઉમેરીને ઈનિંગ્સ ડિક્લેર કરી હતી. કેપ્ટન અજિંક્ય રહાણે ૧૧૨ રને અણનમ રહ્યો. તેણે ૨૪૨ બોલની ઈનિંગ્સ દરમિયાન ૧૮ ફોર અને ૧ સિક્સ મારી. ઓસ્ટ્રેલિયા માટે જેમ્સ પેટિન્સને ૩ વિકેટ, માઈકલ નેસર અને ટ્રેવિસ હેડે ૨-૨ વિકેટ, જ્યારે જેક્સન બર્ડ અને માર્ક સ્ટેકેટીએ ૧-૧ વિકેટ લીધી.

# સારા અલી ખાનની અક્ષયકુમાર સાથેની ફિલ્મનું શૂટિંગ શરૂ




મુંબઈ,તા.૭

અક્ષય કુમારે સારા અલી ખાન તથા ધનુષની ફિલ્મ 'અતરંગી રે'નું શૂટિંગ શરૂ કર્યું હતું. આ ફિલ્મને આનંદ એલ રાય ડિરેક્ટર કરી રહ્યાં છે. અક્ષયે શૂટિંગના પહેલા દિવસની તસવીર શૅર કરી હતી. ઉલ્લેખનીય છે કે અક્ષય કુમારે સ્કોટલેન્ડ જઈને 'બેલ બોટમ'નું શૂટિંગ પૂરું કર્યું હતું. ત્યાંથી આવીને અક્ષયે 'પૃથ્વીરાજ'નું શૂટિંગ પતાવ્યું હતું.અક્ષય કુમારે સારા અલી ખાન સાથેની તસવીર શૅર કરીને કહ્યું હતું, 'લાઈટ્સ, કેમેરા તથા એક્શન શબ્દો જે ખુશી લઈને આવે છે તેની ક્યારેય તુલના થઈ શકે તેમ નથી. 'અતરંગી રે'નું શૂટિંગ શરૂ કર્યું. તમારા પ્રેમ અને શુભેચ્છાની જરૂર છે. સારાએ પણ આ જ તસવીર શૅર કરીને કહ્યું હતું, 'અતરંગી રે' વધુ રંગીન બની. અક્ષય કુમાર સાથે કામ કરવા બહુ જ ઉત્સાહી છું.'

વેબ પોર્ટલ પિંકવિલાના અહેવાલ પ્રમાણે, આનંદ એલ રાય પોતાની ફિલ્મ માટે લીડિંગ એક્ટરની શોધમાં હતા. આ રોલ સ્પેશિયલ તથા મહત્ત્વનો હતો. સૌ પહેલાં તેમણે રીતિક રોશનને આ રોલ ઓફર કર્યો હતો. જોકે, રીતિકે ફિલ્મમાં કામ કરવાની ના પાડી હતી. ત્યારબાદ આ રોલ અક્ષય કુમારને ઑફર કરવામાં આવ્યો હતો. અક્ષય કુમાર ડિરેક્ટર આનંદ એલ રાયને બહુ જ માન આપે છે અને તેથી જ તેણે આ રોલ તરત જ સ્વીકારી લીધો હતો. અક્કી માત્ર બે અઠવાડિયા જ શૂટિંગ કરશે. માત્ર ૧૪ દિવસના શૂટિંગ માટે અક્ષયને ૨૭ કરોડ રૂપિયા ફી આપવામાં આવશે. આ વર્ષએ ફિલ્મની જાહેરાત કરવામાં આવી અને માર્ચમાં વારાણસીમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થવાનું હતું. જોકે, કોરોનાને કારણે ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ શક્યું નહોતું. ઓક્ટોબર મહિનામાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં મુંબઈમાં ફિલ્મનું સેકન્ડ શિડ્યૂઅલ ચાલી રહ્યું છે.

# જ્હોન અબ્રાહમ બન્યો 'પેટા ઈન્ડિયાઝ પર્સન ઓફ ધ યર ૨૦૨૦'



મુંબઈ,તા.૭ :- પશુપ્રેમી અને કોઈ પણ પ્રકારના એનિમલ અબ્યુઝ વિરુદ્ધ બોલનારા જ્હોન અબ્રાહમને પીપલ્સ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ (PETA)ઈન્ડિયાઝે પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કર્યો છે. ઁઈછએ આ જાહેરાત પછી સ્ટેટમેન્ટમાં કહ્યું કે, દુનિયામાં ઘણા પક્ષીઓ પીડાય રહ્યાછે, તો ક્યાંક ક્રૂરતા સાથે ગલુડિયાને વેચવામાં આવી રહ્યા છે, જો કોઈ પશુ જોખમમાં છે તો અમે જ્હોન પર વિશ્વાસ કરી શકીએ છીએ કે તેઓ તેમને બચાવશે. જ્હોનને લોકો બાઈકપ્રેમી કહે છે, પરંતુ તેના કરતાં પણ વધારે ધ્યાન તેનું પશુઓ તરફ હોય છે. હાલમાં જ તેણે રિટેલર્સને એક લેટર લખ્યો હતો જેમાં જીવતા પશુઓનો વેપાર રોકવાની અપીલ કરી હતી. તેમણે સર્કસમાં પશુઓના ઉપયોગ અને પક્ષીઓને પાંજરામાં રાખવા વિરુદ્ધ પણ અભિયાન ચલાવ્યું હતું. થોડા દિવસ પહેલાં એક ઈન્ટરવ્યૂમાં જ્હોને કહ્યું કે, હું લોકોને મારી રીતે ટ્રીટ કરવાના પ્રયત્નો કરું છું. જ્યારે કોઈ બાળક શ્વાસને જોવે છે તો તે વિચારે છે કે આ બટકું ભરી લેશે. આ માનસિકતાને બદલવી પડશે.

# કિઆરા અડવાણી હિટિંગ બીગ....૧૦૦૦થી વધારે સ્ક્રીન પર 'ઈન્દુ કી જવાની' રિલીઝ થશે



મુંબઈ,તા.૪

આ વર્ષે લોકડાઉન પછી થિએટર્સમાં બીજી મોટી ફિલ્મ 'ઈન્દુ કી જવાની' ૧૧ ડિસેમ્બરે રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં કિઆરા અડવાણી છે. હાલમાં જ તેની ફિલ્મ 'લક્ષ્મી' ડિજિટલ પ્લેટફોર્મ હોટસ્ટાર પર રિલીઝ થઈ હતી. 'ઈન્દુ કી જવાની'ના મેકર્સે ફિલ્મ ૧ હજારથી પણ વધારે સ્ક્રીન પર રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યા છે. ફિલ્મની કો-પ્રોડ્યુસર મોનીષા અડવાણીએ આ વાતની પુષ્ટિ કરી છે. તેમણે એ પણ દાવો કર્યો છે કે, ફિલ્મ ઘણાં પ્લેટફોર્મ પર રિલીઝ થયા પહેલાં જ નફો મેળવી ચૂકી છે. કો-પ્રોડ્યુસર મોનીષાએ જણાવ્યું કે, ફિલ્મ માટે મલ્ટિપ્લેક્સ અને સિંગલ સ્ક્રીન તરફથી સારી ડિમાન્ડ આવી છે. તેઓ સુરક્ષાનું પણ ધ્યાન રાખી રહ્યા છે. 'સૂરજ પે મંગલ ભારી' પછી રોજ દેશના અલગ-અલગ વિસ્તારોમાં થિએટર્સમાં લોકો ક્વેરી કરી રહ્યા છે. કિઆરાએ ભલે ગણતરીની ફિલ્મો કરી હોય, પણ દર્શકો સાથે મેકર્સનો પણ તેના પર વિશ્વાસ વધ્યો છે. કિઆરાને અમે ત્યારે સાઈન કરી હતી જ્યારે 'કબીર સિંહ' અને 'ગુડ ન્યૂઝ' રિલીઝ થઈ નહોતી. વધુમાં મોનીષાએ કહ્યું કે, કિઆરા વિશે અમને પહેલેથી જ ખબર હતી કે તે સુંદર હોવાની સાથે ટેલેન્ટેડ પણ છે. આ ફિલ્મ હવે તેના પર આધાર રાખે છે. જો કે, આજની તારીખમાં પણ ટાઈટલ પર પ્રશ્નો થઈ રહ્યા છે. જો ટાઈટલ 'ઈન્દર કી જવાની' હોત તો કોઈ પ્રશ્ન ના કરત. લોકોને મજા આવત કે અહિયાં તો ઈન્દર એટલે કે યુવકની સ્ટોરી છે. તે ડેટ પર જઈ રહ્યો છે, ચાલો જોઈએ મજા આવશે. અહિ અમારી ઈન્દુ અને ઈન્દર એ બંને કિઆરા જ છે. કિઆરાએ યુવકોના ડેટિંગ અને અન્ય વિચારો તોડ્યા છે. કો-પ્રોડ્યુસરે કહ્યું કે, 'સૂરજ પે મંગલ ભારી' પછી કિઆરા આ ફિલ્મ પર પણ વર્ચ્યુઅલ પ્રિન્ટ ફી નહિ લે. ફિલ્મ ૧૦૦૦થી વધારે સ્ક્રીન પર રિલીઝ થશે. એટલે રિલીઝ કરવા પર આશરે ૧.૫ કરોડ રૂપિયા બચી જશે. આ ફિલ્મથી ગંદી નજરને સારી કરી શકાશે. હવે તો સોશિયલ મીડિયા સાઈટ પર પણ 'ભાભી' ટાઈપ કરીએ તો ખરાબ વીડિયોઝ આવી જાય છે. મોનીષાએ કહ્યું કે, આ ફિલ્મ ડિજિટલ પ્લેટફોર્મ પહેલાં થિએટર્સમાં રિલીઝ કરી રહ્યા છીએ. મેં પહેલાં કહ્યું તેમ અમે પહેલેથી જ ટેબલ પ્રોફિટમાં છીએ. તેવામાં બોક્સ ઓફિસની સરખામણીએ અમારો હેતુ વધારે લોકો સુધી પહોંચવાનો છે. થિએટર્સની રોનક ફરીથી પરત આવી જશે, અમે આ જ ઈચ્છીએ છીએ. અમને ટી-સિરીઝનો પણ સાથ મળ્યો છે. તેમની વાત ડિજિટલ પ્લેટફોર્મવાળાએ માની લીધી. કિઆરાનો શૂટિંગ સાથે સંકળાયેલો એક કિસ્સો પણ મોનીષાએ શેર કર્યો. લખનૌમાં રાતના સમયે બહુ ઠંડી હતી. આઉટડોર શોટ હતો. ત્યાં ઘણાં તીડ આવી ગયાં. તેને લીધે અમારે બે દિવસ શૂટિંગ રોકવું પડ્યું હતું. ત્રીજા દિવસે કિઆરાએ કહ્યું, તમે લોકો ભલે તમારા પર નેટ લગાવી લો, પણ મને શૂટ કરવા દો. કિઆરાએ આવું જ કર્યું. આ બધા કારણે જ ફિલ્મ હવે કિઆરા ભરોસે છે. મોનીષાએ કહ્યું કે, અમારા પ્રોડક્શનની 'ઈન્દુ કી જવાની' લોકોને જેટલું હસાવશે, તેટલું જ જ્હોન અબ્રાહમની અપકમિંગ ફિલ્મ 'સત્યમેવ જયતે-૨' રોમાંચ ઉત્પન્ન કરશે.

ચક્રવાત

### કૃષિ કાયદાઓ મુદ્દે કોંગ્રેસ દ્વારા માર્કેટિંગયાર્ડ ખાતે ધરણા પ્રદર્શન

# ભાજપ તેરી તાનાશાહી નહીં ચલેગીના સુત્રોચ્ચાર સાથે વિરોધ

રાજકોટ,તા.૭

રાજકોટ માર્કેટ યાર્ડમાં ધરણા પર બેસેલા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી હતી. રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં કોંગ્રેસ દ્વારા ૨થી ૮ ઓક્ટોબર સુધી ધરણાનો કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૃષિ બિલ અને સ્કૂલમાં ૨૫ ટકા ફી માફીના સરકારના નિર્ણયના વિરોધમાં કોંગ્રેસ દ્વારા સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે રાજકોટના બેડી માર્કેટ યાર્ડમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ધરણા પર બેસી ગયા હતા અને 'ભાજપ તેરી તાનાશાહી નહીં ચલેગી નહીં ચલેગી'ના સુત્રોચ્ચાર કર્યા હતા. આ કાર્યક્રમ કોંગ્રેસના હાર્દિક પટેલની આગેવાનીમાં યોજાઈ રહ્યો હતો. પરંતુ હાર્દિક પટેલ આવે તે પહેલા જ કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો સહિત ૫૦ની અટકાયત કરવામાં આવી હતી.

કૃષિ બિલ અને શિક્ષણ નીતિના વિરોધમાં રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં કોંગ્રેસ દ્વારા ૨થી ૮ ઓક્ટોબર સુધી ધરણાનો કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે કોંગ્રેસે પોલીસની મંજૂરી માંગી હતી પણ આપવામાં આવી નહોતી. મંજૂરી વગર જ ધરણા પર બેસી જતા પોલીસે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર, પ્રદેશ મંત્રી મનોજ રાઠોડ, વિપક્ષ નેતા વશરામ



સાગઠીયા, હિતેશ વોરા સહિત ૫૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના કોંગ્રેસના ધારાસભ્યો પણ જોડાવાના હતા.

કોંગ્રેસ બેડી માર્કેટ યાર્ડ ખાતે ધરણા કરે તે પહેલા જ પોલીસના ધાડેધાડા ઉતારી ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. બેડી માર્કેટિંગ યાર્ડ પોલીસ છાવણીમાં ફેરવાયું હતું. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગરે જણાવ્યું હતું કે, કૃષિ બિલ અને શિક્ષણ નીતિના વિરોધમાં અમે આજે ધરણા પર બેઠા હતા.જેમાં હાર્દિક પટેલ પણ જોડાવાના હતા. પરંતુ હાર્દિક પટેલ આવે તે પહેલા જ અટકાયત કરવામાં આવી હતી. અમારી માંગ પુરી ન થાય ત્યાં સુધી અમે ધરણા કાર્યક્રમ ચાલુ રાખીશું. ઉના-ગીરગઢડા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે વિવિધ પ્રશ્નોને લઈને ઉના ત્રિકોણ બાગ ખાતે ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો. કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપ વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. ઉનાના ધારાસભ્ય પુંજા વંશ સહિત ૪૦ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. ભાવનગરમાં પણ કૃષિ બિલ અને સ્કૂલમાં ૨૫ ટકા ફી માફીના નિર્ણયના વિરોધમાં કોંગ્રેસે વિરોધ કર્યો હતો.

# આજે રાજકોટ અને ગોંડલ માર્કેટયાર્ડ બંધ એશિયાનું સૌથી મોટું યાર્ડ ઉંઝા રાબેતા મુજબ ચાલુ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૭

કેન્દ્રના નવા કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હીની સરહદો પર કિસાનો દ્વારા સતત ૧૧ દિવસથી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે કિસાનો દ્વારા ભારત બંધનું આહ્વાન કરવામાં આવ્યું છે. કિસાનોના ભારત બંધને રાજકીય પાર્ટીઓ સહિત અનેક પક્ષોનું સમર્થન મળી રહ્યું છે. તો હવે કિસાનોના ભારત બંધને ગુજરાતમાંથી પણ સમર્થન મળી રહ્યું છે. વડોદરા બાદ હવે રાજકોટ માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોને ટેકો આપવાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાને રદ્દ કરવા માટે દિલ્હીની સરહદો પર છેલ્લા ૧૧ દિવસથી પ્રદર્શન કરી રહેલા કિસાનોએ આવતીકાલે એટલે કે ૮ ડિસેમ્બરે ભારત બંધની જાહેરાત કરી છે. તો ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોના ભારત બંધને ટેકો આપવામાં આવ્યો છે. આવતીકાલે બંન્ને માર્કેટિંગ યાર્ડ બંધ રહેશે. બીજી બાજુ ગુજરાતમાં દેશવ્યાપી બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યા છે. હાલ એક સમાચાર મળી રહ્યા છે કે ભારત બંધમાં એશિયાનું સૌથી મોટું ઊંઝા એપીએમસી માર્કેટ નહીં જોડાય. આવતીકાલે (મંગળવાર) ઊંઝા એપીએમસીમાં હરાજી ચાલુ રહેશે. ખેડૂતોનું આવતીકાલે ભારત બંધનું એલાન છે, ત્યારે વિવિધ ગંજબજારોમાંથી મિક્ષ પ્રતિસાદ મળી રહ્યો છે. આવતીકાલે ભારત બંધના એલાનમાં ઊંઝા એપીએમસી રાબેતા મુજબ કાર્યરત રહેશે. હરાજી પણ આવતીકાલે રાબેતા મુજબ જ થશે. આ સિવાય આવતીકાલે "ભારત બંધ'ના એલાનમાં વડોદરાનું હાથીખાના એપીએમસી બંધ રહેશે. ધી ગ્રેન મર્ચન્ટ એસોસિએશન બંધ પાળશે. ભારત બંધ એલાનને અનાજ વેપારીઓ દ્વારા સમર્થન મળ્યું છે. હાથીખાના એપીએમસી દ્વારા બંધને સમર્થન અપાયું છે.

## ફક્ત અમદાવાદમાંથી માસ્ક વગરના લોકો પાસેથી ૫ દિવસમાં ૯૭.૭૩ લાખનો દંડ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૭

રાજ્યમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધવાની ગુજરાત હાઈકોર્ટે પણ નોંધ લીધી હતી. જે બાદ હાઈકોર્ટે માસ્ક પહેર્યા વિના ફરતા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. જ્યાં સુધી વૅક્સીન ના શોધાય, ત્યાં સુધી માસ્ક જ કોરોનાથી બચવાનો એકમાત્ર ઉપાય હોવા છતાં અમદાવાદી બેદરકારી દાખવી રહ્યાં છે. જેના પરિણામે સંક્રમણ ફેલાવાનું જોખમ વધી રહ્યું છે. અમદાવાદ પોલીસે છેલ્લા ૫ દિવસમાં ૯૭૭૩ જેટલા લોકો માસ્ક વિના પકડાયા હતા. જેમની પાસેથી ૯૭.૭૩ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. અમદાવાદના પૂર્વ વિસ્તારના લોકો માસ્ક પહેરવાને ગંભીરતાથી નથી લઈ રહ્યાં. માસ્ક વિના ફરતા લોકોને ઝડપી પાડવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને કડક આદેશ છે. દિવાળીના તહેવાર બાદ ગુજરાતમાં કોરોના બેકાબૂ બન્યો છે. કોરોનાનું સંક્રમણ ફેલાતુ અટકાવવા માટે જરૂરી પગલા લેવા માટે તમામ પોલીસ અધિકારીઓને વિશેષ સૂચના આપવામાં આવી છે. જેમાં તમામ પોલીસ અધિકારીઓને માસ્ક પહેરવા, સેનેટાઈઝેશન અને સોશિયલ ડિસ્ટન્સના પાલન સહિત કોવિડ ગાઈડલાઈનનું પાલન કરાવવા માટે ખાસ સૂચના આપી હતી. ખાસ કરીને રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, એરપોર્ટ અને શાક માર્કેટમાં પોલીસ પોઈન્ટ ઉભા કરવાનો આદેશ આપ્યો હતો.

## રાજકોટ માર્કેટયાર્ડમાં અધધ... ૯૦૦થી ૧૦૫૦ સુધીના ભાવમાં ૧.૫૦ લાખ ગુણી મગફળીની આવક

(જી.એન.એસ.)રાજકોટ,તા.૭

રાજકોટ બેડી યાર્ડમાં મગફળીની બમ્પર આવક થઈ છે. બેડી યાર્ડમાં અત્યારે મગફળીની ૧.૫૦ લાખ ગુણીની આવક થઈ છે. ગઈકાલથી જ બેડી માર્કેટ યાર્ડ બહાર ૨ કિલોમીટર લાંબી લાઈન લાગી હતી. આજે માર્કેટ યાર્ડમાં મગફળીના ૯૦૦થી ૧૦૫૦ સુધી ભાવ બોલાયા હતાં. ખેડૂત આંદોલનના પગલે આવતીકાલે રાજકોટ અને ગોંડલ માર્કેટ યાર્ડ બંધ રહેશે. યાર્ડના દલાલ મંડળ દ્વારા આવતીકાલે ભારત બંધને લઈને યાર્ડ બંધ રહેશે તેવી જાહેરાત કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના મોટાભાગના યાર્ડ બંધમાં જોડાઈ તેવી શક્યતા છે.

રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં આજથી મગફળીની હરાજી શરૂ થઈ ગઈ છે. લાભ પાંચમ બાદ બીજી વખત મગફળીની મબલક આવક થઈ છે. જેથી આજે મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી વહેંચવા માટે ઉમટી પડ્યાં છે. યાર્ડ બહાર ૨ કિલોમીટર જેટલી લાંબી લાઈનો જોવા મળી હતી. ટેકાના ભાવ કરતા ખુલ્લા માર્કેટમાં સારા ભાવ મળતા હોવાથી મગફળીની બમ્પર આવક થઈ છે.

રાજકોટ માર્કેટ યાર્ડમાં ૨૦ કિલો મગફળીનો ભાવ ૯૦૦થી ૧૦૫૦ સુધી બોલાય રહ્યાં છે. ટેકાના ભાવે જે ખરીદી થાય છે તેના કરતા સારા ભાવ માર્કેટ યાર્ડમાં મળી રહ્યાં છે. ટેકાના ભાવે મગફળી વેચવામાં આવે તો એક કે બે મહિને ખેડૂતોને પૈસા મળે છે.

## ભાડા બોજ : રાજકોટથી અમદાવાદના એસ.ટી.ના ભાડામાં ચાર રૂપિયાનો વધારો

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૭

ગુજરાતમાં હાલ કોરોના વાયરસ બેકાબુ જોવા મળી રહ્યો છે. કોરોના વાયરસ મહામારીને લઈને ધંધા-રોજગાર પર અસર જોવા મળી છે. રાજ્યની જનતા એક તરફ કોરોના તો બીજી તરફ મોંઘવારીના માર વચ્ચે પીસાઈ રહી છે ત્યારે રાજકોટથી અમદાવાદ એસટી બસના મુસાફરો માટે ખરાબ સમાચાર આવ્યાં છે. રાજકોટથી અમદાવાદના એસટી ભાડામાં ૪ રુપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. રાજકોટ થી અમદાવાદ આવતા-જતા મુસાફરો માટે ખરાબ સમાચાર આવ્યાં છે. જેમાં એસટી વિભાગ દ્વારા ભાડામાં ૪ રુપિયા જેટલો વધારો કરવામાં આવ્યો



છે. રાજકોટમાં હાલ નવા બની રહેલા સિવિલ હોસ્પિટલના બ્રિજના કારણે બસના રુટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આમ નવા બની રહેલા બ્રીજના કારણે એસટી બસને ૪ કિલોમીટર જેટલું અંતર વધી ગયું. આમ એસટી નિગમ દ્વારા ૪ કિમીના અંતર વધવાથી ભાડામાં વધારો કર્યો છે. આમ એક તરફ મોંઘવારીમાં પિસાઈ રહી જનતા માટે 'સલામતીની સવારી, એસટી અમારી'માં ભાડું વધારી દેવામાં આવતા જનતા માટે ખરાબ સમાચાર આવ્યાં છે.

## ૧૯ વર્ષના યુવકે ગેમ રમવા માટે દાદીના ખાતામાંથી ૨.૭૧ લાખ સાફ કરી નાખ્યા

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૭

ઓનલાઈન ગેમિંગ રમવાની ટેવ ધરાવતા એક ૧૯ વર્ષના કિશોરની શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પોતાના દાદીના બેંક એકાઉન્ટમાંથી રૂ. ૨.૭૧ લાખની ચોરી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. ફરિયાદી ૫૭ વર્ષના નિમિષા શાહ ધરમનગરના સાબરપાર્ક સોસાયટીમાં રહે છે અને તેમનું બેંક એકાઉન્ટ મોબાઈલ નંબર સાથે લિંક કરાવેલું છે. પરંતુ કેટલાક સમયથી રિચાર્જ ન કરાવેલું હોવાથી નંબર ઈએક્ટિવ થઈ ગયો હતો. થોડા દિવસો પહેલા નિમિષા શાહને ધ્યાને આવ્યું કે તેમના બેંક એકાઉન્ટમાંથી ૨.૭૧ લાખ રૂપિયા વિડ્રો કરાયા છે અને આ પૈસાને યુપીઆઇ ટ્રાન્ઝેક્શન દ્વારા પે-ટીએમ એકાઉન્ટ તથા બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. તેમને એમ પણ જાણવા મળ્યું કે, મોબાઈલ નંબર જે રિચાર્જ ન કરવાના કારણે ઈનએક્ટિવ થઈ ગયો હતો, તે હવે ફરીથી ચાલુ છે. જ્યારે એકાઉન્ટમાંથી પૈસાને ૨૭ સપ્ટેમ્બરથી ૨૦ નવેમ્બરની વચ્ચે વિડ્રો કરવામાં આવ્યા હતા. તેમણે સાઈબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તપાસ દરમિયાન પોલીસના ધ્યાનમાં આવ્યું કે નિમિષા શાહનો બેંક એકાઉન્ટ સાથે લિંક હતો તે મોબાઈલ નંબર પૈસા વિડ્રો કરતા સમયે એક ચોક્કસ ડિવાઈસથી એક્ટિવેટ કરવામાં આવ્યો હતો. આ મોબાઈલ ડિવાઈસને આઇએમઈઆઇ નંબરથી ટ્રેસ કરવામાં આવ્યું અને પૈસા ઉપાડનાર વ્યક્તિ બીજું કોઈ નહીં પરંતુ પૌત્ર જ નીકળતા નીમિષા શાહના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.









Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)